
કુમાર

સંસ્થાપક • રવિશંકર મ. રાવળ • આદ્યતંત્રી • બચુભાઈ રાવત
વર્ષ ૬૭મું • નવેમ્બર ૧૯૯૦ • સળંગ અંક ૭૫૪

તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક



કેરાકોટનું
પ્રાચીન
શિવાલય
ફોટો :
રામસિંહજી
રાઠોડ



જનની અને જાતક (ફોટો : જગન મહેતા)

◁ કચ્છના પુરાવશેષોમાં કેરાકોટના શિવાલયનું સ્થાન આગવું છે. કહે છે કે પૂર્વે કપિલમુનિનો અહીં વાસ હતો. અને એથી આ સ્થળ કપિલગ્રામ કહેવાતું. લાખા ફુલાણીના જહોજલાલ શાસન કાળમાં તેણે અહીં મોટો કોટ પણ બંધાવેલો જેના પરથી કેરાઈકોટ અને કાળાંતરે કેરાકોટ નામે આ સ્થળ પ્રસિદ્ધ થયું. આ શિવાલય પણ તે સમયનું મનાય છે, જો કે બાંધણીની દષ્ટિએ આ મંદિર એથી યે પહેલાંનું ગણાય છે. તેના ઉત્કૃષ્ટ શિલ્પ-સ્થાપત્યને કારણે તેને ઘણી પ્રસિદ્ધિ મળી છે. સંવત ૧૮૭૫માં ભૂકંપને લીધે તેનો ઘણો ભાગ પડી ગયા છતાં આજે ભગ્નાવસ્થામાં બચી રહેલા અવશેષો તેની ભૂતકાલીન કલાસમૃદ્ધિના સાક્ષી પૂરે છે.

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૦-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર' નું વાર્ષિક લવાજમ હાલમાં રૂ. ૬૦.૦૦, પરદેશમાં હવાઈ માર્ગે ર. ૨૫૦ તથા આજીવન રૂ. ૬૦૦.૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી દસેક દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોની પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.

તમામ પત્રવ્યવહારનું સરનામું

કુમાર કાર્યાલય લિમિ., ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

'કુમાર'ના લવાજમમાં વધારો

૧૯૯૧થી 'કુમાર'ના લવાજમના દરમાં વૃદ્ધિ થશે. પરંતુ જેઓ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૦ સુધીમાં લવાજમ ભરશે તેમને રૂપિયા ૬૦ ભરવાના રહેશે. આપે આ લાભ લેવા તત્કાલ લવાજમ મોકલી આપવું જરૂરી છે.

સાંકળિયું

નવેમ્બર ૧૯૯૦
સળંગ અંક ૭૫૪

ચિત્રો

કેરાકોટનું મંદિર (ફોટો : રામસિંહજી રાઠોડ)	પૂઠું
જનની અને જાતક (ફોટો : જગન મહેતા)	મુખચિત્ર

કાવ્યો

વિલક્ષણ પ્રતીતિ (રાજેન્દ્ર શાહ)	૨૨૩
બે પૂર્ણિમા (ઉશનસ્)	૨૨૩
પ્રભાતિયું (શશિશિવમ્)	૨૨૩
આદમી (બેન્યાઝ ધ્રોલવી)	૨૨૩

ચરિત્ર

પ્રો. ફિરોઝ દાવર (કમલા પરીખ)	૨૨૪

વાર્તા

ચકલીઘર (યોસેફ મેકવાન)	૨૨૯
જવાબ આવ્યો (મનુભાઈ દેસાઈ)	૨૩૦

લેખો

આરોગ્યસૂત્ર (પુનર્વસુ)	૨૩૦
પૈસો કદી જેલમાં જતો નથી (વિનોદ ભટ્ટ)	૨૩૧
કથાસરિત્સાગર (કનુભાઈ જાની)	૨૩૩
ઈશાવાસ્ય ઉપનિષદ (રાજેન્દ્ર શાહ)	૨૩૬
ફિંગર લેક્સ વિસ્તાર-હજી હજી (ભોળાભાઈ પટેલ)	૨૩૭
ગ્રીપ · સ્ટાન્સ · ગાર્ડ · એકાગ્રતા (કુમારપાળ દેસાઈ)	૨૪૧
અંગ્રેજી સાહિત્યનું આચમન (ડૉ. મધુસૂદન પારેખ)	૨૪૩
ભારત-રત્ન (ભરત'કુમાર' પ્રા. ઠાકર)	૨૪૫

વિભાગો

વાચકો લખે છે...	૨૨૨
કલાવાર્તા (મધુભાઈ ચાંપાનેરીઆ)	૨૪૦
સાહિત્યસંપર્ક (પાઝ, પૅટ્રિક વ્હાઈટ, અવલોકનો)	૨૪૭
માધુકરી (પિંગળશી ગઢવી, મોરાવિઆ)	૨૫૦
છેલ્લું પાનું	૨૫૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૬૦, પરદેશમાં રૂ. ૨૫૦

છૂટક નકલ રૂ. ૬-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે...

'કુમાર' ફરી શરૂ થયું. અંકો મળ્યા. ખૂબ જ આનંદ થયો. અત્યારના નાજુક સંજોગોમાં કુમાર-કુમારિકાઓમાં સાહસવૃત્તિ, સહનશીલતા, નૈતિકતા, વિનયવિવેક, નમ્રતા વગેરે જીવનનાં જરૂરી મૂલ્યાંકનો ઓછાં થતાં જાય છે તેમાં 'કુમાર' કેડીરૂપ બને તેવા અંકો બનાવો તેવી શુભેચ્છા. -વસંતરાય દ. શેઠ (પાલીતાણા)

હાર્દિક નૂતન વર્ષાભિનંદન.

થોડા દિવસ પહેલાં 'કુમાર'નો અંક મળ્યો. સં. ૧૯૮૦ના પોષ માસમાં (જાન્યુ. ૧૯૨૪માં) 'કુમાર'નો પ્રથમ અંક મળ્યો તે કરતાં પણ આજે વિશેષ આનંદ થાય છે. આ ઉંમરે પણ તેનો વિયોગ અસહ્ય થઈ પડ્યો હતો...તેનું ફરી મિલન થતાં કેટલો હર્ષ થયો હશે તે કલ્પી શકશો.

-દિનકરરાય કા. (ભાવનગર)

'કુમાર' ચાલુ થઈ ગયાનું જાણી ઘણો જ આનંદ થયો. અમારા જેવી જૂની પેઢીએ 'કુમાર'નું સારું એવું વાંચન કરેલ હતું. ધન્યવાદ.

-મનસુખલાલ જાની (મુંબઈ-૮)

'કુમારે' મારું જીવનઘડતર કર્યું છે.

-જયંતિલાલ ચોકસી (દાહોદ)

ઘણા લાંબા સમય પછી ફરી 'કુમાર'ને જોઈ આનંદ થયો.

છેલ્લા પાના પરની કાવ્યકંડિકાની બીજી લીટી ' દેવી લેવી તો ન શે સૌએ સ્મિતે વિદાય'માં અર્થ બેસતો નહોતો...'શે' ઉપર અનુસ્વારની ગેરહાજરીથી અર્થ સમજાતો ન હતો એમ વિચાર કરતાં લાગ્યું. આ ઉપરથી અનુસ્વારના ઉપયોગ વિષે અગાઉ 'કુમાર'માં એક 'અનુસ્વાર' અષ્ટક છપાયું હતું. તે ફરી પ્રકટ કરશો તો આજના નાગરિકોને ઉપયોગી થશે.

'કુમાર' પ્રગતિના પંથે આગળ વધે એ જ શુભેચ્છા. -રમણભાઈ દેસાઈ (મુંબઈ-૨)

નવા વર્ષની શુભકામના સાથે, 'કુમાર'નું પ્રકાશન ફરી ચાલુ થવા બદલ અભિનંદન. મારે 'કુમાર'ના જૂના અંકો કાઢવાના છે. સરનામું :

યોગેશ ઠક્કર, પ્લોટ નં.૨૨૯, ફ્લેટ નં. ૮, 'સુશીલા', શેરે પંજાબ સોસાયટી, મહાકાલી રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૩.

-યોગેશ ઠક્કર

'કુમાર'ના (અંક ૭૫૨)માં માધુકરીમાં "એક ઊગતી ગણિતપ્રતિભા" વાંચીને ગુજરાતી પત્રકારિત્વમાં સમાચાર આપતાં પહેલાં તે અંગે યોગ્ય સંશોધન કરવાની વૃત્તિના અભાવનાં દર્શન થયાં.

જુલાઈમાં બૈજીંગ ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રિય ગણિતસ્પર્ધામાં અમેરિકન ટીમના એક ભારતીય મૂળના વિદ્યાર્થીએ કરેલ દેખાવની આપે નોંધ લીધી પણ એ જ સ્પર્ધામાં ભારતથી ગયેલી ટીમે કેવો દેખાવ કર્યો હશે તે જાણી લેવાની પણ આપને ઇચ્છા ન થઈ? એ સ્પર્ધામાં પ્રથમ વીસ સ્થાન લેનાર સ્પર્ધકોને સુવર્ણચંદ્રક અપાયા હતા એ આપે નોંધ્યું છે પણ એ વીસમાં કોઈ ભારતીય વિદ્યાર્થી હશે કે નહિ એવો વિચાર પણ આપને ન આવ્યો ?

આપના વાચકોની જાણકારી માટે જણાવું કે અન્ય ત્રેપન દેશોની જેમ ભારતમાંથી પણ છ વિદ્યાર્થીઓની ટીમ બૈજીંગ ગઈ હતી. આ છ માં થી ચાર વિદ્યાર્થીઓને ચંદ્રકો મળ્યા હતા; એકને સુવર્ણ, એકને રૌપ્ય અને બે ને કાંસ્ય. મુંબઈની રૂપારેલ (જૂનિયર) કોલેજના વિદ્યાર્થી રીના પાણીગ્રહીને કુલ ૪૨ માંથી ૩૮ માર્ક્સ મળ્યા હતા. આપે જણાવ્યું છે તેમ અમેરિકન ટીમના કિરણ કોડલાયાને ૩૯ માર્ક મળ્યા હતા. આમ છતાં કિરણ ને આપણાં પ્રચાર-માધ્યમોમાં જેટલી પ્રસિદ્ધિ મળી છે તેના પ્રમાણમાં રીનાને કોઈ પ્રસિદ્ધિ નથી મળી.

-અરુણ વૈદ્ય (અમદાવાદ)

'કુમાર' (ઓક્ટો. '૯૦)નો અંક વાંચી અંતઃસ્તલનો બપૈયો આનંદથી ઝૂમી ઉઠ્યો...અત્યંત આનંદ અને અભિનંદન...મુખપૃષ્ઠ પરનું સ્વ. ચાવડાનું 'ભરતનાટ્યમ્' ચિત્ર, કાવ્યો વગેરે અત્યંત સરાહનીય છે. પ્રગલ્ભ વિદ્વાન 'જિદ્દુ કૃષ્ણમૂર્તિ'નો પરિચય તો ધો. ૧૨ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાં આવતા તેમના પાઠ "On Discipline"માટે ઉપકારક નીવડે તેવો છે... અંગ્રેજીથી અભડાતા વિદ્યાર્થીઓને Complex Problem of Discipline વિષે ગુજરાતી માધ્યમ દ્વારા આ લેખ સંજીવની સમો પુરવાર થશે... આ જ રીતે અન્ય તમામ લેખો ખૂબ જ સુંદર અને પ્રશંસાને યોગ્ય છે.

દેવો દ્યો યુતિ દિવ્યતા દમ દયા દાને સદા રાચશે,
સાહિત્ય મમતા મહીં મગન ને પ્રીતિ સદા રાખશે.
સ્વપ્નો પ્રગતિ શાંતિ ને સુખતણા સન્માનતા લાધશે
લેખો ઇષ્ટ લખો વળી યશ ઘણો થાજો સદા મંગલમ્.

-એ. જે. પાઠક (પ્રતાપનગર)

તોખારી 'કુમાર'ને શુભેચ્છા

હજો રમ્યે લીલા સતત રસની સૌમ્ય તરલા !
હજો ઊર્મિ પ્રાણે મન ઉર ભરી કાવ્યસરિતા!
હજો સત્યે તેજોમય વલયોની સુંદર ગિરા !
હજો સૌંદર્યો ને તેજોમય વલયોની સુંદર ગિરા!
ઉછંગે તોખારી પદલય હજો ઉર્ધ્વ ગગને !
અખૂટા વિસ્તારે પડઘમ બજો નાદ વિજયી !
પથે સંત્રી-તંત્રી સમ "રવિ-બચુ"-શ્વાસ ધબકો!
કલાના વિન્યાસે ગુરુતમ મહા ચેતન લહો !

ડૉ. હિમાંશુ ભટ્ટ (રાજકોટ)

ભૂલસુધાર

ગયા અંકમાં પૃ. ૨૦૪ પર આપવામાં આવેલી બે વિજ્ઞાનીઓની છબીઓ ડાબે-જમણે ઊલટસૂલટ મુકાઈ ગઈ છે તો તેને તેના ઉકત ક્રમને બદલે ઊલટસૂલટ ક્રમમાં સમજવી.

ગયા અંકમાં 'મરણખત' વાર્તામાં પૃ. ૧૯૧ પર બીજા કોલમમાં 'એકાએક રેડિયો બોલી ઊઠે છે.' શબ્દોને સ્થાને 'એકાએક રીડિયો ઊઠે છે.' એમ વાંચવું.

વિલક્ષણ પ્રતીતિ/રાજેન્દ્ર શાહ

(ગાન)

નહીં બીજું ઘર મહીં તો યે શાનું
થતું મન મહીં કે...
અહીં સમીપ સરતું કોઈ છાનું?

અવની પર ચરણ અડે ના!
રવ મૃદુલ સુણું શ્રવણે ના!
કોણ અવિધ કરતું મળવાનું?

ઊજળે અવકાશ ન છાયા,
પણ શ્વસત હું પરિમલ-માયા.
કેમ કરી કારણ કળું આનું?

પ્રભાતિયું/શશિશિવમ્

(ઝૂલણા)

અખિલ બ્રહ્માંડમાં પૃથ્વીના કમલમાં ઓસબિંદુ સમો ગગન ઝીલું;
કોણ ઝળકી રહ્યો કોણ હરખી રહ્યો કમળના રૂપમાં પલક ખીલું.

ક્ષણિકના ખેલમાં કોણ મરકી રહ્યો કમલમાં કોણ ફોરે ન પરખું;
બે ઘડી ઝળકતો બે ઘડી હરખતો શી ગતિ પલકમાં કેમ નીરખું!

પાણીમાં પાણી ને તેજમાં તેજ થઈ પવનમાં પવન થઈને વિરમવું;
વિશ્વ અકળિત સકળ અંતરે વિલસતું કમલમાં પલ રહીને પરખવું.

હરખવું વિલપવું વિરમવું પલકમાં નિત્યની ક્ષણિકમાં વિવિધ રમણા;
સરવરે લહરતાં જલખીલ્યાં કમળની સુરભીમાં પ્રસરવું એક રટણા.

અખિલ બ્રહ્માંડ તું પૃથ્વીનું કમળ તું ઓસબિંદુ ય તું એમ ભાસે;
લ્હેર સાગર તણી એકરૂપ સાગરે, ભેદના ભેદ ઉર માંહી વાસે.

આદમી/બેન્યાઝ ધ્રોલવી

(મુક્તક)

શબ્દનો દરિયો તરી લે આદમી,
અર્થની હોડી ભરી લે આદમી.

કોરુંકટ આકાશ ખંભે ઊંચકી,
તું નગર આખું ફરી લે આદમી.

બે પૂર્ણિમા/ઉશનસ્

(સૉનેટયુગ્મ)

૧ ભાદ્રપૂર્ણિમાની ઉક્તિ/(મંદાક્રાન્તા)

આષાઢી તે પ્રથમ દિનથી માંડીને છેક અદ્ય-
પર્યન્તે કો મુજ-પૃથિવી વચ્ચાળ આવી પડ્યો'તો
આડો પર્દો સઘન ઘનનો; નેત્રને શો નડ્યો'તો!
ના જોયું મેં ધરતીમુખ આટા'ટલા માસ મધ્ય;
ત્યારે છેલ્લી નીરખી'તી કશી ભૂછબી નિર્જળેલી!
સુક્કી કાયા, જલહીન ઊંડાં નેત્રજેવાં નવાણ,
નો'તુ ક્યાંયે પ્રતિછબિ પડે એવું 'આદર્શ' સ્થાન.
આજે તો ના પ્રીછી ય શકું એવી ભરીભાદરેલી!

નો'તો તે દી હું ય રઝળતી ખોપરી શો સ્મશાને,
ફેલાયેલા ભભૂતવરણા ભૂખરા આસમાને?
ભીને પર્દે રહી રહી હું યે ઊછર્યો સ્નિગ્ધવાને
કે પૃથ્વીયે પરખતી હશે કે મને, કોણ જાણે?

આવું શોચે લખલખ અરીસે વિખેરાઈ રાત્રે
પૂર્ણિમાનો પરિણત શશી ભાદ્રનો આર્દ્રગાત્રે.

૨ શરત્પૂર્ણિમા/(શિખરિણી)

વરાહે ઉદ્ધારી ફરીથી લીધી જાણે શું ધરતી!
શશી શી દંતૂ-ડી અણી ઉપર બંકુડી, જળથી
જરા ઊંચી રાખી અધર, લઈ આવેલ કળથી
તરીને કાંઠાપે, ભીની ભીની હજી જે નીતરતી;
ભીનાં પ્હેર્યાં વસ્ત્રે દદડતી હજી યે ઝરણમાં,
નદી - નાળે - વ્હેળે - નીચી ઢળતી નીકેથી, તનની
તનુરેખે તૂટી ટપકી જતી માલા રતનની,
ગરે ભીની છૂટ્ટી અલકલટ મુકતાભરણમાં.

લીલૂડી ભીની ચુંદડી ચીપકી છે શી ય તનપે?
અવેવે સર્વાંગે લદબદ! સળોશા ખીણ મહીં
ઉકેલાયા થોડા નીતરત, ઊડે છે મીણ મહીં.
જરા ગાઢી રીતે ચીપકી વધુ એ પ્હાડી સ્તનપે!

રહું જોઈ પૃથ્વી - નીતરી રહી પ્રલ્લેભરતીથી
પ્રવેશી છે બીજી તૃણભરતીમાં! લુબ્ધ રતિથી.

સૂરજ તો નહિ, પણ માત્ર નાનકડો સિતારો બનવાની જીવનઝંખના સાથે લગભગ અર્ધી સદી સુધી અંગ્રેજી સાહિત્યના શિક્ષણ દ્વારા ત્રણત્રણ પેઢીઓને ઉછેરનાર દાવરસાહેબ વિરલ અને વિનમ્ર વ્યક્તિ હતા. 'જીવન ખાતર કલા'નો ઉપાસ્ય મંત્ર અહર્નિશ આરાધનાર આજીવન અધ્યાપક અને ક્ષણેક્ષણ સાહિત્યના વિદ્યાર્થી રહી સર્વત્ર વહાલનું ઝરણું વહાવનાર સૌજન્યમૂર્તિ પ્રોફેસર ફિરોઝ કાવસજી દાવરની આવતા વર્ષે જન્મશતાબ્દી આવે છે તેના ઉપલક્ષમાં આ છે એકોનશતાબ્દી વર્ષે ચરિત્રાંજલિ.

તસ્મૈ શ્રી ગુરવે નમ:

કોને માટે ઉપર્યુક્ત શબ્દો યોજાયા હશે? પેલા પૌરાણિક ગુરુઓ માટે તો નહીં હોય? હા, એવા ગુરુઓ વશિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મીકિ, સાંદીપનિ વિષે વાંચ્યું છે પણ તેમને જોયા તો ક્યાંથી જ હોય? પણ જો એવા આધુનિક ગુરુ માટે આ શબ્દો યોગ્ય હોય તો તે મારા વંદનીય ગુરુ પ્રોફેસર દાવર માટે. એ પૌરાણિક ગુરુઓનો સાક્ષાત્કાર આ ગુરુમાં જરૂર થાય. તેમની યાદ આવતાં જ કરુણાભર્યાં નયનોથી વ્હાલ વરસાવતો એક સૌમ્ય ચહેરો નજર સમક્ષ ઊભરી આવે છે.

તેમનો જન્મ અહમદનગરમાં ૧૮૯૨ના નવેમ્બરની ૧૬મી તારીખે બુધવારે સાંજે સાત વાગે થયેલો. તેમના પિતા કાવસજી ત્યારે બાંધકામ ખાતામાં હિસાબનીશ તરીકે કામ કરતા. ૧૮૯૯માં દાવર કુટુંબે અમદાવાદમાં સ્થાયી વસવાટ કર્યો. 'દાવર' એટલે ન્યાય તોળનાર. અતિશય ભોળા કાવસજીના પુત્ર શ્રી ફિરોઝ દાવરે આ સંસ્કાર-વારસાને ઉજજવલ બનાવ્યો. તેમણે સમગ્ર શિક્ષણ અમદાવાદમાં મીરઝાપુરમાં આવેલી કૉન્વેન્ટ સ્કૂલમાં લીધું અને માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં ભદ્ર ખાતે હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટમાં ગવર્નમેન્ટ મિડલ સ્કૂલમાં લીધું. ત્યારબાદ દિલ્હી ચકલામાં આવેલી આર.સી.હાઈ સ્કૂલમાં ભણી ૧૯૦૮માં મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા ઉત્તીર્ણ કરી ગુજરાત કૉલેજમાં દાખલ થયા, અને ૧૯૧૨માં અંગ્રેજી તથા ફારસી સાથે બીજા વર્ગમાં બી.એ.ની ઉપાધિ મેળવી ૧૯૧૩માં ગુજરાત કૉલેજમાં 'દક્ષિણા ફેલો' નિમાયા. ૧૯૧૩માં એમ.એ.માં બીજા વર્ગમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થયા. ૧૯૧૬માં એલએલ.બી. થયા અને બનાજી પારિતોષિક પ્રાપ્ત કર્યું. એલએલ.બી. થવાની તેમની બીલકુલ ઇચ્છા નહોતી, પણ તેમના પિતાજીની તીવ્ર ઇચ્છા હોવાથી તેમણે પિતૃ આજ્ઞાનું પાલન કરેલું. તેમની ખેવના પ્રથમથી જ શિક્ષક થવાની હતી. કોર્ટનાં દ્વાર તેમને જોવાં જ નહોતાં અને એ પ્રમાણે તેઓ વર્ત્યા પણ ખરા. ૧૯૧૬માં અમદાવાદમાં પાંચકુવા દરવાજા બહાર "નેટિવ ઈન્સ્ટિટ્યૂટ'માં હેડમાસ્તર-પદે રહ્યા. ત્યારબાદ ૧૯૧૮થી ૧૯૨૦ સુધી બે વર્ષ પૂનાની ડેક્કન કૉલેજમાં અંગ્રેજીના સહાયક અધ્યાપક રહ્યા. પણ અમદાવાદ શહેરનાં ભાગ્ય ઉજજવલ હશે તેથી તેઓ ગુજરાત કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૪૭ સુધી પોતાની માતૃકૉલેજમાં તેમણે સેવા આપી. તેમને નિવૃત્ત થવાના (તે સમયે નિવૃત્તિવય પંચાવન ગણાતી) પાંચ મહિના બાકી હતા ત્યારે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ દાવરસાહેબના હીરને પારખી લઈ એલ.ડી.આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજી વિભાગના વડા તરીકે જોડાવાનું નિમંત્રણ પાઠવ્યું. ૧૯૪૭ થી ૧૯૬૬ સુધી આ કૉલેજે તેમના શિક્ષણની ધન્યતા અનુભવી. ૧૯૬૬માં તેઓ ત્યાંથી નિવૃત્ત થયા. ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગમાં તેમણે માનદ્ સેવાઓ આપેલી ત્યારે શ્રી નરીમાન કામાએ તેમને ટકોરેલા કે ગાડીભાડા જેટલા પણ પૈસા મળતા નથી તો શાને દોડવું? વિદ્યાને વરેલા આ પુરુષનો જવાબ દરેક શિક્ષકે યાદ રાખવા જેવો છે. તેમણે કહેલું કે ગુજરાત યુનિવર્સિટીની આખી લાયબ્રેરી મફત વાંચવા મળે છે તે કેટલા મોટા લાભની વાત છે?

તેમનું કુટુંબ પાંચ બહેનો, બે ભાઈ, તથા માતાપિતા એમ કુલ નવ વ્યક્તિઓનું બનેલું હતું. તેમનાં માતાએ કરેલી કેટલીયે પ્રાર્થનાઓ બાદ (નાની બહેનના જન્મ પછી) ૧૪ વર્ષે ફિરોઝ દાવરનો જન્મ થયેલો. તેમનાં માતા પણ લેખિકા હતાં. 'સ્ત્રીબોધ' માસિકમાં તેઓ લેખો લખતાં હતાં. દાવરસાહેબના જીવનઘડતરમાં તેમનાં માતાનું મહાન પ્રદાન હતું. સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ધર્મ અને જુદી જુદી ભાષાઓનો અભ્યાસ આ ચારે ય તેમણે વારસારૂપે તેમનાં માતા તરફથી પ્રાપ્ત કરેલ. તેમનાં બે બહેનો પણ ગુજરાતી ભાષા પર સરસ કાબૂ ધરાવતાં. તેઓ પૂર્ણ માતૃભક્ત હતા અને માતૃઋણનો હંમેશાં સ્વીકાર કરતા. તેમનાં માતા ૮૭ વર્ષનીવયે મૃત્યુ પામ્યાં ત્યારે તેમને જબરો આઘાત લાગેલો. હિંદુધર્મની માતૃભક્તિની ભાવનામાં તેઓને શ્રદ્ધા હતી. નવરાત્રીના ઉત્સવોને તેઓ પોતાના જ ઉત્સવો માનતા. તેમના ટેબલ પર સરસ્વતીની મૂર્તિ તેમણે રાખેલી અને જ્યારે લખવા કે વાંચવા બેસે ત્યારે માતા સરસ્વતીને પ્રથમ પ્રણામ કરતા. સરસ્વતીના આ મહા ઉપાસક ધાર્મિક ભેદભાવનાથી તદ્દન અલિપ્ત હતા.

નોકરી દરમિયાન તેઓ રાષ્ટ્રિય રંગે રંગાયેલા. ગાંધીજીની સભાઓમાં તથા સાબરમતી આશ્રમની સવારની પ્રાર્થનામાં તેઓ હાજરી આપતા. તે સમયના પ્રિન્સિપાલ શિરાઝે આ બાબતનો વાંધો ઉઠાવ્યો ત્યારે દાવરસાહેબે સચોટ જવાબ આપેલો કે તેઓ વર્ગમાં નિયમિત જાય છે, ભણાવે છે, અને પ્લેટફૉર્મ પર કોઈ પ્રચાર કરતા નથી, કૉલેજની બહાર તેઓ સંપૂર્ણ સ્વતંત્ર છે. તેમના રાષ્ટ્રવાદી વલણથી નારાજ થયેલા સત્તાવાળાઓએ ગુજરાત કૉલેજમાં કેટલાંયે વર્ષો સુધી તેમને પ્રોફેસરના પદથી વંચિત રાખેલા અને તેમનાથી જૂનિયર વ્યક્તિઓને પ્રોફેસરનું પદ આપેલું, પરંતુ તેમનો વિશાળ વિદ્યાર્થી સમુદાય તો તેમને પ્રોફેસર જ ગણતો. અલબત્ત, પ્રિન્સિપાલ શિરાઝ

અને કૉલેજના મુખ્ય પ્રૉફેસરો તેમને મિસ્ટર દાવરના સંબોધનથી વાત કરતા. સ્થિતપ્રજ્ઞ દાવરસાહેબને આનો લેશમાત્ર રંજ નહોતો પણ તેમના વિદ્યાર્થીઓને પોતાના પ્રિય ગુરુનું આ રીતે થતું અપમાન ખૂબ ખૂંચતું. આઝાદીની લડતના પ્રસંગે તેમની પાસે રાજીનામાની માંગણી થયેલી પણ તેમનો નમ્રતાપૂર્વકનો ઉત્તર હતો કે તેમના કૌટુંબિક સંજોગો તેમને તેમ કરવા દે તેમ નથી. તેમનું ક્ષેત્ર શિક્ષણકાર્યનું હતું અને તેઓ તેમાં જ ઓતપ્રોત રહી સમાજનું ઘડતર કરવાની રાષ્ટ્રિય સેવા સમજતા. ગુજરાત કૉલેજની વિખ્યાત હડતાલ વખતે નિસરણી પર આડા સૂઈ રહેલા વિદ્યાર્થીઓએ જ્યારે દાવરસાહેબને તેમના શરીર પર પગ મૂકીને વર્ગમાં જવા કહ્યું ત્યારે તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓના શરીર પર પગ મૂકવા કરતાં પોતે રાજીનામું આપવાનું વધારે પસંદ કરશે. ૧૯૪૨ની 'ભારત છોડો' ચળવળ વખતે વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું ત્યારે દાવરસાહેબે દરમિયાનગીરી કરેલી. તેમના તરફ પોલીસ કૉન્સ્ટેબલે ગોળી તાકેલી પણ તે ટુકડીમાં એક પોલીસ અફસર ભારતીય હતો તેણે ધક્કો મારી નિશાન ચુકાવી દીધેલું. ત્યારબાદ બીજી ગોળી છૂટી અને તે વિનોદ કિનારીવાળાની છાતીની આરપાર નીકળી ગઈ !

૧૯૩૩માં સૂરતના કુ. સુનાબાઈ દીનશા મહેતા સાથે તેમના લગ્ન થયાં. તેમની કારકિર્દીમાં તેમનાં પત્નીનો ફાળો નાનોસૂનો નહોતો. શ્રીમતી દાવરે વ્યવહારનો બધો ભાર ઉપાડી લઈ પતિને તેમાંથી મુક્ત



પ્રોફેસર ફિરોઝ કાવસજી દાવર

કમલા પરીખ

રાખ્યા હતા, અને તેથી જ તો દાવરસાહેબ પુસ્તકો સાથે ગાઢ સંબંધ રાખી શકેલા. તેઓ જ્યારે સગર્ભા થયાં ત્યારે દાવરસાહેબે તેમને કહેલું કે તેઓ પુત્રીની આકાંક્ષા રાખે છે, અને જો પુત્રીનો જન્મ થશે તો તેઓ પોતે તેનું નામ પાડશે અને જો પુત્રજન્મ થશે તો નામ પાડવાના અધિકારી તેમનાં પત્ની રહેશે. અને પુત્રીજન્મની તેમની મહેચ્છા પૂર્ણ થતાં તેઓ આનંદિત બની ગયેલા. તેનું નામાભિકરણ આરમઈતી કર્યું, જેનો અર્થ થાય 'ભક્તિ' અથવા 'ધરતી'. આજે તેમનાં આ પુત્રી અમદાવાદની બી.ડી. મહિલા આર્ટ્સ કૉલેજનાં આચાર્યા છે. તેઓ પણ માતા જેવાં હાસ્યમૂર્તિ અને પિતા જેવાં માયાળુ છે. પુત્રી પ્રત્યે તેમને અપાર પ્રેમ હતો. પુત્રીને તેઓ 'તમે' કહી સંબોધતા.

તેમનો જીવનક્રમ પણ જાણવા જેવો છે. દિવસ દરમિયાન સમગ્ર કુટુંબ રાત્રે સાડાઆઠ વાગે જમતી વખતે અને ત્યારબાદ પા કલાક ભેગું થાય અને વાતો અને વિચારોની આપલે કરે. રાત્રે દસ વાગે લાઈટો બંધ કરી સહુને સૂઈ જવાનું. તેઓ પોતે સવારે સાડાત્રણ વાગે ઊઠે. જાતે જ પાણી ગરમ કરી સ્નાન કરે. ત્યારબાદ તેમનાં પાઠપૂજા શરૂ થાય, જેમાં સર્વધર્મભાવનાની ઝલકનાં દર્શન આપણને થાય. તેઓ ગાયત્રીમંત્ર, અવસ્તા તથા બાઈબલના કંઠસ્થ કરેલા ફકરાઓ બોલે. પ્રભુપ્રાર્થના બાદ રાત્રે પોતે એક ડિશમાં સવારના નાસ્તા માટે તૈયાર કરી મૂકેલા ખજૂર અને કેકના ટૂકડાને ન્યાય આપે અને ત્યારબાદ નિત્યકર્મમાં ગૂંથાય. પોતાનું કામ પોતે જાતે કરવાના આગ્રહી હતા, કોઈના માથે પડવું યા કોઈની સેવા લેવી ના પડે તેવી ઇચ્છા તેઓ ધરાવતા. સાંજે લાંબી ફલંગો ભરતા પ્રકૃતિમાં પ્રત્યક્ષ થતા પરમાત્માની ઝાંખી માટે ચારપાંચ માઈલની પદયાત્રા કરતા. અંધારાનો લાભ મળે તો દોડતા પણ ખરા; પહેલાં એકાકી નીકળતા પછી સજોડે પણ નીકળતા. શ્રી ઉમાશંકર જોશીએ એકવાર કહેલું કે તેઓ પોતાના મિત્રો સાથે ફરવા નીકળેલા ત્યારે દાવરસાહેબની પાછળ ચાલતા ચાલતા તેમને આંબી જવાનો પ્રયત્ન કરતા હતા પણ હજુ સુધી તેમને કોઈ રીતે આંબી શક્યા નથી.

મૃત્યુને તેઓ મંગલકારી માનતા હતા. મૃત્યુ પામ્યા તેના ત્રણ દિવસ પહેલાં તેમણે તેમની પુત્રી સાથે જે વાતચીત કરેલી તેમાં મૃત્યુ



કાકાસાહેબ કાલેલકર તથા ઉમાશંકર જોશી સાથે પ્રો. દાવર

વિષેના તેમના વિચારો વ્યકત થાય છે. પુત્રીને તેમણે કહેલું કે મૃત્યુને બિહામણું માનવું નહીં. ઋણાનુબંધ પૂરો થાય એટલે હસતા મોઢે જવાનું. અભણ લોકો જ મૃત્યુનો શોક કરે, મૃત્યુનો તો હર્ષ હોય, અપમૃત્યુનું દુ:ખ હોય. શરીરને પરાણે ખેંચવાનો કોઈ જ અર્થ નહીં. તેમના છેલ્લા શબ્દો હતા: 'મૃત્યુ મંગલકારી છે'. ૧૯૪૧માં મુંબઈમાં તેમને ટાઈફોઈડનો ત્રીજો હુમલો થયેલો ત્યારે ડોકટરે આશા છોડી દીધેલી. તે રાત્રે તેમને મૃત્યુનો જે અહેસાસ થયેલો તેની ફલશ્રુતિ સ્વરૂપે 'મોત પર મનન' નામના તેમના ગ્રંથનું સર્જન થયું.

વિદ્યાવ્યાસંગી દાવરસાહેબને સાંભળવા એ પણ એક લ્હાવો હતો. લાંબો કોટ, ટૂંકી મોળીનું પાટલૂન, પગમાં બુટ અને પારસીશાયી ટોપી સાથે વર્ગમાં જ્યારે તેઓ પ્રવેશ કરે ત્યારે આંખો તેમના પર સ્થિર થઈ જાય અને ચરણોમાં વંદન કરવાનું મન થઈ જાય. તેમના પ્રવેશ સાથે સમગ્ર વર્ગમાં જાણે શિસ્ત સદેહે ઊતરી હોય તેવું લાગે. જ્યારે વાણીપ્રવાહ વહેતો થાય ત્યારે તો એ જ્ઞાનની ગંગામાં તરબોળ થઈ જવાય. પ્રભાવશાળી વ્યક્તિત્વ, મેઘ જેવો અવાજ, ચહેરા પર છવાયેલી વિનમ્રતા, વાણીમાંથી પ્રકટતું જ્ઞાન અને પેલાં કરુણાસભર નેત્રો ગજબનો પ્રભાવ પાડી જતાં. તેમની વિદ્યાભરી છાંયમાં કોણ જાણે કેટલાંયે વ્યકિતત્ત્વો ફળ્યાં, ફૂલ્યાં અને ફાલ્યાં હશે. તેઓ નામ કરતાં કામ અને જ્ઞાનથી વધારે ઓળખાતા. વર્ગમાં શીખવતી વખતે વિષયમાં પોતે ઓતપ્રોત થઈ જતા અને સાથે સાથે વિદ્યાર્થીઓને જાણે સમાધિ લાગી જતી. ગમે તેટલું અઘરું પુસ્તક તેમના દ્વારા સરળ બની જતું. કવિ શ્રી ન્હાનાલાલ કહેતા, 'ભાષણ સાંભળવું હોય તો જાઓ પ્રોફેસર દાવર પાસે, વિદ્વત્તાની ઝડીઓ વરસાવે છે.' કવિશ્રી એમ પણ કહેતા, 'અમદાવાદ આવો ત્યારે બીજું ઘણું જો જો, પરંતુ ખાનપુર રોડ પર પ્રોફેસર દાવર નામે એક ઋષિ વસે છે, તેમનાં દર્શન કરવાનું ચૂકશો નહીં.' કવિ શ્રી નાનાલાલના તે પ્રશંસક અને પરમ મિત્ર હતા અને કવિશ્રીને પણ દાવરસાહેબના જ્ઞાન પ્રત્યે અપાર આદર હતો. કવિશ્રી 'હરિસંહિતા' જેમ જેમ લખાતી તેમ તેમ દાવરસાહેબ પાસે આવીને સંભળાવતા.


એક વખત મારા વર્ગમાં ભણાવતાં ભણાવતાં તેઓ બેભાન થઈ ગયેલા અને થોડા સમય પછી જ્યારે ભાનમાં આવ્યા ત્યારે વર્ગ લેવા માટે તૈયાર થયા. અમે સહુએ તેમને ઘેર જઈ આરામ કરવા માટે વિનતિ કરી પણ તેઓ શાના માને? છેવટે અમારે જીદ કરવી પડી. વર્ગબહિષ્કારનો લાડભર્યો સત્યાગ્રહ કરવા તૈયાર થયેલા અમને જોઈને તેઓ આખરે માન્યા અને ઘેર જવા સંમત થયા. આ એમની કર્મનિષ્ઠાનો ઉત્તમ દાખલો છે. નિયમિતતાના તેઓ ચુસ્ત આગ્રહી. ઘંટ વાગે કે તરત જ ઊભા થાય અને વર્ગ પ્રતિ પ્રયાણ કરે. કોઈપણ ઋતુને તેઓ વશ ના થાય. ઠંડી, વરસાદ, તાપ ગમે તે હોય પણ તેઓ સમયસર હાજર જ હોય. કામચોરી તો તેમના લોહીમાં નહીં. કામ વગર રજા પણ ના પાડે. આજે સહુએ એમની પાસેથી આ શીખવાનું રહે છે. ભણવું અને ભણાવવું એ એમનું કર્તવ્ય. ત્યારે ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓમાં એવી વાયકા હતી કે ગુજરાત કોલેજની સીડનહેમ લાયબ્રેરીમાં વિજ્ઞાન અને ગણિતનાં પુસ્તકો બાદ કરતાં બાકીનાં તમામ પુસ્તકો દાવરસાહેબે વાંચેલાં છે. તેમને Walking libraryનું બિરુદ મળેલું. માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયનાં મોટાભાગના ગ્રંથો તેમણે વાંચ્યા હતા. દાવરસાહેબ એટલે પુસ્તક અને પુસ્તક એટલે દાવરસાહેબ. આ બન્નેનું અદ્વૈત જ હોય. એ તો હતા પુસ્તકિયા જીવ. એમનું જીવન પુસ્તકોમાં સમાયેલું હતું. જ્ઞાનથી ભરપૂર તેઓએ ક્યારેય જ્ઞાનનો ગર્વ કર્યો નથી. ફળથી લચેલાં વૃક્ષો જેવી નમ્રતા તેમનામાં હંમેશાં દૃષ્ટિગોચર થતી. જ્ઞાનની ગરિમા તેમણે વધારી છે. તેઓ પોતે કહેતા કે પુસ્તકિયા જ્ઞાનથી પોથી પંડિત થવાય પણ સાચા પંડિત પ્રેમથી થવાય છે. જ્ઞાનીમાં પ્રેમનો અંકુર ન ફૂટ્યો હોય તો તે અજ્ઞાની કરતાં પણ વધુ ખરાબ છે. પ્રેમમાં તો એટમબોમ કરતાં પણ વધારે તાકાત છે. આમ, જ્ઞાન અને પ્રેમનો તેઓ સમન્વય કરતા અને આ સમન્વયને તેમણે જીવનમાં પણ ઉતારી જાણ્યો હતો. પ્રેમ તો તેમણે સહુને અપાર આપ્યો છે. વિદ્યા અને પ્રેમથી વિદ્યાર્થીઓને તેમણે વશ કર્યા. જ્ઞાન સાથે ચારિત્ર્યનું મહત્ત્વ આંકતા તેઓ કહેતા કે ચારિત્ર્ય વિનાનું જીવન નકામું છે. ચારિત્ર્યને કોઈની ભલામણની જરૂર પડતી નથી, તે પોતે જ પોતાની ભલામણ કરે છે. પોતાના જીવનમાં ચારિત્ર્યને સાંગોપાંગ તેમણે સાચવ્યું હતું. કેટકેટલા સદ્‌ગુણોથી આ વ્યકિતને પ્રભુએ નવાજી હતી? જ્ઞાન, પ્રેમ, ચારિત્ર્ય, વિનમ્રતા, નિષ્ઠા, પ્રામાણિકતા, સાદગી, સંયમ, વિદ્વત્તા: આ બધાનો સંગમ આ એક જ વ્યકિતમાં જોવા મળે એ કેવું અજબ લાગે? કેટલાક વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયના ના હોય તે પણ તેમના દર્શન કરવા (તે જમાનામાં) માર્ગ પર ઊભા રહેતા. તેઓ ભાડૂતી ગાડીમાં અગિયાર વાગે પસાર થાય ત્યારે જતા-આવતા અનેક વિદ્યાર્થીઓ એમને સલામ ભરે. તોફાની, ટીખળી કે ગમે તેવો રખડુ વિદ્યાર્થી એ ગાડીમાંનો ચહેરો જુએ કે શાણો બની જઈ સલામ ભરે અને સામે દાવરસાહેબે આપેલી સલામ પણ ઝીલે. એ સલામ એમના સ્નેહને, એમની વિદ્વત્તાને અને મહાનતાને હતી. તેમને એકવાર કોઈકે પૂછ્યું કે તેઓ 'Goodness' અને

"Greatness' એ બેમાંથી શું પસંદ કરે? આપણે સમજી જવું જોઈએ કે આ નરરત્નએ શો જવાબ આપ્યો હશે. તેઓ 'Goodness'ના પલ્લાને નમતું રાખે એ સ્વાભાવિક જ છે. તેમનામાં 'Goodness' અને 'Greatness' બન્ને હતાં. તેમને Greatness પાછળ દોડવું પડ્યું નથી. તેમની Goodness Greatnessને ખેંચી લઈ આવી હતી. તેઓ કોઈ કોલેજના આચાર્ય કે યુનિવર્સિટીના ઉપકુલપતિ થઈ શક્યા હોત અને તેવી ઑફરો પણ આવેલી. આ હતી તેમની Greatness પણ આ બધાંમાંથી મુકત રહી જ્ઞાનની ઉપાસના કરવી એ તેમની goodness હતી.

ત્રીજી ઑક્ટોબર ૧૯૭૧ના રોજ ગુજરાત યુનિવર્સિટીના ભાગ્ય ઊઘડ્યાં એમ કહીએ તો જરા પણ અસ્થાને નહીં ગણાય. યુનિવર્સિટીએ દાવરસાહેબને ડી. લિટ.ની પદવીથી નવાજ્યા. આ દાવરસાહેબનું માન તો હતું પણ સાથે સાથે ગુજરાત યુનિવર્સિટીનું ગૌરવ પણ ગણી શકાય. આ સન્માનનો તેમણે લાગણીભર્યો જવાબ આપેલો, 'મારું જ્ઞાન કાચું છે કે ઓછું પડ્યું હશે પરંતુ તે સન્માર્ગે ગયું છે એની મને શ્રધ્ધા છે. યુવાન પેઢીમાં ધર્મ અને નીતિ રહે તે માટે મે હંમેશાં પ્રયાસ કર્યા છે.' ૧૯૬૬માં જ્યારે તેઓ નિવૃત્ત થયા ત્યારે અમદાવાદના અગ્રગણ્ય નાગરિકો તથા શુભેચ્છકો તરફથી તેમને સન્માનવાનો સમારંભ યોજાયેલો. તે પ્રસંગે સન્માનનો પ્રત્યુત્તર આપતા તેમણે કહેલું, 'હું તો એક સૈનિક જેવો છું. વળી પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, નિયમિતતા, વગેરે તો સાચા શિક્ષક બનવા માટેની જરૂરત છે. હું ભલે સૂર્ય ના થઈ શકું પરંતુ એકાદ નાનકડો સિતારો તો જરૂર થઈ શકું. જો કે મારા વાચનપ્રેમને કારણે મારાથી વધુ પુસ્તકો લખાયાં નથી પણ હવે હું મારી આંખો મને જ્યાં સુધી કામ આપશે ત્યાં સુધી એ કામ કરીશ'. પોતે વધુ પુસ્તકો લખી શક્યા નહીં તેનો તેમને રંજ રહેતો. અમદાવાદ પારસી પંચાયત તરફથી તેમને પારસીકોમ તેમજ વિદ્યાર્થીઓની બજાવેલી સુંદર સેવા માટે માનપત્ર એનાયત કરવામાં આવેલું. તેમની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે ગુજરાત કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ સમારંભ યોજી રૂ. ૨૫૦૦૦નો ચેક આપેલો ત્યારે તેમણે કહ્યું હતું, 'આપે ગુરુદક્ષિણા પેટે મને રૂ. ૨૫૦૦૦નો ચેક આપ્યો પરંતુ રકમની કોઈ કિંમત નથી. એ રકમ તો આપ મારાં વ્હાલાં બાળકોના મારા પ્રત્યેના પ્રેમનું પ્રતીક છે. આ રકમ હું કેમ લઈ શકું? આ રકમ આ કોલેજના ટ્રસ્ટને માનસહિત અર્પણ કરું છું કારણ આ રકમની માલિકી મારું નાનું કુટુંબ શા માટે ધરાવે? એનો માલિક તો મારું એક વિશાળ કુટુંબ છે. એ વિશાળ કુટુંબના આશાસ્પદ યુવાનોને એ રકમમાંથી મદદ મળશે.'

૧૯૬૬માં ઇરાન વિશેના અભ્યાસીઓની વિશ્વપરિષદ તહેરાનમાં મળેલી તેમાં ભારતમાંથી છ વિદ્વાનોને બોલાવવામાં આવેલા તેમાંના એક પ્રોફેસર દાવર પણ હતા.

એમણે કોઈના ગળે કંઠી બાંધી નહોતી કે કોઈની કંઠી પોતાને ગળે બાંધી નહોતી. એ તો કોઈ નિરાળા ફરિશ્તા હતા. વિદ્યા તેમનું



તાજમહાલના પ્રાંગણમાં પત્ની સુનાબાઈ તથા પુત્રી આરમઈતી સાથે પ્રો. દાવર

સર્વસ્વ હતી. વિદ્યાને ક્યારેય તેમણે વેચી નહોતી. તેમણે તો વિદ્યાને વહેંચી હતી, છૂટે હાથે તેની લ્હાણ કરી હતી. ટ્યૂશન કે સિફારસ જેવી બદીઓ તેમને ક્યારેય સ્પર્શી નથી. તે પોતે જ પારસમણિ જેવા હતા. જે તેમનો સ્પર્શ પામતું તે સુવર્ણ બની જતું.

એલ.ડી.આટર્સ કોલેજમાંથી નિવૃત્ત થયા બાદ તેમણે કહેલું, 'વિદ્યાર્થીઓ સાથેનો મારો સંપર્ક તૂટ્યો ત્યારથી મારું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું છે'. વિદ્યાર્થીઓ તેમના પ્રાણવાયુ હતા અને પુસ્તકો તેમના પ્રાણ હતા. આ બન્ને તેમની પાસેથી છિનવાઈ ગયાં. વિદ્યાર્થીઓમાં તે મ્હોરતા અને પુસ્તકોમાં તે મહાલતા. સરસ્વતીના આ મહાન ઉપાસકના નેત્રોનું નૂર નિવૃત્તિ બાદ હણાયું એ તેમના માટે પ્રચંડ આઘાત હતો. પુસ્તકના એ જીવને પુસ્તકવિહોણા બનવું પડ્યું તેનું ભારે દુઃખ હતું. છતાં 'મરજી ખુદાની' એમ બોલી ચૂપ રહેતા. આંખોની તકલીફ થતાં તેમની પાસે રણછોડ સોલંકી નામનો એક યુવાન રોજ વાંચવા આવતો. વળી તેમની પાસે પચાસ વર્ષ પૂર્વે ભણી ગયેલા શ્રી રામભાઈ અમીન તેમની પાસે રોજ આવતા અને શ્રીઅરવિંદનાં પુસ્તકોનું વાચન કરતા. આ વાચનકાર્ય અને શ્રવણકાર્ય છેલ્લા દિવસ સુધી ચાલુ રહેલું. આંખોનું તેજ હણાઈ ગયા પછી તેઓ અંતર્મુખ બની ગયેલા. પુસ્તકની વ્યવસ્થા બાબતમાં પણ તેઓ ખૂબ ચ[illegible]ખતા. એકવાર તેમનાં પુત્રી આરમઈતીને કોઈ કવિ વિશે [illegible] જોઈતી હશે તો તેમણે પૂર્ણ ચોકસાઈથી માહિતી આપેલી. કયું કબાટ, કયું ખાનું, કેટલા નંબરની ચોપડી અને કેટલા નંબરનુ પાનું ! આ સમગ્ર માહિતી પ્રમાણે જ

સંદર્ભ મળેલો. આ કારણથી જ્યાંથી પુસ્તક લીધું હોય ત્યાં જ મૂકવાનો તેઓ આગ્રહ રાખતા.

તેમનાં રુચિ, રસ, આનંદ બધું પુસ્તકોમાં સમાયેલાં હતાં છતાં પણ તે ભારે ક્રિકેટપ્રેમી હતા. જો ભારત ક્રિકેટ રમતું હોય તો બધું બાજુએ મૂકી તે રેડિયો પર ક્રિકેટ કોમેન્ટરી સાભળવા બેસી જતા. એમાંયે જયારે કાનપુરમાં શ્રી જસુ પટેલે ભારતને જે જવલંત વિજય અપાવેલો ત્યારે તો તે હર્ષોન્મત્ત બની ગયેલા. ગંભીર હોવા છતાં પણ કયારેક પોતાના પર પણ તેઓ મજાક કરી લેતા. આમ, તેઓ ખેલદિલ પણ હતા.

પચાસ પચાસ વર્ષો સુધી તેમણે અધ્યાપન કર્યું અને ત્રણ ત્રણ પેઢીના તેઓ ગુરુ બન્યા. સાચું કહીએ તો તેમણે વિદ્યાર્થી અવસ્થાથી છેક મૃત્યુ સુધી અધ્યયન કર્યું હતું. વિલાયત નહોતા ગયા છતાં પણ વિલાયત જઈ આવેલાઓ કરતાં પણ તેઓ આંગ્લ સાહિત્યના વધુ જ્ઞાતા હતા તે નિર્વિવાદ છે. સાબરમતીના એક છેડે 'સાબરમતીના સંત' હતા તો બીજે છેડે આ 'સરસ્વતીના સંત' હતા. આ બન્ને સંતોથી અમદાવાદ નગરી ગૌરવાન્વિત થઈ હતી.

મૃત્યુની આગાહી તેમને થઈ ગઈ હતી. મૃત્યુના થોડા દિવસો અગાઉ તેમણે તેમનાં પત્નીને કહેલું કે હવે તેઓ બહુ દિવસ ટકશે નહીં. તેમનાં પુત્રીને પણ તેમણે કહેલું કે એ તમનો છેલ્લો શિયાળો છે. પુત્રી સાથે મૃત્યુની વાતો કરી. તેમની સારવાર કરતા ડૉક્ટરને આભારનો પત્ર પુત્રી પાસે લખાવ્યો. પરદેશમાં ભારતની ટીમ ક્રિકેટ રમતી હતી તેનો સ્કોર પૂછ્યો. ૩૧મી જાન્યુઆરીએ કોમામાં પડી ગયા. તેમની ઈચ્છા મૃત્યુને પણ માન્ય રાખવી પડી. તેઓ કોઈની સેવા લેવી નહીં તેમ ઇચ્છતા હતા તે મુજબ બન્યું. ૧૯૭૮ના ફેબ્રુઆરીની ત્રીજી તારીખે શુક્રવારે બપોરે ૧-૫૦ વાગે એમનું અવસાન થયું.

તેમણે ગુજરાતી અને અંગ્રેજીમાં કેટલાંક પુસ્તકો લખ્યાં હતાં. 'આર્ટ એન્ડ મોરાલિટી એન્ડ અધર એસેઝ', 'ઈરાન એન્ડ ઈટ્સ કલ્ચર', 'મોત પર મનન', 'જરથુષ્ટ્ર દર્શન', 'સોક્રેટીસ એન્ડ ક્રાઈસ્ટ', 'ઈરાનનો ચિરાગ', 'ઈરાન એન્ડ ઈંડિયા થ્રુ એજિઝ'. આ બધાં પુસ્તકોમાં તેમની વિદ્વત્તા, ભકિત, શ્રધ્ધા, ધાર્મિકતા, સદ્‌વિચારો, અગાધ જ્ઞાન, તર્કબધ્ધ દલીલો અને ઈતિહાસ પ્રત્યેની અભિરુચિ વ્યકત થાય છે.

આવા આ ગુરુવર્યના અવસાનની નોંધ ઠેર ઠેર લેવાઈ. શોકસભાઓ ભરાઈ, તેમનાં ગુણગાન ગવાયાં. સરસ્વતીના આ પૂજકે ૮૫ વર્ષની ઉંમરે પૃથ્વી પરથી પ્રયાણ કર્યું. પૃથ્વી જાણે સૂની પડી ગઈ. અમદાવાદમાં જ્ઞાનની ધૂણી ધખાવી બેઠેલા આ મહર્ષિ ભુલાય તેમ નથી. શ્રી ઉમાશંકર જોશીના કહેવા મુજબ તેઓ પારસી એટલે પા-ઋષિ નહીં પણ આખા ઋષિ હતા. ગુજરાત કોલેજના આચાર્ય શ્રી ભાંડારકરે કહેલું, "Prof. Daver is an institution by himself.' પ્રેમ-ભકિતના તો તે પૂજારી હતા. ખાનપુરમાં આવેલા તેમના નિવાસસ્થાનને કશું નામ નથી આપેલું તેથી કોઈકે તેમને પૂછ્યું કે નામ આપવાથી ઈચ્છા થાય તો તેઓ કયું નામ આપશે? તેમનો જવાબ હતો, 'પ્રેમ-ભકિત'-Love and Devotion. આ એમના માનીતા શબ્દો હતા, જે તેમના અણુઅણુમાં ભરેલા. જીવનના દરેક ક્ષેત્રમાં તેમણે સ્નેહ અને સમર્પણભાવથી કાર્ય કર્યું. જયાં ગયા ત્યાં પ્રેમસરિતા વહાવી. સૌજન્ય, સંનિષ્ઠા અને સદ્‌ભાવનાના ત્રિવેણી સંગમ સાથે દાવરસાહેબે જીવનભર જ્ઞાનવારીને અવિરત વહેતાં રાખ્યાં. Work is worshipનું સાચું સ્વરપ પ્રકટાવી તેઓ આધુનિક યુગના એક 'ઋષિ અધ્યાપક' બન્યા. આ પ્રખર વિદ્વાનમાં જે નમ્રતા, સાદાઈ, નિરાભિમાન અને નિરાડંબર હતાં તે આપણને સહુને નરસૈયાના સાચા વૈષ્ણવજનની ઝાંખી કરાવતાં. કલાના તેઓ ઉપાસક હતા પણ 'કલા ખાતર કલા' સાથે તેઓ સહમત થતા નહીં. તેમના મતે કલા ખાતર 'કલા'માં કલા ખરી પણ એ શ્રેષ્ઠ નહીં, એમાં ઉત્તમની સાથે અધમ પણ આવે જ; પણ તેને પુરસ્કારાય નહીં તેથી જ તો તેમના માનીતા લેખક અને કવિઓમાં હતા: રસ્કિન, વડ્ઝવર્થ, મિલ્ટન, ટેનિસન વગેરે. ત્રણ પેઢીના આ ગુરુને નરરત્ન, અધ્યાપકોના પિતામહ, પંડિતવર્ય, વિદ્યાપુરુષ, મહામાનવ, મહર્ષિ, અજાતશત્રુ, સ્થિતપ્રજ્ઞ કેટકેટલાં વિશેષણથી નવાજીશું !

મારા ગુરુવર્ય પૂ. શ્રી દાવરસાહેબને હું બીજું તો કાંઈ અર્પણ કરી શકું તેમ નથી, મારી તાકાત પણ નથી, છતાં કરદ્વય જોડી, નત મસ્તકે વંદન કરી એક વર્ષ બાદ તેમની જન્મશતાબ્દી આવવાની છે ત્યારે હું આ રીતે મારી નમ્ર પૂર્વાંજલિ ધરું છું. ☐

અનુસંધાન) ચકલીઘર (પૃ. ૨૨૯થી

વકીલે કહેલું, 'અચ્છા! જેવી તમારી ઇચ્છા...આવતી મુદતે કેસ પાછો લઈ લઈશું...ઓકે. !'

અને એ ગયા પછી એમણે મને પૂછેલું, 'શું ચકલીઓએ આજે પેલા ઘરમાં માળો કર્યો છે?

મેં કહેલું, 'હા, ચકલાં તેમાં ઘાસ-પાંદડાં-સળીઓ ગોઠવતાં હતાં!'

'ચાલો, એ ખુશ થયાં ને...ચકલાંના જીવને એટલી સલામતી તો મળી!' એમણે હળવેથી કહેલું ને પછી આખો ઓરડો ભરાય એમ હસેલાં! ને બીજી ક્ષણે એમની આંખમાં આંસુ આવી ગયેલાં... ખબર નહીં કેમ?

બા એટલું જ બોલેલી, 'જિંદગીમાં એક સારું કામ થાય તો તારા બાપુને હંમેશ હરખનાં આંસુ આવે છે!'

ને બાપુની એ આંખો નજર સામે આવે છે...એ ય આવા જ વરસાદના દિવસો હતા.... ☐

ચકલીઘર

—યોસેફ મેકવાન—

વરસાદના આ દિવસોમાં પલંગમાં પડ્યો પડ્યો બારી બહાર અનરાધાર વરસતા વરસાદને તાકી રહું છું. બારીના સળિયા પર એક ચકલી આવી બેસે છે... પાંખો પહોળી કરી પાણી ખંખેરી ચહકે છે...

અને વરસો પહેલાના એ ય વરસાદના દિવસો હતા. એ વખતે હું તેર-ચૌદ વરસનો હોઈશ.

બાપુ બજારમાં જાય એટલે અમારે માટે કશું ને કશું લેતાં આવે. એ દિવસે બાપુ બજારમાં ગયેલા. એ વખતે એક નાનું ચકલીઘર લઈ આવેલા. અમે તરત તેમને વીંટળાઈ વળેલા.

અમારા આશ્ચર્ય વચ્ચે એમણે માટીનું નાનું એ ચકલીઘર મૂકયું.

મેં કુતુહલ વશ પૂછેલું, 'આ શું છે ? '

'ચકલીઘર! '

'ચકલીઘર? એ વળી શું? એમાં કયાં ચકલી છે?'

બાપુ ઓરડો ભરાય એવું હસી પડેલા. પછી કહેલું : 'આ ચકલીઘર આપણે પરસાળમાં લટકાવીશું... આપણાં ઘરમાં ચકલી માળો કરે છે તે હવે આમાં કરશે! '

અમે એ સાંભળી મલકી પડેલાં!

મને થયેલું... કેવું નાનું ઘુમ્મટ આકારનું ઘર છે! મંદિરનો ઉપરનો ભાગ હોય એવું...

મારી બેને કહેલું, 'ચકલી નસીબદાર ગણાય... એને ય રહેવા માટે માટીનું ઘર તો મળશે...!'

પછી બાપુએ તે ચકલીઘરના ઉપરના ભાગના કાણામાં જાડો તાર પરોવી પરસાળના એક ખૂણે અધ્ધર ખીલી સાથે લટકાવી દીધેલું.

મને યાદ છે... તે પછી હું પરસાળના એક ખૂણે તૂટેલી ખુરશીમાં બેસી જોયા કરતો કે કયારે ચકલી આવે ને તેમાં રહેવા જાય. પણ રે ! બપોર વીતિ... સાંજ પડી... તો ય કોઈ ચકલી એ બાજુ ફરકી પણ નહિ.

મેં છેક સાંજે બાપુને કહેલું, 'જાવ... તમારા લાવેલા ઘરમાં તો કોઈ ચકલું ય નથી આવતું... એને હશે કે આ મને પકડવા ગોઠવ્યું છે! '

બાપુએ કહેલું, આવશે...એની નજરે ચડશે તો એ એમાં આવીને રહેશે. તું જોજેને!

બીજા દિવસે સવારે હું ને મારી બેન જોવા લાગ્યાં કે રાતે કોઈ ચકલી-બકલી રહેવા આવી છે કે નહિ? પણ રે રામ! ચકલી તો શું એનું પીંછું ય ત્યાં ન દેખાયું!

પછી એ બપોરે મેં બાપુને કહેલું, હજી ચકલીરાણી નથી આવ્યાં. ચાલોને, આપણે તેને આ તરફ ઉપાડી લાવીએ...

એમણે કહેલું, 'તું અને બેન જાવ... મારે તો આજે વકીલને ત્યાં જવાનું છે.. કેસ અંગે વાત કરવા...!'

એ દિવસે ય અમે ચકલીની રાહ જોઈ.. રજાનો દિવસ જાણે બગડ્યો... ચકલી ન દેખાઈ તે ન જ દેખાઈ!

ત્રીજે દિવસે સવારે બાપુએ અમને બૂમ પાડી બહાર પરસાળમાં બોલાવેલાં. અમને જોઈ કહેલું, 'જુઓ... ચકલીઓ...! તેમાં આવ-જા કરે છે... એમને મજા પડતી લાગે છે!'

અમારા આશ્ચર્ય વચ્ચે ખરેખર ચાર-પાંચ ચકલાં ત્યાં ઊડાઊડ કરતાં હતાં. અંદર જતાં, બહાર આવતાં ને લડતાં... ચીં...ચીં કરી મૂકતાં.

હું ને બેન હસી પડેલાં. ખૂબ ગમ્મત થયેલી. મારા બાપુ ગંભીર ભાવે જોઈ રહેલા. એમની આંખો કોઈ ઊંડા વિચારમાં હોય' એમ ત્યાં ચકલાં વચ્ચે ઊડતી હતી. મેં કહેલું, 'અરેરે! કેવાં લડે છે આ ચકલાં...ઘર માટે, નહીં બાપુ ! અત્યાર સુધી ન હતું ત્યારે શું કરતાં હતાં ? સાવ બુધ્ધુ જ... નહિ તો...!'

બાપુ જોઈ જ રહેલા... કંઈ બોલેલા નહીં...

મેં પૂછેલું, 'આમ લડાય કંઈ, બાપુ ?'

એ ત્યારે પણ કંઈ બોલેલા નહીં.

મેં કહેલું, 'લો, એક તો રહેવા માટે ઘર લાયા તો સંપીને રહેવાને બદલે લડે છે!'

બાપુ કંઈ બોલ્યા નહીં... પણ ઊંડા વિચારમાં હોય એમ મને લાગેલું...

અને તે દિવસે સાંજે અમે બધાં બેઠા હતાં. ત્યાં જ કાળો કોટ ચડાવેલા એક ભાઈ ઘેર આવેલા. કાળો કોટ જોઈ મને થોડી ચીતરી ચઢેલી ! મારા બાપુએ પેલા ભાઈને કહેલું,

'વકીલસાહેબ, પેલા મકાનનો કેસ કાઢી નાખવા મેં તમને બોલાવેલા... મારે મોટાભાઈ પાસેથી કંઈ ઘર જોઈતું નથી. આ એક છે મારી કમાઈનું... બહુ થયું. હવે લડવું નથી.'

'પણ ભાઈ, આપણે કેસ જીતીએ એવા પુરાવા છે...તમે નાના છો... બાપની સેવાચાકરી કરેલી..... તે તમારો હક્ક મળશે...'

'નહીં વકીલસાહેબ, મારે ન જોઈએ. આ છે એ જ મારે પૂરતું છે. હવેની મુદતે કેસ પરત લેજો.....બસ!'

(અનુસંધાન પૃષ્ઠ ૨૨૮ પર)

આરોગ્યસૂત્ર

- શરદીને કારણે નાક દદડતું હોય અને પુષ્કળ છીંકો આવતી હોય તો રોજ સવારે અને સાંજે 'મહાલક્ષ્મીવિલાસરસ'ની એકએક ગોળી પીસીને મધમાં ઘૂંટી ચાટી જવી. શરદી બંધ થાય એટલે આ દવા બંધ કરવી. ફરી શરદી થાય ત્યારે યે શરદી રહે તેટલા દિવસ આ જ દવા લેવી. આખો શિયાળો, ઘેર જ હો ત્યારે, સૂંઠ નાખીને ઉકાળેલું લગાર ગરમગરમ પાણી પીવાનો આગ્રહ રાખવો. રોજ સવારે નાકમાં બેબે ટીપાં દેશી દિવેલ નવશેકું કરીને નાખો. ઊકળતા પાણીમાં અજમો નાખીને અનુકૂળ સમયે તેની વરાળનો નાસ લેતા રહો.
- રાતે અને પરોઢિયે ખાંસીના વેગ આવે છે? બ્લડ રિપોર્ટમાં ઈઓસિનોફિલ્સ નામના શ્વેતકણો વધી ગયાનું જણાય છે? ડૉક્ટર એલર્જીથી થતા 'ઈઓસિનોફિલિયા' નામનો રોગ હોવાનું કહે છે? તો, આખો શિયાળો 'શ્વાસકાસચિંતામણિરસ' નામની દવાની એકએક ગોળી પીસીને સવાર-સાંજ મધમાં ચાટવી. રોજ સવાર-સાંજ એકએક ચમચી હળદર ફાકવી, અને અઠવાડિયામાં એકબે વાર રાતે પંદર-વીસ ગ્રામ જેટલું દેશી દિવેલ પીતા રહેવું.
- દમ (શ્વાસ-અસ્થમા) સામે લડવાનો ઉત્તમ ઈલાજ છે ઉપવાસ. દમનો હુમલો આવે એટલે ખાવાનું બંધ કરવું. આમ એક બે ત્રણ કે ચાર ટંક ઉપવાસ રાખવો. સૂંઠ નાખીને ઉકાળેલું પાણી જ પીવું. દમ શાંત થતાં હળવો પ્રવાહી ખોરાક લેવો, અને સારું થતાં સામાન્ય ખોરાક લેવો. રાતે વહેલા અને હલકું ખાવાનું રાખવું. અલબત્ત, દમ મૂળમાંથી મટવાનો ઓછો સંભવ છે, પણ દવાઓ કરતાં અહીં બતાવેલો ઉપચારક્રમ ઉત્તમ અસર કરનાર અને બિનહાનિકારક છે.
- 'અષ્ટાંગહૃદય'ના કર્તા વાગ્ભટ્ટ કહે છે કે, ઉકાળેલું જરાક ગરમ પાણી પીવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે. આમ નહિ પચેલા કાચા રસનું પાચન થાય છે અને મૂત્રાશયની શુદ્ધિ થાય છે. ગરમ પાણી પચવામાં હલકું છે. ઉકાળેલું ગરમ પાણી પીવાથી હેડકી, આફરો, વાયુ અને કફના રોગો, નવો તાવ, ખાંસી, આમ દમ, પડખાંની શૂળ વગેરેમાં લાભ થાય છે.
- શિયાળામાં અવાજ બેસી જાય તો કાળા મરીનો દાણો મોંમાં રાખીને ચૂસવો. આ રીતે દિવસભરમાં ત્રણથી ચાર દાણા ચૂસતા રહેવાથી અવાજ ખૂલી ચૂકે.
- બાળકને પેટમાં આફરો ચડ્યો હોય તો 'શંખવટી' નામની દવાની અર્ધીઅર્ધી ગોળી વાટીને બેબે કલાકે બાળકને મધમાં ચટાડવી. પાણી ઉકાળેલું પાવું. બાળકને આવું અવારનવાર થતું હોય તો સ્તનપાન કરાવતી માતાએ પોતાના આહારમાંથી પચવામાં ભારે તથા વાયડા પદાર્થોનો ત્યાગ કરવો. □

'પુનર્વસુ'

લઘુકથા

જવાબ આવ્યો

— મનુભાઈ દેસાઈ —

રમેશ બીએસ.સી.માં પાસ થઈ ગયો. એને તથા એના પિતાને પુષ્કળ આનંદ થયો. મા તો રમેશને મૂકીને જ અવસાન પામી હતી, પણ પિતાએ એને માની ખોટ જરાયે જણાવા દીધી નહોતી. જો કે છેલ્લાં બેએક વર્ષથી એમની તબિયત પણ ઠીક રહેતી નહોતી.

રમેશને થયું કે હવે એ પિતાને જોઈતો આરામ આપી શકશે. પણ પાસ થયા પછીનો એનો આનંદ બહુ ટક્યો નહિ. થોડા જ દિવસોમાં પિતા પરલોક સિધાવ્યા. એકલો પડી ગયેલો રમેશ શોકસાગરમાં ડૂબી ગયો. પણ એમ શોક કર્યા કરવાથી ક્યાં સુધી ચાલે? પિતાનું શ્રાદ્ધકારજ વગેરે પતાવી એણે પોતાનાં સર્ટિફિકેટોની ખરી નકલો કરાવી, તેના ઉપર રાજ્યપત્રિત અમલદારોની સહીઓ લઈ નોકરી માટે અરજીઓ કરવા માંડી. ઓળખીતાં બધાંને એ મળી આવ્યો. 'અત્યારે તો કંઈ થઈ શકે તેમ નથી, પણ જરૂર પડ્યે જરૂર પ્રયત્ન કરીશું' વગેરે જેવા બોલ સાંભળવાથી વિશેષ કંઈ વળ્યું નહિ. સૌએ આશા આપી, પણ કોઈએ નોકરી આપી નહિ.

'જોઈએ છે' અને 'વૉન્ટેડ'ની જાહેરખબરો વાંચીવાંચીને એણે અરજીઓ કર્યે જ રાખી, પણ એનો જવાબ લઈને ટપાલીને એણે કદી પોતાના ઘર તરફ વળતો જોયો નહિ.

અંતે કંટાળીને રમેશે પોતાની બધી જ લાયકાતો અને ભણતર દરમિયાન મેળવેલાં ઈનામોનો હવાલો આપીને પોતે તદ્દન ઓછા પગારે અને કોઈ પણ કામ કરવા તૈયાર છે એવી વિગત સાથે બૉક્સ નંબર પર એક જાહેરખબર આપી.

અને ચારેક દિવસ બાદ એણે ટપાલીને પોતાના ઘર તરફ વળતો જોયો. પોતે આપેલી જાહેર ખબરના જવાબમાં હવે જરૂર નોકરી મળશે એવી આશાથી એનું મન હરખાઈ ઊઠ્યું.

ટપાલી આવ્યો અને બોલ્યો, 'લો, તમારો પત્ર છે, પણ નોટપેડ છે એટલે એક રૂપિયો આપો.'

તુરત ઘરમાં દોડી જઈ રૂપિયો લઈ આવીને એણે કવર લઈ લીધું. અંદર જઈ એણે એ ખોલ્યું અને તેમાંનો પત્ર વાંચવા લાગ્યો. લખ્યું હતું :

'ભાઈશ્રી, તમે આપેલી જાહેરાતનો દર પચ્ચીસ રૂપિયા છે, પણ નવા આવેલા કારકુને ભૂલથી ફક્ત વીસ રૂપિયા જ લીધા હતા તો બાકીના પાંચ રૂપિયા વળતી ટપાલે મનીઑર્ડરથી મોકલી આપશો. તમારી જાહેરાતનો કોઈ જવાબ મળ્યો નથી.' □

પૈસો કદી જેલમાં જતો નથી

વિનોદ ભટ્ટ

એક વાચકે એકવાર મને પૂછ્યું હતું કે પૈસો એ હાથનો મેલ છે, એ જાણવા છતાં લોકો કેમ તેને પોતાની તિજોરીમાં સાચવીને મૂકે છે? જેના જવાબમાં આ લખનારે તેને જણાવ્યું હતું કે લોકો એ પણ જાણે છે કે હાથના આ મેલ દ્વારા બીજા અનેક મેલો ધોઈ શકાય છે.

પૈસાની તરફેણમાં અને વિરુદ્ધમાં ઘણું બધું કહેવાયું છે. બાઈબલના મતે સર્વ પાપોનું મૂળ પૈસો છે, તો આપણા એક સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે 'સર્વે ગુણા: કાંચનમ્ આશ્રયન્તે' (સોનામાં બધા ગુણ રહેલા છે.) પૈસો પોતે સારો કે ખરાબ નથી હોતો, પણ જેની પાસે તે હોય છે તેને તે સારો લાગે છે. પૈસાની નિંદા પૈસાપાત્ર માણસ ભાગ્યે જ કરે છે. મોટે ભાગે તો જેની પાસે તે નથી હોતો એવાં લોકો જ તેને વિશે આડુંઅવળું બોલતાં હોય છે.

સોક્રેટીસ, કન્ફ્યૂશ્યસ કે પ્લેટોએ પૈસાને અતિ ગૌણ ગણ્યો હોવાનું કહેવાય છે, પણ એ બધા પાસે પૈસા નહોતા એ ગૌણ વાત નથી. કાર્લ માર્ક્સે ધનની વહેંચણીની વાત કરી છે, કેમ કે તે મુફલીસ હતો, કડકો હતો. બાકી તેની પાસે આઠ-દસ બંગલા હોત ને તેણે મૂડીની સમાન વહેંચણીની વાત કરી હોત કે તેણે 'દાસ કેપિટલ' લખી હોત તો મનાત કે તે સાચુકલો સમાજવાદી છે. તે કાગળ પરનો સમાજવાદી હતો. બર્નાર્ડ શૉ કહેતો કે તમામ અનર્થોનું મૂળ અર્થનો અભાવ છે. કાર્લ માર્ક્સની ને સમાજવાદની વાતો કરનાર શૉ કહેતો કે પૈસો એ સૌથી મહત્ત્વની ચીજ છે. તે તંદુરસ્તી, શકિત , સન્માન, અને સૌંદર્યનું પ્રતિનિધિત્વ કરે છે. અને તેનો અભાવ માંદગી, અવહેલના કૂપમંડૂકતા અને બેડોળપણું બને છે. શૉનો ધનપ્રેમ જોઈને તેની મિત્ર લેડી એસ્તેરે વ્યંગમાં કહ્યું હતું કે 'મેં આવો એક પણ સમાજવાદી જોયો નથી જેને શૉ જેટલી પૈસાની ભૂખ હોય, તેના મિત્ર વિન્સ્ટન ચર્ચિલે પણ તેના લક્ષ્મી-પ્રેમ અને સામ્યવાદને જોડીને વ્યંગમાં કહ્યું હતું કે 'મિ. શૉ ધનિક અને સાથેસાથે પરિગ્રહી મૂડીવાદી તેમજ સંનિષ્ઠ સામ્યવાદી છે. તેનું આધ્યાત્મિક ઘર રશિયા છે... પણ તે ઈંગ્લેન્ડમાં ઠાઠથી રહે છે...' તેના વર્તુળમાં તે સમાજવાદી લખપતિ તરીકે ઓળખાતો. પૈસાનું મહત્ત્વ તેને કાર્લ માર્ક્સના જીવનમાંથી જ સમજાયું હતું. શૉ પાસે પૈસા આવ્યા પછી તો તે પણ ક્યારેક સમાજવાદની મજાક-મશ્કરી કરી લેતો. તેના નામે આ રમૂજ જાણીતી છે...

એક વાર કોઈ હૉલમાં ચાલતી સમાજવાદીઓની સભામાં બર્નાર્ડ શૉ જઈ ચડ્યો. પ્રેક્ષકોના આગ્રહથી તેણે ધનની અસમાન વહેંચણી પર એક જોરદાર ભાષણ ઝીંક્યું. પછી ઊમેર્યું : 'જેવો હું આ હૉલમાં પ્રવેશવા જતો હતો ત્યાં હૉલના દરવાજા આગળ મેં એક રોલ્સ રોઈસ કાર જોઈ, જેની કિંમત નાખી દેતાંય બે હજાર પાઉન્ડથી ઓછી નહીં હોય. હવે તમે જ કહો', તેણે સભાજનોને પ્રશ્ન કર્યો : 'કે જ્યારે ઈંગ્લેન્ડના લાખો મજૂરો ગરીબીમાં સબડતા હોય ત્યારે એક માણસને આટલી સાહ્યબી ભોગવવાનો કોઈ અધિકાર ખરો? સભાજનોને પુછાએલો આ પ્રશ્ન ખૂબ જ વેધક અને અસરકારક રહ્યો. પ્રેક્ષકોનું ઉશ્કેરાયેલું ટોળું દરવાજા તરફ દોડી જવા લાગ્યું. 'અબઘડી એ રોલ્સ રોઈસ કારના ભુક્કા બોલાવી દઈએ' જેવા ભાવો તેમના ચહેરા પર હતા. 'સબૂર....જરા સબૂર કરો..' એ ટોળાને શૉએ જણાવ્યું. 'તમારી લાગણીની હું કદર કરું છું, પણ તમે એ રોલ્સ રોઈસ ભાંગી-તોડી નાખો ત્યાર પહેલાં જાણી લો કે એ કાર મારી છે....'

કોઈ પણ વ્યવહાર પુરુષે પૈસાને ગાળ દઈ તેનું મૂલ્ય ઓછું આંક્યું નથી. ભગવાન જેવા ભગવાન રજનીશે પણ પૈસા વિશે ઘસાતું કહ્યું નથી, એટલે જ કહેવાય છે કે ભગવાન પૈસા વિશે શું વિચારતો હશે એ તમારે જાણવું હોય તો તમારે એ લોકો પાસે જવું જેમને ઈશ્વરે પૈસો આપ્યો છે. સમરસેટ મૉમ કહેતા કે પૈસો છઠ્ઠી ઈન્દ્રિય જેવો છે, જેના વગર તમે તમારી પાંચ ઈન્દ્રિયોનો સંપૂર્ણ ઉપયોગ કરી શકતા નથી.

અગાઉના સમયમાં જે લોકો પાસે માત્ર કૂતરાં જ હતાં, કાવડિયા નહોતા, એવાં લોકો દ્વારા કહેવાતું કે, પૈસાને તો કૂતરાંય નથી સૂંઘતાં. ખરેખર તો કૂતરાંજ નથી સૂંઘતાં ; કેમ કે પૈસાની ખરીદશકિતની તેમને ખબર નથી. છતાં ગરીબનું ઘર કયું છે એની તો દરેક કૂતરાને જાણ હોય છે. કૂતરાં પાળનાર એક મિત્ર કહેતો હતો કે હવે તો કૂતરાંમાંય પહેલાં જેવી વફાદારી રહી નથી, જો ચોર તેને બિસ્કિટ આપે તો માલીકનો રોટલો ભૂલીને ચોર સામે ભસવાને બદલે તે પૂંછડી પટપટાવે છે. પૈસાના સંદર્ભમાં જ જુવેનલે દાઢમાં કહ્યું છે કે પ્રામાણિકતા ખૂબ વખણાય છે અને ભૂખે મરે છે.

પૈસામાં પ્રચંડ તાકાત છે. સ્પેનની એક ઉકિત પ્રમાણે પૈસો કદી જેલમાં જતો નથી. પૈસો ગાંડાને ય ડાહ્યો બનાવે છે. અમારા બકુમામા કહે છે કે એક જમાનો હતો જ્યારે મૂરખને તેના પૈસાથી અલગ તારવી શકાતો હતો, પણ હવે ભેળસેળ થઈ ગઈ છે. એક અંગ્રેજી કહેવતમાં કહેવાયું છે કે સોનાથી લદાએલ ગધેડો ય કિલ્લાની ટોચ પર પહોંચી શકે છે.

જેની પાસે પૈસો હોય છે તે ચારિત્ર્યવાન, પ્રામાણિક, સુંદર અને બુદ્ધિશાળી હોય છે. તેની બુદ્ધિની પણ લોકો ઈર્ષ્યા કરે છે...એક માણસ, એક વાર ચૌદ નંબર લગાવીને દસ લાખ ડૉલર કમાયો.

રાતોરાત લખપતિ થઈ જનાર તે લક્ષ્મીનંદનને કોઈકે કુતૂહલથી પ્રશ્ન કર્યો કે આ ચૌદનો આંકડો તમે કઈ રીતે પસંદ કર્યો હતો? એની પાછળ તમે કઈ ગણતરી, કયો તર્ક, કયા પ્રકારની નિર્ણયશકિત, કયો અનુભવ કામે લગાડેલો? ત્યારે પેલા ધનપતિએ ચોખવટ કરી : 'મને એક સપનું આવ્યું હતું, એમાં નવનો આંકડો દેખાયો. પછી મને છનો આંકડો દેખાયો' એટલે મેં મગજ કસ્યું. બુદ્ધિ દોડાવી. બહુ વિચાર કર્યો, મનોમંથન કર્યું. અંતે નક્કી કર્યું કે ૯+૬ = ૧૪ થાય, અને મેં ચૌદનો આંકડો લગાવ્યો.

મારા એક ક્લાયન્ટનો મહેતાજી કામપ્રસંગે મળવા આવ્યો. તેના શેઠનું તાજેતરમાં અવસાન થયું હતું, એટલે મેં તેને અમસ્તું જ પૂછ્યું :' શેઠનો દીકરો હોંશિયાર છે?' જવાબમાં મહેતાજીએ ગંભીરતાથી માહિતી આપી : 'શેઠનો દીકરો છે એટલે હોંશિયાર તો હોય જ ને! '

પૈસો ભલભલા બુદ્ધિવાદીને નસીબમાં માનતો કરી દે છે. મારો એક ઓળખીતો પત્રકાર કહે છે કે 'પહેલાં હું નસીબમાં લેશમાત્ર માનતો નહોતો, પણ આ પ્રેસમાં દાખલ થયો ને તંત્રી-માલિક સાથે કામ કરવા માંડ્યો ત્યારે થયું કે સાલું નસીબ જેવું ચોક્કસ કંઈક હોવું જોઈએ, આ જગતમાં. '

પૈસાને ધિક્કારનારા કહે છે કે પૈસો એ શેતાનની શોધ છે. હશે. શેતાનની શોધ હશે કદાચ, પણ શેતાનની આ શોધ -પૈસો- માણસને ઈશ્વરત્વ બક્ષે છે. પૈસાથી માણસ પૃથ્વી પર સ્વર્ગ ખડું કરી શકે છે. મન ફાવે તેમ રહી શકે છે ને પૈસાથી તે સમય જેવા સમયને પણ ખરીદી શકે છે. સેમ્યુઅલ જહોનસને કહ્યું છે કે જે માણસ ધનના ઢગલા પર બેઠો હોય છે તે કોઈ પણ વિષય પર બોલી શકે છે. એટલું જ નહીં, લોકો તેને ધ્યાનથી સાંભળતાં પણ હોય છે... એક વાર એક યુવકે તેની પ્રેયસીને પૂછ્યું કે રૂપિયા બે લાખ વાસ્તે તું કોઈ બેવકૂફને પરણવા તૈયાર થાય ખરી? - ત્યારે તે છોકરીએ સામેથી જાણવા માંગ્યું હતું : 'તારું બેન્ક બેલેન્સ કેટલું છે?'

કહે છે કે અન્ય પ્રાણીઓથી માણસ એક જ બાબતે અલગ પડે છે ને તે છે ' આર્થિક ચિંતા.' આ આર્થિક ચિંતાએ જ તો ભિષ્મને મૂંગા કરી દીધા હતા. દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચાતાં હતાં ત્યારે દ્રૌપદીએ સમર્થ એવા ભિષ્મદાદાની મદદ માગતાં નીચું જોઈ ભિષ્મે કહી દીધું: 'શું કરું, હું તો અર્થનો દાસ છું...' ભલભલા વીર પુરુષને દાસ બનાવી દેવાની તાકાત પૈસામાં છે. પૈસો બોલે છે ત્યારે સત્યને પણ ચૂપ થઈ જવું પડે છે.

લોહીને લાલ સોનું કહેવામાં આવે છે. લોહી લાલ સોનું છે. હશે. મંજૂર. પણ પૈસા આગળ તે પોતાની લાલાશ ગુમાવી દે છે, છોડી દે છે. લોહીનો સંબંધ પૈસા આગળ પાતળો પડી જાય છે. પૈસા માટે કેટલાક માણસો લોહી આપે છે, લોહીનો વેપાર પણ કરે છે.

એમર્સનનું એક કથન છે કે પૈસા ઘણી વાર બહુ મોંઘા પડે છે. એ વાત પણ સાચી છે કે માણસને ખરીદવા કરતાં પૈસાને ખરીદવો વધુ અઘરો છે. હવે તો માણસ જ નહીં, દેશપ્રેમ પણ પૈસાથી ખરીદી શકાય છે, આસાનીથી.

ઈન્કમટેક્ષવાળા ભલે પૈસાને ધોળો ને કાળો એમ બે ભાગમાં વહેંચતા હોય, પણ પૈસાનો રંગ મેઘધનુષ જેવો છે. તમને તેમાંથી એટલે કે તેની મદદથી જીવનના ઘણા બધા રંગો જોવા મળે છે, તેના અભાવમાં પણ.

એખ ફ્રેન્ચ કહેવત છે કે શાંતિમાં ધન સર્જાય છે. ધન પછી યુદ્ધ કરે છે. આ કહેવતમાં એટલું ઊમેરી શકાય કે ધન યુદ્ધ કરે છે ખરું, પણ તે કયારે ય જખ્મી થતું નથી.

આજે તો પૈસો ગંગાજળ જેટલો પવિત્ર છે. તે ગમે તેવા મલિનજનને શુદ્ધ નિર્મલ ને આબરૂદાર બનાવી શકે છે, ખલનાયકને ચરિત્રનાયક બનાવી શકે છે.

ને આપણે ભારતવાસીઓ તો પૈસાને દૈવી શકિત માનીને તેનું સદીઓથી પૂજન કરીએ છીએ. ધન એ મહાશકિત છે.

એક જ્ઞાનવૃદ્ધ સજ્જન પૂછે છે કે તમારે ધનની શકિતનો પરચો જોવો છે? - તો તમે રસ્તા પર જાવ ને એક માણસને નીતિ પર પ્રવચન આપો ને બીજાના હાથમાં રૂપિયા સોની નોટ મૂકો, પછી જુઓ કે આ બેમાં કોણ તમને વધુ માન આપે છે!... □

ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર

"ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૯મું જ્ઞાનસત્ર તા. ૨૯, ૩૦ ડિસેમ્બરના રોજ સાવલી (જિ. વડોદરા) મુકામે યોજાશે.

જ્ઞાનસત્રમાં સાહિત્ય સ્વરૂપ, નાટક, લેખકના પુન:મૂલ્યાંકન શ્રી સ્વામી આનંદની સાહિત્યિક ઉપલબ્ધીઓની અને નવમા દાયકાની સર્જકતા અંગેની બેઠકો થશે.

જ્ઞાનસત્રમાં વધારેમાં વધારે સભ્યો ભાગ લઈ શકે એ માટે પરિષદના સભ્યોએ ભોજન-ઉતારાના રૂ. ૮૦/- અને ડેલિગેટ ફીના રૂ. ૨૦/- મળી કુલ રૂ. ૧૦૦/- પરિષદ કાર્યાલયમાં ભરવાની છેલ્લી તારીખ ૧૫મી ડિસેમ્બર રાખવામાં આવી છે."

।। કથાસરિત્સાગર ।।

કનુભાઈ જાની

તૃતીય તરંગ

પાટલિપુત્રનગરના નિર્માણની કથા (શ્લોક ૧ થી ૨૬)

એટલું કહ્યા પછી, એકાગ્ર ચિત્તે કાણભૂતિને સાંભળતો જોઈને, વરરુચિએ તે વનમાં પાછી પોતાની કથા આગળ ચલાવી.

કેટલાક કાળ બાદ એકવાર, સ્વાધ્યાયકર્મો પતાવીને દૈનિક કાર્યોથી પરવારેલા વર્ષઉપાધ્યાયને અમે પૂછ્યું : 'આ પાટલિપુત્રનગર આ રીતે સરસ્વતી અને લક્ષ્મી બંનેનું ક્ષેત્ર કેવી રીતે બન્યું તે, ઉપાધ્યાયજી, અમને કહો.' એ સાંભળીને એ કહે, 'સાંભળો. આ નગરની કથા એવી છે કે ગંગાદ્વાર (હરદ્વાર)[1] માં કનખલ નામે એક પવિત્ર તીર્થ છે. ત્યાં કાંચનપાત નામના દેવોના ગજરાજે ઉશીનગર નામે પર્વતને ભેદીને ગંગાજીને ઉતાર્યાં છે. ત્યાં (કનખલમાં) દક્ષિણનો એક બ્રાહ્મણ પોતાની પત્ની સાથે તપ કરી રહ્યો હતો. ત્યાં એની પત્નીની કૂખે ત્રણ પુત્રો જન્મ્યા. કાળ જતાં એ બંને દેવલોક પામ્યાં; એમના ત્રણે પુત્રો વિદ્યાધ્યયન કરવાની ઇચ્છાથી રાજગૃહ[2] નામના સ્થાનમાં ગયા. ત્યાં વિદ્યોપાર્જન કરીને એ ત્રણે અનાથ દુઃખી કુમારો દક્ષિણ દેશમાં સ્વામી કાર્તિકેયનાં દર્શને ગયા. ત્યાં સાગરતટે એક ચિંચિની નામે નગરી હતી. ત્યાં પહોંચીને, ભોજિક[3] નામના બ્રાહ્મણને ઘેર ઊતર્યા. એ બ્રાહ્મણને માત્ર ત્રણ કન્યા જ હતી. એ ત્રણેય એણે આ કુમારોને આપી, ધન પણ આપ્યું. એને આ કન્યાઓ સિવાયનું કોઈ સંતાન તો નહોતું ; એથી તપ કરવા એ ભોજિક ગંગાતટે ચાલ્યો ગયો.

હવે (આ બાજુ), શ્વસુરગૃહે આ ત્રણેય રહેતા હતા ત્યાં, વરસાદ ખેંચાતા, તીવ્ર દુકાળ પડ્યો. એથી આ ત્રણેય તો સાધ્વી જેવી ત્રણેય પત્નીઓનો ત્યાગ કરીને પોબારા ભણી ગયા!


'સ્પૃશન્તિ ન નૃશંસાનાં હૃદયં બન્ધુબુદ્ધય:'


નૃશંસોનાં ન હૈયાંને સ્પર્શે કે આપ્તભાવના!

(એમાં વળી) આ ત્રણમાંની વચલી તો બેજીવસોતી હતો, એથી એ ત્રણેયે, પિતાના એક મિત્ર યજ્ઞદત્તને ત્યાં આશરો લીધો. ત્યાં પણ પોતપોતાના પતિઓનું જ ચિત્તે ધ્યાન ધરતી ધરતી જેમતેમ કઠિન કાળ પસાર કરવા લાગી.

વિપત્તિમાંય શું છોડે સતીવૃત્ત કુલસ્ત્રી કે? કાળ જતાં વચલીએ પુત્રને જન્મ આપ્યો. અને એની પ્રત્યે ત્રણે બહેનો એકાબીજીથી અધિકતર સ્નેહ કરવા લાગી.

એમાં એકવાર વ્યોમમાર્ગેથી મહેશ્વર વિહાર કરતાં નીકળ્યા. અંકે બેઠેલ હતાં સ્કન્દજનની પાર્વતીજી. એમણે આ જોઈને (ભગવાનને) કહ્યું : 'ભગવાન! જુઓ! આ શિશુને પેલી ત્રણે સ્ત્રીઓ કેવી સ્નેહ કરે છે! મોટો થઈને એ એમને જીવનના ટેકારૂપ થઈ પડે એવી આશામાં એ સ્નેહબદ્ધ હશે! (તો પછી) બાલ્યાવસ્થામાં જ એમના જીવનનો એ ટેકણહાર બને, એવું થાય એમ કરોને!' પ્રિયાએ આમ કહ્યું એટલે વરદાની શિવજી બોલ્યા : 'મેં તો બહુ પહેલેથી જ એના પર અનુગ્રહ કરેલો છે જ! કેમ કે એણે સ-ભાર્યા મારી આરાધના (પૂર્વજન્મમાં) કરેલી ; એનું ફળ એને મળે માટે તો આ સંસારમાં એનો જન્મ થયો છે. એની પૂર્વભવની પત્ની પાટલિનામે, રાજા મહેન્દ્રવર્માની પુત્રીરૂપે જન્મી છે. અને આ ભવે પણ એ એની ભાર્યા થશે.' એમ કહીને શિવજીએ પેલી ત્રણ સાધ્વી સ્ત્રીઓને સ્વપ્નમાં (દર્શન દઈ) કહ્યું :





મનસાની ટેકરી ઉપરથી દેખાતું કનખલ) હરદ્વારનાં બે દૃશ્યો (હરકી પેડી, ગંગાના સામા કાંઠેથી

'આ તમારો બાલપુત્રક નામથી પણ પુત્રક તરીકે જ ઓળખાશે ; એ પ્રબુદ્ધ પુત્રક રોજેરોજ સૂઈને ઊઠશે ત્યારે એના ઓશીકા-તળેથી લાખ સુવર્ણમુદ્રા[૪] મળશે. એ રાજા થશે'. એ મુજબ એ સૂઈને ઊઠ્યો કે સોનું મળ્યું! યજ્ઞદત્તની સાધ્વી જેવી આ પુત્રીઓને આનંદ થયો ; એમનું વ્રત ફળ્યું. પછી તો એ સુવર્ણથી એમનો ખજાનો નિરંતર વધતો જ ચાલ્યો. થોડા સમયમાં એ પુત્રક રાજા થયો. (કહ્યું છે:) 'તપોऽધીના હિ સમ્પદ:' (સમ્પત્તિ તપને આધીન છે.)

હવે, એકવાર એકાન્તે યજ્ઞદત્તે પુત્રકને કહ્યું : 'રાજા! દુકાળના માર્યા તમારા કાકા ને પિતા અહીંથી ચાલ્યા ગયા છે. માટે, બ્રાહ્મણોને રોજ (દાન) આપવાનું રાખો જેથી એ વિષે સાંભળીને એ પણ આવી ચડશે. આને લગતી બ્રહ્મદત્ત કથા કહું. સાંભળો : (૨૬)

બ્રહ્મદત્તકથા : (શ્લોક ૨૭ થી ૭૬)

'પ્રાચીન કાળે વારાણસીમાં બ્રહ્મદત્ત નામે એક રાજા હતો. એણે રાત્રે ગગનેથી પસાર થતું એક હંસયુગલ જોયું. સેંકડો હંસોથી વીંટળાયેલો, પાંખોથી સોનેરી પ્રકાશ ઝરતો એ હંસ, જાણે દુકાળમાં શ્વેત વાદળગોટાવચાળેનો કોઈ વીજપુંજ ન હોય એવો લાગતો હતો. પછી તો એને ફરીથી જોવાની સજાની ઉત્કંઠા એવી વધી ગઈ કે રાજસુખોથી પણ એનું મન ઊઠી ગયું. પછી તો રાજાએ મંત્રીઓ સાથે મસલત કરીને ત્યાં એક સરોવર બંધાવ્યું; અને પોતાના રાજ્યમાં સર્વ પ્રાણીઓને અભયદાન ફરમાવ્યું. પછી તો થોડા સમયબાદ એ હંસોને રાજાએ જોયા. એ હંસો વિશ્વસ્ત બન્યા(હળી ગયા), પછી રાજાએ એમનાં એ હૈમ-દેહનું કારણ પૂછ્યું. ત્યારે એ હંસોએ ખુલાસો કરતાં કહ્યું : 'હે મહીપતિ! પૂર્વજન્મમાં તો અમે કાગડા હતા; બલિ (ભોજન)અર્થે લડતાં લડતાં અમે એક નિર્જન પવિત્ર શિવાલયમાં પહોંચી ગયા અને ત્યાંના પાણીના કુંડમાં બૂડી મર્યા! એ જ કારણે પૂર્વજન્મના એ સ્મરણ(ચિહ્ન) સાથે અમે આ હેમમય બન્યા છીએ! સાંભળીને રાજાએ ધરાઈ-ધરાઈને એ હંસોને જોયા અને પ્રસન્ન-પ્રસન્ન થયો.

એમ તમે પણ અપૂર્વ દાનથી તમારા વડીલોને પાછા મેળવી શકશો.' યજ્ઞદત્તની આવી શિખામણ સાંભળીને પુત્રકે એમ કરવા માંડ્યું. એના આવા અસાધારણ દાનની વાત સાંભળીને એ બ્રાહ્મણો ત્યાં આવી ચડ્યા. અને ઓળખાયા, અઢળક સમ્પત્તિના અને પોતાપોતાની પત્નીઓના પાછા સ્વામી બન્યા.

(પણ,) આશ્ચર્ય છે કે અવિવેકથી અંધબુદ્ધિ બની ગયેલ દુરાત્માઓ, પોતે આપત્તિઓમાંથી પસાર થઈ ગયા હોવા છતાં પોતાનો મૂળ(દુષ્ટતાનો) સ્વભાવ છોડતા નથી! થોડા કાળ પછી, રાજ્યની લાલચવાળા એ દ્વિજો, પુત્રકને પૂરો કરવાની ઇચ્છાથી, દર્શનને બહાને એને વિન્ધ્યવાસિનીને મંદિરે લઈ ગયા. ત્યાં દેવીના ગર્ભગૃહની અંદર મારાઓને(મારાઓથી) મૂકી દીધેલા (એટલે) રાજાને કહે 'પહેલા આપ એકલા જ પધારો ને દેવીનાં દર્શન કરો. અંદર જાવ!' આ તો વિશ્વાસથી અંદર પેઠા, કે જોયું : ત્યાં તો મારવા માટે મારા તૈયાર છે! પુત્રકે એમને પૂછ્યું : 'તમે મને શા કારણે મારવાના છો?' પેલા બોલ્યા, 'તમારા વડીલોએ જ અમને સોનું આપીને અહીં આ કામ ભળાવ્યું છે.' ત્યારે, દેવીએ જેમને મૂઢ(મોહિત) બનાવ્યા હતા તેવા એ મારાઓને આ વ્યુત્પન્નમતિ-પુત્રકે કહ્યું, 'લો ત્યારે, હું તો તમને, બહુ જ અમૂલું એવું મારું આ રત્નોથી ભરેલું આભૂષણ દઉં છું. મને છોડો. હું આ વાત કોઈને નહિ કરું. દૂર-દૂર ચાલ્યો જઈશ.' 'ભલે, તો એમ રાખો.' કહીને મારાઓએ પેલું ઘરેણું ગાંઠે કરીને ચલતી પકડી; પેલા વડીલો આગળ જઈને જૂઠું બોલ્યા : 'પુત્રક હણાયો!' પછી પેલા બ્રાહ્મણોએ પાછા આવીને જ્યારે રાજ્ય કબજે કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે એમને રાજ્યદ્રોહીઓ ગણીને મન્ત્રીઓએ એમનો વધ કરાવ્યો. કૃતઘ્નોનું વળી કલ્યાણ કેવું? દરમ્યાન સગાંઓ પ્રત્યે જેને વિરકિત થઈ છે એવો, આપેલું વચન નિભાવવા, રાજા પુત્રક પણ વિન્ધ્યનાં જંગલોમાં ચાલ્યો ગયો. ફરતાં ફરતાં એણે ત્યાં હાથોહાથની મારામારી પર આવી ગયેલા બે જુવાનીઆઓને જોયા અને પૂછ્યું કે 'કોણ છો તમે?' 'અમે મયાસુરના પુત્રો. આ છે અમારી મિલકત : આ પાત્ર(ભાજન), આ યષ્ટિ(લાકડી) આ ચાખડી(પાદુકા). એને માટે અમે લડીએ છીએ, બળિયો હશે તે લઈ જશે.' આવાં વેણ સાંભળીને પુત્રક હસીને બોલ્યો, 'આમાં તે એટલું છે શું કે તમે જુવાનજોધ થઈ લડી પડ્યા છો?' ત્યારે એ બન્ને કહે : 'જે ચાખડીએ ચડે તે તો છેક ગગને વિહરી શકે, આ લાકડીથી જે કાંઈ લખાય એ સાચ્ચું જ થઈને રહે, અને આ દોણીમાં તો મનમાં જે ભોજન ચિન્તવો તે તૈયાર હોય?' સાંભળીને પુત્રક કહે, '(ઓહો!) આટલા માટે યુદ્ધની શી જરૂર? દોડવાની પ્રતિજ્ઞા લો. એમાં જે અધિક બલવાન સિદ્ધ થાય તે તે આ લઈ લે.' 'હા...! એ બરાબર!' કહીને પેલા બેય બુદ્ધુઓ દોડ્યા કે, લાકડી ને પાત્ર લેતોક ને ચાખડીએ ચડી પુત્રક આકાશે ઊપડી ગયો![૫] અને ક્ષણવારમાં તો દૂર દૂર પહોંચીને એક સરસ નગરી - આકર્ષિકા નામે - જોઈ; આકાશેથી ત્યાં ઊતર્યો. ઊતરીને વિચારવા લાગ્યો :

'વેશ્યા તો ઠગવે ભારે! દ્વિજો મત્ પિતરો સમા!

વણિકો ધનના લોભી! કોને ત્યાં જઈ ઊતરું?'

એવું વિચારતો-વિચારતો રાજા એક જર્જર વિજન મકાન પાસે આવી ચડ્યો. જોયું તો, મહીં એક વૃદ્ધા હતી. એણે એને દક્ષિણા આપીને સંતોષી; (એટલે) આદરસત્કાર પામી, ત્યાં કોઈની નજર ન પડે એમ એ તૂટ્યા-ફૂટ્યા મકાનમાં રહેવા લાગ્યો.

એકવાર હેતથી એ વૃદ્ધા કહે, 'પુત્રક, મારી એક જ ચિન્તા છે દીકરા! - તારે લાયક કોઈ ભાર્યા નથી! હા, અહીંના રાજાની એક પાટલી નામે કુંવરી છે, પણ એને તો કોઈ કીમતી રત્નની જેમ અન્તઃપુરની એક ઊંચી મેડીએ ચોકી-પહેરા તળે (ગોંધી) રાખી છે!' કાન બરાબર ખુલ્લા રાખીને એ જ્યારે વૃદ્ધાનાં આવાં વચનો સાંભળતો

હતો ત્યારે એ જ (કાનને) મોકળે માર્ગેથી કામદેવ છેક એના હૈયા સુધી પેસી ગયો! 'આજે જ મારે એ કાન્તાને જોવી' એવો દૃઢ નિશ્ચય કરી, રાત્રે જ ચાખડીએ ચડી, આકાશમાર્ગે એ ત્યાં પહોંચી ગયો. ઊંચી-ઊંચી પહાડટોચે કોઈ ઊંચી-ઊંચી હવેલીની ઊંચી ઊંચી અટારી! ત્યાં એ પેઠો. ત્યાં અંતઃપુરે એકાન્તે પોઢેલી પાટલીને નીરખી રહ્યો. અંગે અવિરત ચાંદનીધારા ચીપકી ગઈ છે જેને એવી તે, આખા જગતને જીતીને, થાકી, હવે જાણે કામદેવની મૂર્તિમતી શક્તિ ન હોય એમ વિશ્રાન્તિ લેતી પડી હતી. 'કેમ એને જગાડવી?' એવા વિચારમાં એ પડ્યો હતો ત્યાં જ બહાર કોઈ પહેરેગીરે આર્યા લલકારી[૬]:

'આલિંગ્ય મધુરહુંકૃતિમલસોન્મિષદીક્ષણાં રહઃ કાન્તામ્;
યદ્‌બોધયન્તિ સુપ્તાં જન્મનિ યૂનાં તદેવ ફલમ્.'
ઝીણેરા ઊંહકારોથી, આળસે અંગ મોડતી,
અડધી ઊંઘટી આંખે સૂતેલીને જગાડવી,
આલિંગીને યુવાએ, તે સફળતા જન્મજન્મતી!

આવો (પ્રોત્સાહક) પ્રસ્તાવ સાંભળી, અંગે ઉત્કંપવિપ્લવ અનુભવતાં એણે તે પ્રિયાને આલિંગી ; ને ત્યાં એ જાગી, ઊઠી. એણે જ્યાં એ નૃપને જોયો ત્યાં એની આંખે લજ્જા અને કૌતુક અન્યોન્ય વચ્ચે, એક આવે ત્યાં બીજું જાય એવી, જાણે હરીફાઈ ચાલી! પછી તો વાતોએ વળગ્યાં; ગાન્ધર્વવિવાહ કર્યો; એમ એ દમ્પતીની પ્રીતિ તો વધતી ગઈ, પણ રાત્રિ નહિ! (રાત્રિ ઘટી પડી!) એણે એ વધૂની રજા લીધી; ચિત્ત તો એનામય હતું; રાતને આખરી પહોરે પુત્રક વૃદ્ધાને ઘેર પાછો ફર્યો. આમ રોજ રાતે ત્યાં જતો-આવતો હતો. એમાં એકવાર પાટલીના પહેરેગીરો એના સમ્ભોગચિહ્નો જોઈ ગયા. એમણે એના પિતાને બધી વાત કરી. રાજાએ પાટલીના અંતઃપુરમાં રાતને વખત બરાબર નજર રાખવા માટે એક સ્ત્રી-જાસૂસની નિયુક્તિ કરી. એણે ત્યાં આવીને સૂતેલા પુત્રકના વસ્ત્ર પર, એ પરખાઈ જાય એ માટે, લાખનું એક ચિહ્ન લગાવી દીધું. સવારે જ રાજાને(આ અંગેની) વાત કરી; રાજાએ ચારે પાસ ગુપ્તચરો મોકલ્યા; એમણે પેલા જીર્ણ મકાનમાંથી પેલા ચિહ્નવાળા પુત્રકને પકડી પાડ્યો. રાજા પાસે લાવ્યા. રાજાને કુપિત જોતાં જ પુત્રક તો ચાખડીએ ચડી આકાશમાર્ગે પાટલીની હવેલીએ પહોંચી ગયો. કહે, 'આપણે પકડાઈ ગયાં! ચાલ, ઊઠ, આપણે આ ચાખડીની સહાયે નાસી છૂટીએ.' એ પ્રમાણે, પાટલીને ઉઠાવતોક ને આકાશમાર્ગે નીકળી પડ્યો. પછી, આકાશેથી ઊતરીને, ગંગાતટની નિકટ પોતાની થાકેલી પ્રિયાને, પેલા(ચમત્કારિક) પાત્રના પ્રભાવથી(ભાવતાં) ભોજનોથી પ્રસન્ન કરી. પાટલીએ આનો પ્રભાવ જોયો, ને વિનંતી કરી, તેથી પુત્રકે પેલી યષ્ટિકાથી, ચતુરંગ,[૭] સેના સાથેના એક નગરનું આલેખન કર્યું. (એ નકશા પ્રમાણે એ નગર થયું.) ત્યાં એ રાજા થયો. પોતાના મહાપ્રભાવથી ને સચ્ચાઈથી એણે પોતાના શ્વશુરને નમાવ્યા, અને સમુદ્ર-પર્યન્તની પૃથ્વીનો શાસક બન્યો. એ છે આ, પુરવાસીઓ સહિત માયાથી રચેલું દિવ્ય નગર, નામે પાટલિપુત્ર; લક્ષ્મી અને સરસ્વતી બન્નેનું ક્ષેત્ર."

(વરરુચિ કહે:) 'હે કાણભૂતિ! ઉપાધ્યાય વર્ષને મુખે આ પ્રકારની અપૂર્વ અને અત્યંત વિ-ચિત્ર કથા સાંભળીને અમે બધાં ક્યાંય સુધી આશ્ચર્ય-આનંદભર્યા ચિત્તવાળાં થઈ રહ્યાં.

ઈતિ મહાકવિશ્રી સોમદેવવિરચિત કથાસરિત્સાગરના કથાપીઠલમ્બક નામના પ્રથમ લમ્બકનો તૃતીય તરંગ.

પાદટીપ

૧ ગંગાદ્વાર એ જ હરદ્વાર. મહાભારતમાં પણ એને 'ગંગાદ્વાર' કહ્યું છે. વૈષ્ણવ સાહિત્યમાં એને 'માયાપુરી' કહ્યું છે. હ્યુ-એન-સંગ એને 'મોપુલો' કે 'મયૂર' કહે છે. કનિંગહામે કલ્પના કરી છે કે ત્યાં મયૂરો ઘણા હોવાને કારણે એવું નામ પડ્યું. એ 'માયાપુર' પણ કહેવાય છે. અહીં હિમાલયમાંથી સીધી ઊતરીને જાણે કે પ્રવેશ કરે છે ભાગીરથી. પૌરાણિક આખ્યાન અનુસાર મૈત્રેયે વિદુરજીને અહીં શ્રીમદ્ ભાગવત સંભળાવેલું. ઉત્તરપ્રદેશના સહરાનપુર જિલ્લામાં આ સ્થાન આવેલું છે.

૨ રાજગૃહ : મગધની એ પ્રાચીન રાજધાની, અજાતશત્રુના પિતા બિમ્બિસારે એ વસાવેલું. બુદ્ધના એ સમકાલીન એટલે ઈ.સ.પૂ.૫૦૦ વર્ષ જૂનું એ નગર ગણાય. જગતનાં પ્રાચીન નગરોમાંનું એક. હ્યુ-એન-સંગના સમય સુધીમાં તો આ નગર નાશ પામી ચૂકેલું.

૩ ભોજિક : ઉ. ગૂ.માંની 'ભોજક' અટક સાથે સરખાવો.

૪ એવી કેટલીયે વાતો છે જેમાં, આની જેમ, ગુણીજનને ધન મળતું હોય. ગ્રિમબન્ધુઓની વાતોમાં ક્રમાંક ૬૦ની કથા. દરેક ભાઈને ઓશિકેથી રોજ ઊઠે ત્યારે એક સુવર્ણ મુદ્રા નીકળે! રોમની એક લોકકથા : બે ભાઈઓ; મોટો એક પંખીનું હૃદય ગળી ગયો; એને પરિણામે એને ઓશિકેથી એક પેટી ભરાય એટલી સુવર્ણમુદ્રાઓ નીકળતી. લોકકથાઓમાં ગરીબોની ગરીબી દૂર કરવાના ઉપાય તરીકે, આમ, સુવર્ણ મળે કે સુવર્ણ આપતું કોઈ પશુપંખી મળે એ બહુ પ્રસિદ્ધ મોટિફ બને છે. સેંકડો કથાઓમાં છે. આ એક જ મોટિફ લઈને, એ વાળી કથાઓનો અભ્યાસ કરવા જેવો. ઈસપકથામાં તેમજ પંચતંત્રમાં સુવર્ણ આપતું પંખી છે હંસ. ('પંચતંત્ર', સાંડેસરા, '૪૯; ૨-૧૮ : 'સોનાનાં પીંછાં આપનાર હંસ'.) પશ્ચિમની કથાઓમાં ક્યારેક ગધેડો, ક્યારેક સિંહ, લા ફોન્તેમાં કૂતરો, સાપ. મહાભારતમાં સૃંજયની કથા છે: એના શરીરમાંથી જે નીકળે તે સોનું થઈ જાય! ફ્રિજિયાના રાજા મિડાસની કથા પણ યાદ આવે : જેને અડકે તે સોનું થાય એવું વરદાન આખરે શાપ નીવડે! એનું સરસ નાટક આપણા કવિનાટ્યકાર ચિનુ મોદીએ કર્યું છે ને ખૂબ સારું ભજવાય છે. (હવે પછી આ નાટક 'કુમાર'માં પ્રકટ થશે -તંત્રી)

૫ : આવી જ કથાઓ, થોડાક ફેરફારો સાથેની, 'દશકુમારચરિત', 'બહારે દાનેસ' અને ગ્રિમબન્ધુઓની કથાઓમાં છે. લોકકથાઓનું આ એક લાડકું મોટિફ છે : સોટી, દોણી અને ચાખડી રોટી-કપડાં-મકાનસહિતની આહાર-વિહારની મૂળભૂત એષણાઓનું પ્રતીક.

૬ : "સરસ્વતીચન્દ્ર ભા. ૧"માંનો 'મેરા બલમા કબૂ ઘર આવે રે'વાળો પ્રસંગ અહીં યાદ આવે. વળી, સૂતેલી સુન્દરીને જોતાં જાગતા પ્રતિભાવોવાળા અગણિત પ્રસંગો ચિત્તે ઊભરાય : બેભાન થઈને પડેલી જયાને જોતાં, નજર સામે જ 'પૃથ્વીની સકલ સુન્દરતા'ને જોતાં, કામપ્રવેશ જાગે એવો જ, 'સિધાવો, રતિનાથ! આ ગુફા તો જોગીઓની છે!'વાળો "જયા-જયન્ત"નો પ્રસંગ; સૂતેલી ડેઝ્‌ડિમોના જોતો ઓથેલો; કે "સિમ્બેલીન"માં (પ્રથમ અંક ચોથું દૃશ્ય) શરતે ચડી, નાયિકાશીલભેદન માટે ઉદ્યુક્ત થવા છતાં એને જોતાં જ, પ્રથમ દર્શને જ,

'She is alone the Arabian bird / And I have lost my wager'

(અનુસંધાન પૃષ્ઠ. ૨૩૯ પર)

ઈશાવાસ્ય ઉપનિષદ

ગયા વખતે આપણે જોઈ ગયા કે પ્રથમ મન્ત્રમાં ગુરુએ શિષ્ય આગળ ત્રણ વાત મૂકી (એને વિદ્યાત્રયી કહીશું?) :

૧. સર્વત્ર ઈશદર્શન, ૨. એનું આપ્યું ભોગવવું અને ૩. કોઈના યે ધનની લાલસા રાખવી નહીં.

આમાં કર્મનો નિષેધ નથી, નિષેધ પરિગ્રહનો છે. હવે બીજા મન્ત્રમાં ધર્મ્ય કર્મ શું છે તેની વિશદ અભિવ્યકિત છે :

કુર્વન્નેવેહ કર્માણિ જિજીવિષેચ્છતં સમાઃ ।
એવં ત્વયિ નાન્યથેતોડસ્તિ ન કર્મ લિપ્યતે નરે ॥ ૨ ॥

અહીં કુર્વન્ એટલે કરતાં રહેતાં. એવં એટલે જ. ઈહ એટલે અહીં, આ ધરતી પર, આ લોકમાં. કર્માણિ એટલે કર્મો અને જિજીવિષેત એટલે જીવવાની ઇચ્છા રાખ અથવા ઇચ્છા રાખવી. શતં સમાઃ એટલે સો વર્ષ, અને સો વર્ષ એટલે આપણી માન્યતા પ્રમાણે પૂર્ણ આયુષ્ય. એવમ્ એટલે કે આ પ્રકારે (સર્વમાં ઈશ્વરનું દર્શન કરતાં). ત્વયિના બે અર્થ: ૧. તારામાં (ને તારામાં પણ), ૨. જીવનભર. ન અન્યથા એટલે કે બીજી કોઈ રીતે નહિ (અપરિગ્રહ વૃત્તિથી, જે પ્રાપ્ત થયું છે તેમાં જ આનંદ લેવાથી, તેનાથી અન્ય રીતે નહિ.) ઈતિઃ એટલે આના કરતાં. અસ્તિ એટલે છે. (ન અસ્તિ એટલે કે છે નહિ). ન એટલે નહિ. કર્મ એટલે કર્મ. લિપ્યતે એટલે લેપ કરે છે, ફલરૂપ બંધનમાં મૂકે છે. નરે એટલે પુરુષને.

આ બીજા મન્ત્રમાં સર્વત્ર સમદર્શન દ્વારા રાગદ્વેષ, સુખદુઃખથી પર એવી અવસ્થામાં રહીને આકાંક્ષારહિત ધર્મ્ય કર્મ કરતા રહેવાનો આદેશ છે. પ્રાપ્ત શકિતનો એમાં વિનિયોગ કરવાનો છે. અકર્મણ્ય રહેવાનું નથી. આ રીતે કરેલાં કર્મ તે નિષ્કામ કર્મ છે, કર્મફલની સ્પૃહા વિનાનાં. આથી એનો લેપ કર્તાને થતો નથી. આ રીતે જ જીવે છે તે જ છે નર, પુરુષ, એનાથી અન્ય તે પશુ.

'અહીં એમ કરી કર્મ, ઇચ્છ સો વર્ષ જીવવા,
એથી અન્ય નહીં, જેથી કર્મલિપ્ત નહીં નર.' (૩)

આમ, બીજા મંત્રમાં અકર્મણ્યતાનો, રસહીન જીવનનો નિષેધ કરી, ધર્મ્ય કર્મનો આદેશ આપ્યા પછી ત્રીજા મન્ત્રમાં વિકર્મ કરનારની સ્થિતિ કેવી હોય છે તેની વાત કરાઈ છે.

અસુર્યાનામ તે લોકો અન્ધેન તમસાવૃતાઃ ।
તાંસ્તે પ્રેત્યાભિગચ્છન્તિ યે કે ચાત્મહનો જનાઃ ॥ ૩ ॥

અસુર્ય એટલે કે અસુરોને યોગ્ય, આસુરી વૃત્તિવાળાઓને યોગ્ય. તે એટલે તે. લોકાઃ એટલે લોક (છે, જે). અન્ધેન એટલે ગાઢ અંધકારથી. આવૃતાઃ એટલે ઢંકાયેલા છે. તાન્ એટલે તે ભણી, તે પ્રતિ. તે એટલે તેઓ. પ્રેત્ય એટલે મૃત્યુ પછી. અભિગચ્છન્તિ એટલે કે જાય છે. યે કે ચ એટલે જે કાંઈ. આત્મહનઃ એટલે આત્મઘાતી. જનાઃ એટલે લોકો-જનો. અહીં મન્ત્રના પ્રથમ પદ 'અસુર્યા'નો વિકલ્પ અસૂર્યાઃ પણ છે. આમ, અસૂર્યાઃ એટલે સૂર્યહીન, અપ્રકાશિત એવો અર્થ પણ લેવાય.

પ્રથમ મન્ત્રમાં જ ગુરુએ શિષ્યને જે કંઈ કહેવાનું હતું તે મર્મમાં કહી દીધું છે. જીવનને અમૃતમય કે આનંદમય બનાવવાનો એકમાત્ર માર્ગ પણ સૂચવ્યો છે. બીજા મન્ત્રમાં એ માર્ગ સિવાય અન્ય નથી એવું ભારપૂર્વક કહ્યા પછી હવે આ માર્ગે ન વળનાર અવિદ્યા અને અજ્ઞાનમાં જ, વૃત્તિઓના વિલાસમાં રાચનારને અન્ધ ગણી, એમને આત્મઘાતી કહી મૃત્યુ પછી એ કેવી અવસ્થાને પામે છે તે જણાવ્યું છે. આમ, બીજા અને ત્રીજા મન્ત્રમાં એકમાં વિધિ અને બીજામાં નિષેધની વાત કરી છે.

'આસુરી લોક જે ઘોર અંધકારે છવાયલા,'
'ત્યાં જ મૃત્યુ પછી જાય તે, જે છે આત્મઘાતક.' (૩)

રાજેન્દ્ર શાહ

અનુસંધાન) કથાસરિત્સાગર (પૃ. ૨૩૫ થી

કહેતો, ને તે પછી એ દુષ્ટ હેતુ સિદ્ધ કરવા તો એ નાયિકા(ઇમોજિન)ના પલંગ તળે જ એક પેટીમાં છુપાઈ, રાતના એકાન્તે એ સૂતી છે ત્યારે, કોઈ વારનાર નથી ત્યારે પેટીની બહાર નીકળી, સૂતેલી ઇમોજિનને યાકિમો જુએ છે ત્યારના ઉદ્‌ગારો - એક પરમ દુષ્ટ ઈરાદે આગળ વધેલા એક પરમ દુષ્ટના મુખમાંના ઉદ્‌ગારો : 'Fresh Lily! / And whiter than the sheets!'... પ્રફુલ્લ શ્વેત પોયણી!! પાછો કહે છેઃ એના શ્વાસોચ્છ્‌વાસે પ્રસરી રહેલો પરિમલથી તો ઊભરે છે આ આખોય ઓરડો! ને પેલી જ્યોત દીવાની, કેવી વળી વળી અને, / ઢૂંઢવા મથતી પેલાં, ઢળેલાં પોપચાં તળે, / છૂપાયાં તેજ છે તેને! શી પ્રણમે છે વળી વળી! 'The Flame O' the taper / Bows towards her, / And would under -peep her lids, / To see the enclosed lights...'

આ બધા શેક્સ્પીઅરના પ્રસંગો - એવું ઘણું બધું અહીં યાદ કરવા જેવું. સુપ્તસુન્દરીદર્શને જાગતા ભાવો, એક શિષ્ટસાહિત્યનું પણ પ્રિય મોટિફ છે. અહીં, ઊંચી એકાન્ત મેડીએ મળતાં ઓખા-અનિરુદ્ધ પણ યાદ આવે. સુપ્તસુન્દરીદર્શન જગતભરનાં પ્રિયતમ મોટિફોમાંનું એક!

૭ : ચતુરંગ : હાથી, ઘોડો, રથ અને પાયદળ એ ચાર અંગવાળી સેના.

૮ : વિ-ચિત્ર :-નો મૂળ શબ્દાર્થ વિશેષ સુન્દર.


ફિંગર લેક્સ વિસ્તાર - હજી હજી

ભોળાભાઈ પટેલ

વેસ્તાલ ગામ બે લીલીકચ પહાડીઓના ઢોળાવ પર પથરાયેલું છે. એક સાંજે ફરવા નીકળ્યો ત્યારે સૂર્ય પશ્ચિમની પહાડી પર પહોચ્યો હતો, પૂર્વની પહાડીઓની ઊંચાઈઓ પર સૌમ્ય તડકો રમતો હતો અને ત્યાં ચંદ્ર પ્રતીક્ષા કરતો હતો ચાંદનીને પોતાના અંગ પરથી મુકત કરવાની. આ પહાડીઓની ધારે ધારે સસ્કોહાના વહે છે. થોડેક જ દૂર ઓસ્તીનિંગો પાર્ક પાસે ચેનાન્ગો નદી બન્ને કાંઠે છે. એ મળે છે તો સસ્કોહાનાને.

આ ચેનાન્ગોને કાંઠે એક સાંજે ઢાળ ઊતરતાં જોયું: એક અમેરિકન એક મોટી માછલીને કાંઠે પકડી રાખવા મથતો હતો, બાજુમાં ખુલ્લા ઊજળા પગવાળી એની પત્ની એને મદદ કરતી ખિલખિલ હસતી જતી હતી. તરફડતી માછલી જોઈ આરતી કહે, નથી જોવું. પણ મારા માનસપટ પર એ દૃશ્ય કોઈ ચિત્રકારના ચિત્રની જેમ અંકિત થઈ ગયું છે. : વેગથી વહેતાં જળ, મોટી ભીની છૂટવા તડપતી માછલી પાસે ખુલ્લા પગ, ઢળકતી છાતી, ખિલખિલ હાસ્ય!

કોઈવાર એકદમ અંધારું થયે વેસ્તાલના માર્ગો પર ચાલવા નીકળીએ. ફળિયાના સ્વચ્છ માર્ગોની બન્ને બાજુના ઊંચા થતા ઢોળાવ પરનાં બધાં ઘર ચૂપ. અંદર દીવા બળે, કોઈ જીવ દેખાય નહિ. સંભળાય એવી ભરીભરી શાંતિ. જાણે આ શેરીઓમાં ચાલ્યા જ કરીએ ચાલ્યા જ કરીએ...



કૉર્નેલ કૅમ્પસ

*


ફિંગર લેક્સ વિસ્તારની પરિચય-પુસ્તિકાઓમાં ટોમ્પકિન્સ કાઉન્ટિ, શ્યૂલર કાઉન્ટિ, બ્રુમ્સ કાઉન્ટિ વિસ્તારોના પ્રાકૃતિક સૌન્દર્યનાં એવાં મોહક વર્ણન, તે થાય કે આ બધે જ- આ બધાં સરોવરોના વિસ્તારોમાં ભમીએ. કૅમ્પિંગ, ફિશિંગ, હાઈકિંગ, બોટિંગ... આ શબ્દાવલિ છે, આ વિસ્તારને માણવાની. બીજી શબ્દાવલિ છે - સ્ટ્રોલ, શૉપ, ડાઈન, રિલેક્સ... કદાચ બસ 'માણવું' એ એક જ ક્રિયાપદમાં બધું આવી જાય. એ છે અમેરિકન સરેરાશ માનસિકતા.

એક બપોર અમે શ્યૂલર કાઉન્ટિમાં આવેલા સેનેકા લેઈક વિસ્તારમાં પહોંચી ગયાં. ખાસ એક કાર્યક્રમ - તે અહીંની વાઈનરિઓ જોવાનો. સરોવર કાંઠેના ખેતરોમાં દ્રાક્ષની વાડીઓ જ વાડીઓ અને વાડી વચ્ચે હોય દ્રાક્ષમાંથી જુદી જુદી જાતના દારૂ બનાવવાની નાનકડી ફૅક્ટરિઓ. ફૅક્ટરિ ભારે શબ્દ છે - સૉફ્ટ શબ્દ જ જોઈએ, વાઈનરિ જેવો.

લાંબુ સરોવર આંખને ખેંચતું હોય, એમાં તરતી સેઈલ બોટ-તરણીઓ-હંસીનીઓ જેવી લાગતી હોય. કિનારે રીતસરની વાડીઓ. વાઈનરિમાં જાઓ એટલે સ્વાગત હસીને થાય. પુલિન જુદા જુદા વાઈનના આસ્વાદ જાણે એટલે એ કહે કે અમુક વાઈન સાકી નાનકડી પ્યાલી ભરીને આપે. 'વાઈન ટેસ્ટિંગ'. દ્રાક્ષની વેલો પર દ્રાક્ષ લચકે ને લચકે બાઝી પડી છે. હજી કાચી છે. આરતી કહે, સપ્ટેમ્બર-ઑક્ટોબર સુધી રહી જાઓ. અહીંના 'ફૉલ' - પાનખર-નો તો અનુભવ તો કરો, અદ્ભુત બદલાતાં રંગોની છટા જોઈ તમે પાગલ થઈ જશો. આ દ્રાક્ષમાં પણ બરાબર રસ ભરાશે. પાકેલી દ્રાક્ષની સુગંધથી વાતાવરણ તરબતર થઈ જાય છે. હું કલ્પના કરી રહ્યો: પાનખરના રંગ અને રસ બદલતી દ્રાક્ષની પક્વ ગંધ... અમે ત્રણેક વાઈનરિમાં વાઈન ટેસ્ટિંગ કરતાં ભમ્યાં. આરતી અને અ.દ. માત્ર જૂસ પીએ. વચ્ચે સેનેકાનાં જળ ઝબકી જાય. છયુગા સરોવરને કાંઠે પણ આવી 'વાઈન ટ્રેઈલ' છે. ફિંગર લેક્સ વિસ્તારને એટલે તો 'વાઈન કન્ટ્રિ' કહે છે-અમેરિકામાં કૅલિફૉર્નિયા પછી દ્રાક્ષ ઉગાડનાર સૌથી મોટો વિસ્તાર.

*

વેસ્તાલથી નાયગરાને માર્ગે આવે છે. ચેમુંગ નદીને કાંઠે વસેલું કૉર્નિંગ. કૉર્નિંગ કોઈ પ્રકૃતિની સુષમા-સ્થલી નથી. એ તો પ્રસિદ્ધ છે



કોર્નેલ યુનિવર્સિટી

વિશ્વમાં વખણાયેલી એની ગ્લાસ-ફેક્ટરિથી. ફિંગર લેક્સ વિસ્તારનું કોર્નિંગ એક ઘરેણું છે. ગ્લાસ-નિર્માણમાં છેલ્લામાં છેલ્લી શોધ એટલે કોર્નિંગ. અત્યારે તો ગ્લાસ ફાઈબર પણ તૈયાર કરે છે. કોર્નિંગની ઘરવપરાશની ક્રોકરી મોંઘી પણ ફેશનેબલ લોકોમાં મોભાની વસ્તુ બની ગઈ છે આજકાલ.

કોર્નિંગનું ગ્લાસ મ્યૂઝીઅમ એટલે મનુષ્ય જાતિએ કાચ બનાવવાનો અને એનો ઉપયોગ કરવાનો પ્રારંભ કર્યો ત્યારથી માંડી કેવાં કેવાં રૂપમાં એ કળા વિકસતી ગઈ છે એના વિશ્વભરમાંથી એકઠા કરેલા નમૂનાનો અદ્ભુત સંચય. વિભાગવાર ગોઠવણી. વિભાગવાર વચ્ચે દશ-પંદર મિનિટની ફિલ્મ. ફિલ્મ જોયા પછી મ્યૂઝીઅમમાં ગોઠવેલ કાચની પ્ર-ગતિનો ઈતિહાસ વધારે સમજાય. મ્યૂઝીઅમ જોતાં થયું કે આમાં ભારતવર્ષમાંથી ગ્લાસનો કેમ કોઈ નમૂનો આ સંગ્રહકર્તાઓને



કેઉકા નદીના પશ્ચિમ કાંઠા પરનો એક વાઈનયાર્ડ. સુંદર પર્યટન-સ્થળ

મળ્યો નથી? હા, એક નમૂનો કાચની હાંડીનો હતો. બીકાનેરના મહારાજાના લગ્નપ્રસંગે બનાવાયેલી. જો કે તે ભારતમાં બની નહોતી.

કોર્નિંગની કાચની બનાવટો વિષે કહેવાય છે - mixing sand with imagination...

... તો કોર્નિંગ એટલે કાચની કવિતા- એમ કહેવાય?

હૉલ ઑફ સાયંસ એન્ડ ઇન્ડસ્ટ્રિમાં ગ્લાસની ટેક્નોલૉજિ અને સ્ટ્યૂબેન ગ્લાસ ફેક્ટરિમાં કારીગરો કાચની કવિતાની રચનાપ્રક્રિયા દેખાડે છે.

*

આરતી અને પુલિનની સાથે આઈ.બી.એમ. કંપનીમાં કામ કરતા બૉબ (રૉબર્ટ) આરતી-પુલિનના મિત્ર છે. આ અમેરિકન મિત્રને ભારતીય દર્શન અને સંસ્કૃતિમાં ઘણી રુચિ છે. એક સાંજે એની સાથે ઘણી ચર્ચા થઈ, ખાસ તો કર્મસિદ્ધાંત અંગે. ભગવદ્‌ગીતા એણે વાંચી છે. ભૂરી આંખો ધરાવતા બૉબે છૂટાછેડા લીધેલા છે. આમ એકલો રહે છે, પણ એને એક મિત્ર છે દાના. બન્ને જુદે જુદે સ્થળે કામ કરે છે, પણ શુક્રવારે સાંજે બન્ને ભેગાં થાય. રવિવારે છૂટાં પડે. મિત્રતા છે, પણ લગ્ન કરતાં નથી. બૉબે એકવાર પ્રસ્તાવ કર્યો - આપણે કોર્નેલ યુનિવર્સિટી કેમ્પસ પર એક દિવસ જઈએ.

અમેરિકામાં પણ યૂરોપની જેમ જ યુનિવર્સિટી કેમ્પસોમાં જવાનું મળતાં રાજી થઈ જવાય. આપણે મન જાણે તીર્થસ્થળ. પણ યૂરોપમાં ઘણીખરી યુનિવર્સિટીઓ પથ્થરોનાં નગર વચ્ચે હવે આવી ગઈ છે. એ સદીઓ-જૂની છે. ઑક્સફર્ડ કે હાઈડેલબર્ગ કે રોમ કે ફ્રાન્સની સોરબોન. અમેરિકામાં યુનિવર્સિટી કેમ્પસ બધાં એ તુલનામાં નવાં જ કહેવાય. વિશાળ જગ્યા અને સુનિયોજિત. લૉસ એન્જેલિસમાં ડૉ. વિક્રમ કામદારે કેલિફોર્નિયા સ્ટેટ યુવનિવર્સિટીનો ત્યાંનો વિસ્તાર બતાવી પ્રતિક્રિયા જાણવા માંગી તો મેં કહ્યું - જો કદી ફરી મનુષ્ય-અવતાર મળે તો ત્યારે હું આ કેમ્પસનો વિદ્યાર્થી થવા ઇચ્છુ છું.

કોર્નેલ યુનિવર્સિટી પણ અમેરિકાની પ્રસિદ્ધ યુનિવર્સિટી છે. એ યુનિવર્સિટીનાં સાહિત્ય-વિવેચનનાં કેટલાંક પ્રકાશનો પણ જોયેલાં. આ યુનિવર્સિટી ફિંગર લેક્સ વિસ્તારમાં. નગરનું નામ તો ઇથાકા. પ્રાચીન ગ્રીકનગરનાં ઘણાં નામ અહીંનાં શહેરોએ લીધેલાં છે. ઇથાકા નામ તો આવે છે હોમરના 'ઑડિસિ'માં. છાયુગા સરોવરને અડીને ગામ અને યુનિવર્સિટી છે.

એક બપોર પછી અમે નીકળી પડ્યાં. પુલિન આવી શકે તેમ નહોતો. આરતી, અનિલાબહેન, બૉબ અને હું. આકાશ ખુલ્લું હતું. પેલી સખી જેવી બની ગયેલી સસ્કોહાનાનો પુલ પાર કરી ખુલ્લાં ખેતરોના વિસ્તારો વચ્ચેથી માર્ગ જતો હતો. બૉબ કોર્નેલિયન હતા. કોર્નેલિયન એટલે કોર્નેલનો છાત્ર. એ કહે એક એઝરા કોર્નેલ નામના

માણસે આ યુનિવર્સિટીની સ્થાપના કરેલી. ટેલિગ્રાફના વ્યવસાયમાં લાખો કમાયેલા તે એમને યુનિવર્સિટી સ્થાપવાનો વિચાર આવ્યો - 'Where any person can find instruction in any study.' કોઈ પણ વિદ્યાશાખામાં ભણનારને ત્યાં સુવિધા મળી રહે. આજે ૨૦૦૦ જેટલા અભ્યાસક્રમો શિખવાડાય છે.

રસ્તે કંઈ કેટલીક વાતો થતી ગઈ. ઇથાકાને બાજુએ રાખીને અમે ટેકરીઓના ઢોળાવ પરના યુનિવર્સિટી કેમ્પસ પર પગ મૂકયો. ઢળઢોળાવો જાળવીને યુનિવર્સિટીની જુદી જુદી ઇમારતો રચાઈ છે. ઈમારતોનું સ્થાપત્ય પ્રસન્નકર. વૃક્ષવીથિકાઓ અને હરિયાળાં મેદાન. ચર્ચ તો હોય જ.

અમે યુનિવર્સિટીના ગ્રંથાલય અને પ્રકાશન વિભાગમાં ગયાં. બૉબની ભીતિ હતી, તે સાચી પડી. બહાર નીકળવાનું જલદી મન નહિ થાય. પુસ્તકો, અવનવીન પ્રકાશનો. બૉબે અમારી વતી અનુમતિ માગી. યુનિવર્સિટીનાં પોતાનાંય કેટલાં પ્રકાશનો? તોદોરોવનાં કેટલાંક પુસ્તકો - The Poetics of Prose, Symbolism and Interpretation, The Fantastic આદિ પર તો નજર ચોંટી ગઈ. નવા નવા કાવ્યસંગ્રહો જોયા. યુનિવર્સિટી ગ્રંથાલયનું શતાબ્દી વર્ષ ચાલે છે. ૧૮૮૯ના ઑક્ટોબરમાં તેની શરૂઆત થયેલી. તેનું પુરાણું ટાવર કેમ્પસ વચ્ચે શોભે છે.

છેવટે બહાર નીકળ્યાં ખરાં. પછી જુદી જુદી ફૅકટરિનાં મકાન જોતાં ચાલ્યાં. ત્યાં ગોલ્ડવિન સ્મિથ હૉલની ઇમારત પાસે ઊભાં. જરા દૂર છાયુગા સરોવરની અણી દેખાતી હતી. ઇમારતને સમાંતર વૃક્ષવીથિ હતી - Walkway. ત્યાં એક તખતી હતી : The trees along this walk are planted for Cornellians as a gift from the class of 1934 Men.

અરે વાહ, ઉત્તમ વિચાર! યુનિવર્સિટીના છાત્રો આવો રચનાત્મક વિચાર અમલમાં લાવે તો? એ વૃક્ષવીથિકાઓ વચ્ચે આગ્રહપૂર્વક ચાલ્યાં.

કેમ્પસ પરથી નીચે નગર દેખાય. આ બાજુએ ટેકરીઓ પર આછાં વાદળ. લીલોતરીભર્યાં કંપાઉન્ડમાં છાત્રછાત્રાઓની આછીપાતળી આવન-જાવન. તેમની અદેખાઈ ન આવે?

કેમ્પસની આર્ટ ગૅલરિમાં ભારતનાં પણ કેટલાંક શિલ્પ છે, જેમાં એક છે પ્રેમપત્ર લખતી યક્ષિણી. અનેક ચિત્રકૃતિઓ જોઈ. પણ જાણે બધું ભૂલી જવાયું છે. જે ચિત્ર ભુલાયું નથી અને સપનામાં પણ સાંભરે એવું છે, તે તો આ આર્ટ ગૅલરિની બાલ્કનિને છેડેથી જોયેલું દૂર ઊભે પટે વિસ્તરેલું છાયુગા સરોવર. એનું અનિર્વચનીય સૌન્દર્ય છે. થોડી ક્ષણો તે તરફ જોતાં ઊભાં જ રહ્યાં. ઊતરતી સાંજની એમાં રહસ્યાત્મકતા ઉમેરાઈ હતી.

યુનિવર્સિટીની દક્ષિણે ટેકરીઓના વાંકચૂક પરથી એક વિપુલ જળભાર લઈ ઝરણું વહી રહ્યું છે. ઝરણાની પેલે પાર પણ યુનિવર્સિટી



કોર્નેલ યુનિવર્સિટી કેમ્પસમાં લેખક ભોળાભાઈ, અનિલાબહેન, આરતી અને બૉબ

વિસ્તાર છે. ઉપર લાકડાનો સેતુ બાંધવામાં આવેલો છે. આ જળસ્રોતે અને એના પર ઝૂકેલી ઝાડીએ કૉર્નેલ યુનિવર્સિટી કેમ્પસની શોભા વધારી મૂકી છે. અમે સેતુ પર ઊભાં રહી નીચે જળમાં નહાતાં છાત્ર-છાત્રાઓને જોઈ રહ્યાં.

યુનિવર્સિટીમાં નાટ્યવિભાગે નાટકો ભજવવાની જાહેરાતો કરી છે. આજે પણ શેક્સ્પિયરનું એક નાટક 'મિડસમર નાઈટ્સ ડ્રિમ' ભજવાશે. અમે જે રેસ્ટોરાંનાં પ્રાંગણમાં કૉફી પીવા બેઠાં, બરાબર તેની સામે નાટ્યવિભાગની ઇમારત હતી. યુનિવર્સિટી કાફે, શૉટ્ર્સ પહેરેલી છાત્રાઓ અને છાત્રોના હાસ્યવિનોદ અને ચર્ચાઓથી જીવંત. થોડીવાર તો અમે પણ એમાંનાં એક બની ગયાં. શો મુકત આનંદ!

બૉબની દાના ઇથાકામાં બૉબને મળવાની હતી. અમે કેમ્પસ પરથી નગરમાં ગયાં. અમેરિકાનાં આ નાનાં નગરો હમેશાં ગમી જાય. એના માર્ગો પર ચાલવાનું ગમે. આ તો આધુનિક ઇથાકા હતું, પણ મને તો હોમરના ઑડિસ્યૂસ અને પેનેલપિનું સ્મરણ થઈ આવતું હતું.

દાના આવી. બૉબને દાનાને સોંપી અમે વેસ્તાલ આવવા નીકળી પડ્યાં. લાંબુ છાયુગા સરોવર અમારી પાછળ લંબાતું આવતું ગયું, છેક વેસ્તાલ સુધી. (ક્રમશઃ)

કલાવાર્તા

મુંબઈ મ્યુનિસિપાલિટીની ગોરેગાંવની શાળામાં ચિત્રશિક્ષક તરીકે સેવા આપતા શ્રી મધુભાઈ ચાંપાનેરીઆ ત્રણ દાયકાથી યે વધુ વર્ષોનો ચિત્રશિક્ષણનો અનુભવ ધરાવે છે, અને કાચ ઉપર ચિત્રો કરવામાં નિષ્ણાત છે. અભિનય ક્ષેત્રે પણ એમણે નામના મેળવી છે.

ઈ. ૧૯૪૩માં સૂરતમાં એમનો જન્મ. પિતા ધનશ્યામદાસ કથક નૃત્યના કલાકાર હોવા ઉપરાંત કાચ ઉપર ચિત્રો બનાવતા. દાદા રણછોડદાસ સૂરતમાં જરીકસબના એક અચ્છા કારીગર હતા. પરિવારના આવા કલાકૌશલભર્યા વાતાવરણમાં ઊછરી મધુભાઈએ ૧૯૬૨માં ચિત્રકલાના વિષય સાથે એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી. દરમિયાન ચિત્રકામમાં સ્વ. કલાકાર જગુભાઈ પીઠવાનું અને અભિનયમાં મધુભાઈ ઓઝાનું માર્ગદર્શન મળતું રહેલું. શાળાનાં વર્ષો દરમિયાન મધુભાઈ નાટકો, રેડિયો કાર્યક્રમો, ચિત્રપ્રદર્શનો અને સંગીતના કાર્યક્રમોમાં ભાગ લેતા રહેતા. ૧૯૬૩માં મુંબઈની સર જે. જે.



મધુભાઇ ચાપાનેરીઆ

સ્કૂલ ઑફ આર્ટ્સમાંથી ડી.ટી.સી. થઈ મુંબઈમાં બોરીબંદર પરની એસ્પ્લેન્ડે હાઈ સ્કૂલમાં ચિત્રશિક્ષક તરીકે જોડાઈ એમણે કારકિર્દીનો આરંભ કર્યો. ૧૯૬૭માં એમણે મહારાષ્ટ્રમાં પ્રથમ સ્થાને રહી ડી.એમ.ની પરીક્ષા પાસ કરી હતી.

કાચ ઉપર ચિત્રકામ કરવું એ સામાન્ય ચિત્રકામ કરતાં ભિન્ન છે, તેમાં પારદર્શક કાચ ઉપર બધું ચિત્રકામ બધી રીતે ઊલટા ક્રમમાં કરવું પડે છે. પણ મધુભાઈને તેના ઉપર સારી ફાવટ છે એટલું જ નહિ, મધુભાઈ આ રીતે યે વ્યકિતચિત્રોનું હૂબહૂ ચિત્રણ કરી શકે છે. તાજેતરમાં 'વિશ્વગુર્જરી' યોજિત 'ચિત્રગુર્જરી, ૯૦' માં એમનાં કાચચિત્રને સારો આવકાર મળ્યો હતો. આ વર્ષે આર્ટ સોસાયટી ઑફ ઇન્ડિયાનું પારિતોષિક પણ તેમણે મેળવ્યું છે.

મધુભાઈને અભિનયકળામાં પણ સક્રિય રસ છે. એમણે બાવન જેટલાં નાટકોમાં અભિનય કર્યો છે. રેડિયો અને ટીવી ઉપર પણ અવારનવાર તેઓ રજૂ થતા રહે છે.

-જયંત સિદ્ધપુરા





ઉપર આપેલા મધુભાઈના બે કાચચિત્રોમાં ડાબીબાજુ 'બસ હવે નથી સહેવાતું' નામના ચિત્રમાંસામાન્ય માણસને માત્ર સારી રીતે જીવવું છે. પણ એની હાલત ફુટબોલ જેવી છે. દરેક રાજકીય, સામાજિક, ધાર્મિક, ભાષાકીય પક્ષ માણસને ફુટબૉલની જેમ લાત મારી રહ્યો છે. એમના જીવનમાં હરિયાળી છે. જ્યારે સામાન્ય માનવી સૂકી જમીનમાં પીડાય છે. પરંતુ વૃક્ષને દયા આવે છે, વૃક્ષ સામાન્ય માનવીના મુખમાં ઝાકળનું પાણી રેડે છે. સૂર્યનારાયણ સત્યોનો પક્ષ લઈ સામાન્ય માનવી ઉપર પ્રકાશ ફેલાવે છે. અને ઉપર સત્યનાં સફેદ વાદળો છે. જ્યારે બાજુમાં કાળાં વાદળો છે. સૂર્યનાં કિરણોમાં એક ઘડિયાળનો કાંટો બતાવ્યો છે, જે ખરાબ સમય આવ્યા છે એનો પ્રતીતિ કરાવે છે. ચિત્રમાં એક તરફ જુદાજુદા ધર્મોનાં મંદિરો છે, જ્યાર બીજીબાજુ શ્રીમંતાઈની દીવાલો છે, મહેલો છે.

જમણી બાજુના ચિત્ર 'જીવનયાત્રા'માં દરેક પાત્ર કોઈને કોઈ હેતુ માટે પ્રવૃત્તિ કરે છે. કેળવણી આપનાર માનવી અનાજ માટે દોડે છે, ઘોડો ઘાસ માટે દોડે છે, ઘોડા પર બેસનાર જોકી શિલ્ડ અને પૈસા માટે કાર્યો કરે છે. અને પૈસા લગાડનાર ઘોડાની પાછળ દોડી પૈસા ભેગા કરે છે. સંતો મોક્ષ માટે દોડે છે. પરંતુ સાચા સંતો પોતાની પાછળ સુવાસિત ફુલો મૂકતા જાય છે. સામાન્ય માનવી માત્ર પોતાનું અને કુટુંબનું ભલું કરતો જાય છે. પક્ષીઓને મોક્ષ, પૈસા, બચત આદિ કશાનો મોહ નથી.

ગ્રીપ · સ્ટાન્સ · ગાર્ડ · એકાગ્રતા

(ક્રિકેટ-૪)

કુમારપાળ દેસાઈ

બેટની પકડને અંગ્રેજીમાં ગ્રીપ કહે છે. સામાન્ય રીતે બેટને પકડવા માટે કોઈ ચોક્કસ પદ્ધતિ નથી. બેટ્સમેન એને બરાબર પકડી શકે અને સરળતાથી દરેક પ્રકારના ફટકા લગાવી શકે તેવી પકડ હોવી જોઈએ. આ પકડ વધુ પડતી ચુસ્ત ન હોવી જોઈએ; પણ સાથેસાથ બેટ બરાબર કાબૂમાં રહે એટલી મજબૂત હોવી જોઈએ.


બેટના હાથાને ઉપરના ભાગથી પકડશો તો ફટકો મારતી વખતે બેટ પર કાબૂ નહીં રહે. બેટને ખૂબ નીચેથી પકડશો તો સ્ટ્રોક મારવામાં મુશ્કેલી પડશે. આથી બેટના હાથાને કુહાડીની માફક વચ્ચેથી પકડવો પડશે. એમાં બન્ને હાથ તદ્દન નજીક હોવા જોઈએ, જેથી એ એક જ હોય એ રીતે કામ આપે. આંગળીઓ એકબીજીને સ્પર્શતી હોવી જોઈએ. જમણા હાથના અંગૂઠા અને પહેલી આંગળીની હેન્ડલ ઉપરની પકડથી અંગ્રેજી 'વી' જેવો આકાર થશે. જમણોડી બેટ્સમેન ડાબો હાથ ઉપર અને જમણો હાથ નીચે રાખે છે. આ જમણો હાથ બેટના હાથાથી એક કે બે ઈંચ દૂર હોવો જોઈએ. કેટલાક પોતાને ફાવતી રીતે બેટ પર પકડ રાખે છે. કોઈ બેટ્સમેન હેન્ડલ ઉપર હાથ એટલો નીચો રાખે છે કે એની ટચલી આંગળી બેટના પાછળના ભાગને અડે છે. જ્યારે ઑસ્ટ્રેલિયાના મહાન બેટ્સમેન વિક્ટર ટ્રમ્પર પોતાના બંને હાથ હેન્ડલથી ખૂબ દૂર ઊંચે રાખતા હતા.

ગ્રીપનું મહત્વ એ માટે છે કે એનાથી વિકેટની બંન્ને બાજુ જોશથી અને ધાર્યા મુજબ ફટકા લગાવી શકાય. સ્ટ્રોક લગાવતી વખતે ડાબો હાથ મજબૂત રાખવો જરૂરી છે. જમણો હાથ બેટને બૉલની લાઈનમાં નીચે લાવવામાં મદદરૂપ થાય છે. ઈંગ્લેન્ડના ડેનિસ કોમ્પટન અને પીટર મે જેવા ફટકાબાજો આવી ટેક્નિક અજમાવીને દડાને ખૂબ જોશથી અને આકર્ષક રીતે ફટકારતા હતા.

ગ્રીપ પછી મહત્ત્વની બાબત સ્ટાન્સ છે. સ્ટાન્સ એટલે ખેલાડી જે રીતે બેટ પકડીને ક્રીસ પર ઊભો રહે તે રીત. આમાં બંને પગ એકબીજાથી છ ઈંચ દૂર રાખવા જોઈએ, જેથી બંને પગ ઉપર શરીરનું એકસરખું વજન આવે. ઘણા ખેલાડીઓ પોતાના બંને પગ એકસાથે રાખે છે. પરંતુ આવી રીતે રમવાથી ખેલાડીના સમતોલનમાં અને પગને ઝડપથી ઘુમાવવામાં મુશ્કેલી આવે છે.

જમણો પગ બેટિંગ ક્રીસથી થોડા ઈંચ અંદર હોવો જોઈએ. આગળનો એટલે કે ડાબો પગ બેટિંગ ક્રીસની સમાંતર અને જમણા પગથી ત્રણ ઈંચ દૂર હોવો જોઈએ. મહાન બેટ્સમેન ડોન બ્રેડમેન





ડાબી બાજુ : ઈમરાનખાનનો ઑર્થોડેક્સ સ્ટાન્સ અને જમણી બાજુ ગ્રેહામ ગૂચનો અર્ધો ઊંચકતા બેટવાળો સ્ટાન્સ

પોતાના બંને પગની વચ્ચે બેટ રાખતા. આથી તેઓ સુગમતાથી ખેલી શકતા હતા.

જમણા પગની પાછળ બેટ રાખવું અથવા તેમ કરવા કહેવું તે જૂની પદ્ધતિ છે; કારણ કે આ રીતે ઊભા રહેવાથી બેક લિફ્ટ વધુ સીધી આવે છે. અને ડિફેન્સિવ બેટિંગ કરવાથી અનુકૂળતા રહે છે, પરંતુ છટાદાર સ્ટ્રોક લગાવવા માટે આ રીતની બેટિંગ મર્યાદારૂપ છે.

ખેલાડીએ કઈ રીતે ઊભા રહેવું જોઈએ અને એમાં પણ બેટ બે પગની વચ્ચે કે બે પગની પાછળ કયાં રાખવું જોઈએ તે વિશે ઘણો મતભેદ પ્રવર્તે છે. મોટાભાગના જમણોડી ખેલાડીઓ સામાન્ય રીતે જમણા પગની ટચલી આંગળી સામે બેટ રાખે છે. વિકેટ પર એવી રીતે ઊભા રહેવું જોઈએ કે જેથી તમારું વજન બંને પગ પર સરખે ભાગે વહેંચાયેલું હોય. આગળ વધીને કે પાછળ જઈને અથવા તો આક્રમક કે સંરક્ષક - આ તમામ પ્રકારની - રમત આસાનીથી રમાય તે રીતે ઊભા રહેવું જોઈએ. કેટલાંક 'ટુ સાઈડ સ્ટેપ્સ' અપનાવે છે. જેમાં ખભો ગોલંદાજને બદલે મિડઑન ભણી હોય છે. પરંતુ આ રીતે ઊભા રહેવાથી મુકતપણે ઓફ સાઈડના ફટકા લગાવી શકાતા નથી.

ગાર્ડ લેવાનો હેતુ બૉલની દિશા નિર્ણિત કરવા માટેનો છે. બેટસમેન અમ્પાયર પાસે ગાર્ડ માગે છે. આમાં ત્રણ પ્રકારની સ્થિતિ હોઈ શકે: (૧) મિડલ સ્ટમ્પ (૨) લેગ સ્ટમ્પ (૩) ટૂ લેગ્ઝ એટલે કે મિડલ સ્ટમ્પ અને લેગ સ્ટમ્પ વચ્ચેની. સામાન્ય રીતે લેગ સ્ટમ્પ પર ગાર્ડ લેવામાં આવે છે. આનો હેતુ તો સ્ટમ્પને અનુલક્ષીને તમારે કયાં ઊભા રહેવાનું છે તે જાણવાનો છે. લેગ સ્ટમ્પ પર ગાર્ડ લેવાથી માથું અને આંખ મિડલ સ્ટમ્પની ઉપર આવશે. જેથી દડો કયા પ્રકારનો છે તેનો યોગ્ય નિર્ણય થઈ શકે.

ફીલ્ડિંગ જયારે ઓફ બ્રેક બોલર ઓન સાઈડ પર મજબૂત ગોઠવીને ગોલંદાજ બોલિંગ કરતો હોય ત્યારે ઘણા બેટ્સમેનો લેગ સ્ટમ્પ ઉપર અથવા તેની બહાર ગાર્ડ લે છે. આમ કરવાથી તેને એમ લાગે છે કે કોઈપણ દડાને એ સરળતાથી ફટકારી શકે છે.

સામે ઝડપી કે મધ્યમ ઝડપી ગોલંદાજ ગોલંદાજી કરતો હોય ને બેટ્સમેન ઓફ સ્ટમ્પના બહારના દડાને મારવામાં નબળો હોય ત્યારે મિડલ સ્ટમ્પ ગાર્ડ તેને માટે યોગ્ય ગણાય.

તમે જાણો છો કે ભારતના બેટસમેનો ઝડપી ગોલંદાજના ઓફ સ્ટમ્પની બહાર આવતા દડાને ખેલવાની ઘણી મોટી નબળાઈ ધરાવે છે. આને કારણે ભારતીય ટીમ ઘણીવાર ખૂબ કંગાળ જુમલો કરી આઉટ થઈ ગઈ છે.

સમર્થ બેટ્સમેન ડોન બ્રેડમૅનના મત મુજબ મિડલ અને લેગ ખૂબ ઉપયોગી ગાર્ડ છે. એટલે કે તેઓના મિડલ સ્ટમ્પ ગાર્ડ કરતાં મિડલ અને લેગ ગાર્ડમાં પગ લેગ સાઈડ તરફ બે ઈંચ વધુ હોય છે.

હવે બેટિંગની તૈયારી થઈ ચૂકી છે. બેટિંગની તૈયારી થઈ ચૂકી છે. બેટિંગમાં ટાઈમિંગ મહત્ત્વનું છે. એટલે કે બેટ અને બોલનો સમયસર અને બેટની વચ્ચે સંગમ થવો જોઈએ. બેટિંગમાં બીજી મહત્ત્વની બાબત તે નિર્ણયશકિત છે. બેટ્સમેનને ત્વરિત નિર્ણય લઈને ખૂબ ઝડપથી દડો ફટકારવાનો હોય છે. આવી જ રીતે બેટિંગમાં આઈસાઈટ બહુ મહત્ત્વની વસ્તુ છે. મહાન બેટ્સમૅન રણજિતસિંહની આંખો એટલી બધી ચપળ હતી કે એમ કહેવાતું કે ખોફનાક ઝડપી ગોલંદાજના વીંઝાયેલા દડાના ટાંકાને પણ તેઓ જોઈ શકતા. બેટિંગ કરતી વખતે એકાગ્રતાની ખૂબ જરૂર હોય છે. ભારતના વિજય મરચન્ટ, વિજય હજારે કે સુનિલ ગાવસ્કર આવી એકાગ્રતાને કારણે જ રનના જંગી જુમલા ખડકી શક્યા છે, જયારે બોલના હલનચલનને પણ જોવાની ખૂબ જરૂર હોય છે. આ રીતે ક્રિકેટની સફળતામાં ગ્રીપ, સ્ટાન્સ, ગાર્ડ અને એકાગ્રતા મહત્ત્વનો ભાગ ભજવે છે. □

અનુસંધાન) અંગ્રેજી સાહિત્યનું આચમન (પૃ. ૨૪૪થી

એથરિજમાં કે નથી વિચર્લીમાં. એટલે જ 'ધ વે ઓવ ધ વલ્ડ' માં એક નવો જ સૂર સંભળાય છે. એમાં કટાક્ષ છે, પણ સાથે વિષાદ પણ છે. મિરાબેલ (Mirabel) અને મિલામાં (Millamant)- નાયક-નાયિકા વચ્ચેના સંવાદોમાં જીવનની સંદિગ્ધતાઓ, વિધિકટાક્ષો, યુવા વિશેની સમસ્યાઓ, પ્રેમ અને લગ્ન, વાસના અને દંભ એ સર્વ વિશેની ચર્ચા - વિચારણા કોમેડિને એક નવું જ પરિમાણ આપે છે. રેસ્ટોરેશન કોમેડિનું ઉછાંછળાપણું અહીં જવલ્લે જ જડે. કૉન્ગ્રીવની આ કોમેડિમાં કટાક્ષની સાથે પૂરતું ગાંભીર્ય છે, કલાનું ઊંડાણ છે. અહીં નાયક-નાયિકા બંને એકબીજાના ગુણદોષોથી પરિચિત થઈને પણ, સંઘર્ષથી મુકત સમાધાનવૃત્તિથી જીવન જીવવા ઇચ્છે છે. રેસ્ટોરેશન કોમેડિમાં અહીં જ આ એક નવી વિચારધારા રજૂ થાય છે. રેસ્ટોરેશન યુગના પૂર્ણવિકસિત પુષ્પ તરીકે 'ધ વે ઓવ ધ વલ્ડ'ની ગણના થઈ છે. (ક્રમશઃ)

સૂચના

- સર્જકે કૃતિને છેડે પોતાનું પૂરું નામ-સરનામું લખવું.
- અંદરના બિડાણને ચીટકી ન જાય તે રીતે પરબીડિયું બીડવું.
- વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર વ્યવસ્થાપકને ઉદ્દેશીને જ કરવો.
- ૩૧ ડિસેમ્બર '૯૦ સુધી જ 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. સાઠ રહેશે.

વિલિયમ વિચર્લી
(૧૬૪૦-૧૭૧૬)

અંગ્રેજી સાહિત્યનું આચમન

(રેસ્ટોરેશન કોમેડિ)

ડૉ. મધુસૂદન પારેખ

એથરિજ પણ વિલિયમ વિચર્લીના આગમન સુધી કોઈ નાટ્યકાર કોમેડિની કંઈક પણ નવીનતા દાખવી શક્યો નથી; અલબત્ત, એથરિજની શૈલીમાં કેટલાક નાટ્યકારો છૂટાછવાયાં દશ્યો ભજવતાં હતાં.

વિચર્લી રેસ્ટોરેશન યુગનો એક અનોખો - વિચિત્ર કહી શકાય તેવો- નાટ્યલેખક છે. દેહસુખનો અઠંગ ભોકતા, નિરંકુશ પ્રકૃતિ, આ પાર કે પેલે પારનો જ આગ્રહી - મધ્યમ માર્ગ તો ખપે જ નહિ - એવો. વક્તામાં અંગ્રેજી કટાક્ષકાર, સ્વિફ્ટનું સ્મરણ કરાવે તેવો વિચર્લી યુવાવયમાં જ અનેક પ્રકારની લીલીસૂકી અનુભવી ચૂકેલો, ફ્રાન્સમાં રહીને ફ્રેંચ રંગરાગી સભ્યતામાં ઝબકોળાયેલો. ચાર્લ્સ બીજાની કોર્ટમાં રંગીલા વિદ્વાનો-લેખકોમાંનો એક, પાસા પાડ્યા વિનાના હીરા જેવો હતો.

લંડનની કામોત્તેજક અને વિલાસી પ્રવૃત્તિઓમાં રાચનારી સોસાયટીથી તે પણ અંજાયો હતો, તેમ છતાં તેનામાં એક પ્યૂરિટનવાદી વલણ હતું. આ વલણ કુશિયારીખોર, વિષયવૃત્તિમાં રાચનારાં સ્ત્રીપુરુષો પ્રત્યે ધિક્કાર અને પ્રકોપ પ્રેરતું હતું. આવી પરસ્પર વિરોધી દ્વિમુખી પ્રતિભા ધરાવનારો વિચર્લી પોતાનાં જીવનમૂલ્યો વિશે દ્વિધામાં જ અટવાતો રહ્યો; પણ અંતે કૃત્રિમ રીતે ઝગઝગતી સોસાયટીમાં તેણે ડૂબકી મારી. નાની વયમાં નાટકો લખેલાં તે મઠારીને તેણે રંગમંચ પર રજૂ કર્યાં.

એણે કુલ ચાર કોમેડિ લખી છે : (૧) 'લવ ઇન અ વૂડ' (રચાઈ ૧૬૭૧, છપાઈ ૧૬૭૨); (૨) ધ જેન્ટલમૅન ડાન્સિંગ માસ્ટર (રચાઈ ૧૬૭૨, છપાઈ ૧૬૭૩); (૩) ધ કન્ટ્રિ વાઈફ (૧૬૭૫); (૪) ધ પ્લેન ડીલર (રચાઈ ૧૬૭૬, છપાઈ ૧૬૭૭). એનાં 'ધ કન્ટ્રિ વાઈફ' સિવાયનાં નાટકોમાં જે ફૅશનપરસ્ત, વિલાસી સોસાયટીમાં તે ઝબકોળાયો તે અંગે તેનો પ્રતિક્ષોભ વરતાય છે. પોતે હજુ સારા - નરસાની દ્વિધામાં જ છે. ધ્રુવપદ હજુ એના ચિત્તમાં નિશ્ચિંત થયું નથી. એટલે એ કયું વલણ પ્રકટ કરવા માગે છે તે કહી શકાતું નથી. નાટકોમાં તે વિવિધ કથાપ્રવાહ આલેખે છે પણ એ સર્વનું મિશ્રણ વિચિત્ર - કઢંગું લાગે છે. અલબત્ત, સ્થળ-કાળની એકતા તે સાચવે છે પણ વાતાવરણની એકતા જાળવવામાં તે નિષ્ફળ નીવડ્યો છે. ઘડીકમાં પ્રેક્ષક નાટકના વસ્તુપ્રવાહમાં રસ લેવા માંડે છે ત્યાં વળી વચમાં કશોક તીવ્ર કટાક્ષ આવી પડે છે ને ત્યાંથી વળી પ્રેક્ષકનું ચિત્ત ફાંકડા, રંગીલા અને ભમરાની જેમ ફૂલ પાસે ભમતા વરણાગિયાઓની મજાકમાં ખૂંપે છે... વળી કથાપ્રવાહ અવનવા રોમૅન્સની દિશામાં ખેંચાઈ જાય છે.

વિચર્લી પોતે પણ રેસ્ટોરેશન યુગના અન્ય કોમેડિ સર્જકોની જેમ દેહવિલાસ અને અન્ય ભૌતિક સુખોથી અલિપ્ત રહ્યો નથી, તેમ છતાં વિષયરાગી, કૃત્રિમ ચળકાટવાળી, અપ્રમાણિક સોસાયટીનાં ધોરણો તેને ગમતાં નથી. એટલે એ પોતાનાં નાટકોમાં પોતાની ઇન્દ્રિયલોલુપતાને પણ ચાબુકથી ફટકારતો જણાય છે. ' રેસ્ટોરેશન કોમેડિ'ના લેખક બોનામી (Bonami) એ નોંધ્યું છે તેમ ચારેકોર આગની જ્વાળાઓ વચ્ચે ફસાયેલો વીંછી જેમ પોતાની જાતને જ ડંખ મારે તેવું વલણ વિચર્લીનાં નાટકોમાં દેખાય છે. અને કેટલીકવાર તો સેટાયર કરતાંય વિચર્લીનો નૈતિક પ્રકોપ ધ્યાન ખેંચી રહે છે.

એનાં છેલ્લાં નાટકોમાં એથરિજથી નિરાળી એવી લાક્ષણિકતાઓ વરતાય છે. રેસ્ટોરેશન યુગના કોમેડિ-સર્જકોમાં જોન્સનની (Ben Jonson) કોમેડિ ઑફ હ્યુમર્સનું તત્ત્વ સહુથી વિશેષ પ્રમાણમાં વિચર્લીમાં જ જણાય છે. ઉદાહરણ લેખે 'ધ પ્લેન ડીલર'માં વિડો બ્લેકેકર (Widow Blackacre)નું ઠઠ્ઠાચિત્ર જોન્સનનાં એવા જ પ્રકારનાં પાત્રોનું સ્મરણ કરાવે છે. પ્રખર કાયદાબાજ હોવાનો ફાંકો રાખતા વિડો બ્લેકેકર આખરે બેવકૂફ બને છે એ આખીય ઘટના જોન્સનનાં નાટકોની ઘટનાને મળતી છે. પણ જોન્સનનો કટાક્ષ સમાજનાં સર્વસ્વીકૃત ધોરણોથી વિમુખ થવા મથતી રીતરસમ પર છે, જ્યારે વિચર્લી સમાજ અને માનવપ્રકૃતિ પર પોતાનો રોષ ઠાલવે છે. અલબત્ત, 'ધ પ્લેન ડીલર'માં વિચર્લીનો રોષ પ્રકટે છે તો રેસ્ટોરેશન કોમેડિમાં પ્રકટ થતી ચતુરાઈ - કરામતોનો પણ અભાવ નથી. એ નાટકમાં નાયક મૅનૂલિ (Manly) તત્કાલીન સમાજના દંભ-અનાચારથી વાજ આવીને પોતાની એ પ્રત્યેની નફરત પ્રકટ કરે છે. મોલિએર (Moliere)ના 'મિસાનથ્રોપ' (Misanthrope) નામના પાત્ર પરથી મૅનૂલિનો અવતાર થયો જણાય છે.

'ધ કન્ટ્રિ વાઈફ' વિચર્લીનું વધારે સફાઈદાર અને રેસ્ટોરેશન કોમેડિની પ્રણાલિને જાળવતું નાટક છે : એમાં ચાતુર્ય-ચબરાકીભર્યાં વાક્યુદ્ધો વાદવિવાદો અવશ્ય છે, પરંતુ એની ભીતરમાં સ્વિફ્ટના તાતા કટાક્ષની યાદ આપતો નૈતિક ધૃણાનો ભાવ છે. એમાં મુખ્યપાત્ર શ્રીમાન હૉર્નર (Mr. Horner) અન્ય સન્માન્ય સ્ત્રીઓના 'સત્સંગ' માટે પોતે નપુંસક હોવાની જાહેરાત કરે છે અને એ રીતે એમના પતિઓને વિશ્વાસમાં લઈ, સન્નારીઓને લપટાવીને તેમની સમક્ષ પોતાની અસલી જાત પ્રકટ કરે છે. સમાજમાં કહેવાતાં સન્માન્ય સ્ત્રી-પુરુષોના સદાચાર

અને માનઅકરામ પાછળ કેવી ભોગલોલુપતા, કેવો સ્વાર્થ છુપાયેલો છે તેની પ્રતીતિ હોર્નરના પાત્રથી થાય છે. અલબત્ત, અહીં પણ કટાક્ષ તો છે જ, પરંતુ નૈતિક પ્રકોપ વિશેષ ધ્યાનપાત્ર બને છે. બોનામી તેમ જ અન્ય વિવેચકોનો અભિપ્રાય છે કે રેસ્ટોરેશન કોમેડિમાં વરતાતી અશ્લીલતા છાપેલા નાટકોમાં છે તેથી પણ વિશેષરૂપે તે રંગમંચ પર એ નાટકો ભજવાય ત્યારે છતી થાય છે.

વિલિયમ કોન્ગ્રીવ (૧૬૭૦-૧૭૨૯)

વિચર્લીએ એથરિજની કોમેડિ-પ્રણાલિથી ચીલો ચાતરીને કંઈક નવા પ્રકારની કોમેડિરચનાઓ આપી. વિલિયમ કોન્ગ્રીવ પોતાની આગવી પદ્ધતિએ કોમેડિને એના મૂળભૂત માર્ગ પર મૂકી આપે છે. કોન્ગ્રીવમાં વિચર્લીનાં પ્યૂરિટન વૃત્તિ-વલણ નથી; એથરિજમાં છે તેવું સામર્થ્ય પણ નથી. કોન્ગ્રીવની વિશેષતા એની માર્મિક શૈલીની નજાકતમાં રહેલી છે. એના બે પુરોગામીઓના જેવી નાટ્યાત્મક શૈલી પણ તેની પાસે નથી. પણ સંસ્કારી સમાજમાં ઉચ્ચારાતી પ્રચલિત વાતચીતને સ્વાભાવિક રીતે, રજૂ કરવામાં તેની કુશળતા છે.

ચાર્લ્સ બીજાના રાજ્યારોહણ પછી દસ વર્ષે જન્મેલો કોન્ગ્રીવ, રક્તવિહીન ક્રાન્તિ (Bloodless Revalution) દરમ્યાન તો ઠીકઠીક પરિપક્વતા પામી ચૂકે છે. રેસ્ટોરેશન યુગનાં ઊછળતાં જળ હવે શાંત થવા માંડ્યાં છે. છેલ્લાં પચીસ-ત્રીસ વર્ષ પૂર્વેના ભૂતકાળ પર દૃષ્ટિ



નાખીને લોકો હવે તટસ્થ થવા માંડ્યાં છે. જાતીય સંબંધોને બુદ્ધિસંગત (Rationalize) કરવાનો અખતરો ચોક્કસપણે નિષ્ફળ ગયો છે - સ્વચ્છંદી સન્નારીઓ સામે ટીકાનાં તીર છૂટવાં માંડ્યાં છે - સ્ટીલ અને ઍડિસન (Steele and Addison) યુગનાં એંધાણ વરતાય છે ત્યારે એ બે જમાનાઓની વચમાં કોન્ગ્રીવની કોમેડિ નાટ્યકાર તરીકેની -સમતુલાધારક સર્જક તરીકેની- કારકિર્દીનો આરંભ થાય છે. એણે ચાર કોમેડિ આપી છે : 'ધી ઓલ્ડ બેચલર' (૧૬૯૩), 'ધ ડબલ ડીલર' (૧૬૯૩; છપાઈ ૧૬૯૪); 'લવ ફોર લવ' (૧૬૯૫); 'ધ વે ઓવ ધ વર્લ્ડ' (૧૭૦૦).

'ધી ઓલ્ડ બેચલર' માં કોમેડિનો એક નવો સૂર સંભળાય છે. અલબત્ત, એમાં વાતાવરણ એથરિજની કોમેડિનું છે, પણ કોન્ગ્રીવે એને જે નવા ઘાટઘૂટ આપ્યા અને સરસ, અકૃત્રિમ, સૂક્ષ્મ ભાવો અભિવ્યકત કરનારા સરળ સંવાદો આપ્યા એ એની વિશેષતા છે. આ નાટકમાં રેસ્ટોરેશન યુગનું તેમજ ઈલિઝાબેથ યુગનું વાતાવરણ વરતાય છે, અને ફારસ, કટાક્ષ, બેન જોન્સનનાં નાટકોની પદ્ધતિનું હાસ્ય એ સર્વનો સુયોગ છે. રેસ્ટોરેશન યુગમાં લગ્ન વિશેના 'વિશિષ્ટ' અભિગમને કોન્ગ્રીવે અહીં નવું પરિમાણ આપ્યું છે. એક બુઢ્ઢા, વાંઢા ગૃહસ્થ હાર્ટવેલ (Heartwell) ભોગવિલાસની લોલુપતાને લીધે એક લગ્નપ્રપંચમાં ફસાય છે અને બીજા એક ફોન્ડલવાઈફ (Fondlewife) યુવાન અને આધુનિક યુવતીના બુર્ઝ્વા પતિ છે. એમની વચ્ચેની સમસ્યા નિરૂપીને કોન્ગ્રીવે તત્કાલીન સમાજમાં લગ્ન વિશેના નવીન ખ્યાલને વળાંક આપ્યો છે.

'લવ ફોર લવ' રેસ્ટોરેશન કોમેડિ ઓવ મેનર્સના કરતાં વિશેષપણે બેન જોન્સનની કોમેડિ ઓવ હ્યુમર્સનું સ્મરણ કરાવે છે. એક ફાંકડો દેવાદાર લેણદારોના સકંજામાંથી છૂટવા માટે અને પોતાની પ્રિયાનો પ્રેમ પ્રાપ્ત કરવા જે નુસખા અજમાવે છે તેમાં, વેલન્ટાઈન અને તેના નિષ્ઠુર બાપ વચ્ચેના બે પેઢીઓ વચ્ચેના ઝઘડામાં, પ્રતિનિધિરૂપ પાત્રોમાં, ચતુર-ચીબાવલા નોકરના પાત્રમાં - આ સર્વમાં જોન્સનનાં નાટકોનું સ્મરણ થાય છે. અલબત્ત, નાટકનો કટાક્ષ જોન્સનનાં નાટકોમાં છે તેવો વ્યાપક નથી. જાહેર વર્તાવ અને ખાનગી આચાર વચ્ચે અમીર-ઉમરાવો અને સન્નારીઓનાં જીવનમાં જે તફાવત દેખાય છે તેના પર રેસ્ટોરેશન યુગની સોસાયટી પર કોન્ગ્રીવનો કટાક્ષ છે. કોન્ગ્રીવનું આ કદાચ સહુથી વિશેષ કટાક્ષ-સામર્થ્ય દાખવતું નાટક છે. 'ધ વે ઓવ ધ વર્લ્ડ' એ કોન્ગ્રીવની યશકલગીરૂપ કોમેડિ છે. અલબત્ત એમાં રેસ્ટોરેશન કોમેડિમાં સર્વત્ર વરતાતી પરિસ્થિતિઓ - ચબરાક પ્રેમીયુગલ, વાસનાભૂખી વિધવા, પરગણાનો ઉમરાવ, વાસના અને શીલ વચ્ચેની ખેંચતાણ - અવશ્ય છે. પણ પ્રચલિત સામગ્રીને કલાત્મક રીતે હલ કરવામાં, સ્વચ્છ, સરળ, સંસ્કારીને માર્મિક ગદ્યસંવાદોમાં અને અર્થસભર દૃશ્યોના આયોજનમાં કોન્ગ્રીવે જે કલાકૌશલ દાખવ્યું છે તે નથી

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૨ પર)

ભારત-રત્ન

ભારતનો સર્વોચ્ચ નાગરિક માન-અલંકાર

ભરતકુમાર પ્રા. ઠાકર

આઝાદી, ન્યાય અને શાન્તિના પ્રતીક બની ગયેલા 'દક્ષિણ આફ્રિકાના ગાંધી' ડૉ. નેલ્સન મન્ડેલાને તાજેતરમાં તારીખ ૧૪મી ઑક્ટોબરે રાષ્ટ્રના સર્વોચ્ચ ખિતાબ 'ભારત-રત્ન'થી સન્માનવાની ઘોષણા કરવામાં આવી. અને તદનુસાર, ૨૫ વર્ષોથી પણ વધુ લાંબો રાજકીય કારાવાસ ભોગવીને ચાલુ વર્ષની ૧૧મી ફેબ્રુઆરીએ મુકત થયેલા મન્ડેલા જ્યારે પ્રથમવાર ભારતની પાંચ દિવસની મુલાકાતે આવ્યા તે ટાંકણે તારીખ ૧૬મી ઑક્ટોબરે રાષ્ટ્રપતિ ડૉ. આર. વેંકટરામને તેમને આપણા આ સર્વોત્તમ નાગરિક ઈલ્કાબથી અલંકૃત કર્યા હતા. તે સાથે 'ભારત-રત્ન' સન્માનિત મન્ડેલા ૨૪મી વ્યકિત અને બીજા વિદેશી મહાનુભવ બન્યા છે! આ અગાઉ ૧૯૭૯ના વર્ષ માટેનો 'જવાહરલાલ નહેરુ આંતરરાષ્ટ્રિય સદ્ભાવ અને શાન્તિ પુરસ્કાર' પણ મન્ડેલાને અપાઈ ચૂક્યો છે.

ચાલુ વર્ષે ૧૯૯૦માં 'ભારત-રત્ન' બીજી વાર જાહેર થયો છે. આ અગાઉ ડૉ. બી.આર. આંબેડકરને ગત ૧૪મી એપ્રિલે 'ભારત-રત્ન'નું મરણોત્તર સન્માન આપવામાં આવ્યું હતું એ સર્વવિદિત છે. રાષ્ટ્રનો આ સર્વોચ્ચ અલંકાર અત્યાર સુધી કુલ કેટલી વ્યકિતઓનેં, કોને -કોને અને ક્યારે આપવામાં આવ્યો છે તે તેમજ 'ભારત-રત્ન' પારિતોષિક વિષેની માહિતી જાણવી રસપ્રદ બની રહેશે.

પ્રશંસ્ય સેવાઓની કદર

જેવી રીતે ભારતીય લશ્કરનાં બહાદુર જવાનોને યુધ્દમાં તેમની વીરતા, સાહસ અને શૌર્યભરી કામગીરી બદલ પરમવીર ચક્ર, મહાવીર ચક્ર, વીર ચક્ર, કીર્તિ ચક્ર, અશોક ચક્ર, શૌર્ય ચક્ર જેવાં લશ્કરી ખિતાબોથી સન્માનવામાં આવે છે તે રીતે સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં સર્વોચ્ચ કક્ષાએ નામ કાઢના મહાનુભવો, પ્રતિભાવંત વિભૂતિઓ અને કલાકારોને તેમણે જે તે ક્ષેત્રોમાં કરેલા મહત્ત્વપૂર્ણ પ્રદાન બદલ અને તેમની પ્રશંસ્ય સેવાઓની કદરરૂપે ભારત સરકાર તરફથી વિવિધ કક્ષાના સેવા- ચંદ્રકોથી નવાજવામાં આવે છે.

ભારતની સ્વતંત્રતા બાદ દર વર્ષે ગણતંત્ર દિન(૨૬મી જાન્યુઆરી)પ્રસંગે નાગરિક પુરસ્કારો એનાયત કરવાની આ પરંપરા ૧૯૫૪થી અમલી બનાવવામાં આવી છે. આ રાષ્ટ્રિય પારિતોષિકો ચાર પ્રકારનાં છે : (૧) 'ભારત-રત્ન', (૨) 'પદ્મ - વિભૂષણ', (૩)'પદ્મ-ભૂષણ' અને (૪) 'પદ્મશ્રી'. લશ્કરી ખિતાબોમાં જેમ 'પરમવીર ચક્ર' એવોર્ડ સર્વોચ્ચ સ્થાને છે તેમ મુલ્કી ખિતાબોમાં 'ભારત-રત્ન' એવોર્ડ આપણા દેશનો શ્રેષ્ઠ અને સર્વોચ્ચ નાગરિક અલંકાર છે.

'ભારત-રત્ન' ચંદ્રક કેવો છે?

જાહેર સેવક (સરકારી કર્મચારી) દ્વારા અપાતી ઉત્કૃષ્ટ સેવાઓ સહિત કોઈ પણ ક્ષેત્રે વિશિષ્ટ સેવા બજાવનાર અને ઉચ્ચ પ્રદાન કરી ચૂકેલી વ્યકિતઓને 'પદ્મ'વાળાં ત્રણ પારિતોષિકોથી સન્માનિત કરવામાં આવે છે અને તે પ્રજાસત્તાક દિને જાહેર થાય છે. જ્યારે ભારત સરકાર દ્વારા અપાતાં અલંકારો પૈકી 'ભારત-રત્ન' મોટામાં મોટો પુરસ્કાર છે અને તે કલા, સાહિત્ય, વિજ્ઞાન અને સમાજસેવાના ક્ષેત્રે પ્રગતિ સાધવાની દિશામાં કરેલા ઉચ્ચતમ પ્રદાન તેમજ ઉત્કૃષ્ટ જાહેર સેવાની કદરરૂપે એનાયત કરવામાં આવે છે. આ ઈલ્કાબ પ્રજાસત્તાક દિન ઉપરાંત વર્ષના કોઈ પણ સમયમાં જાહેર થાય છે.

'ભારત-રત્ન'નું પ્રતીક કાંસામાંથી બનાવેલા ૫.૮ સેન્ટિ મીટર લંબાઈ ૪.૭ સેન્ટિ મીટર પહોળાઈ અને ૩.૧ મિલીમીટર જાડાઈના પીપળાના પાનના આકારમાં હોય છે. આ પદકની એક બાજુએ ૧.૬ સે.મી. વ્યાસવાળી 'સૂર્ય'ની આકૃતિ અને તેની નીચે હિન્દીમાં 'ભારત-રત્ન' શબ્દો ઉપસાવેલાં હોય છે. બીજી બાજુએ ભારતનું રાજ્ય-ચિહ્‌ન (ત્રિમૂર્તિ સિંહાકૃતિ) અને નીચે હિન્દીમાં મુદ્રાલેખ 'સત્યમેવ જયતે' ઉપસાવેલાં હોય છે. રાષ્ટ્રિય ચિહ્‌ન, સૂર્ય અને કિનાર પ્લેટિનમનાં બનેલાં હોય છે અને લખાણ ચમકતાં કાંસામાં હોય છે.

રદ પણ થયા - પુનઃ ચાલુ થયા !

વચ્ચે અઢી વર્ષ જેટલાં સમયગાળા માટે આ રાષ્ટ્રિય પારિતોષિકો મૃતઃપ્રાય દશામાં હતાં. ૧૯૭૭માં શાસનપલટો થતાં તત્કાલીન વડાપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈની લોકસભામાં તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૭૭ની સરકારી જાહેરાતથી અને તારીખ ૮મી ઑગસ્ટ, ૧૯૭૭ના જનતા સરકારે રાષ્ટ્રપતિ દ્વારા જાહેરનામું બહાર પડાવીને ૧૯૫૪થી અપાતાં આ રાષ્ટ્રિય પારિતોષિકો રદબાતલ કર્યાં હતાં.

તો, ૧૯૮૦માં ફરી સત્તાની ફેરબદલી થવાથી કૉંગ્રેસ (આઈ) પક્ષની સરકારે તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૮૦ના રાષ્ટ્રપતિ પાસે નવું જાહેરનામું પ્રસિધ્દ કરાવીને પ્રજાસત્તાક દિનથી આ મુલ્કી પારિતોષિકો પુનઃ ચાલુ કરાવ્યાં હતાં.

'ભારત-રત્ન' વિભૂષિત વિભુતિઓ

આઝાદીનાં ૪૩ વર્ષો દરમિયાન માત્ર ચોવીસ વ્યકિતઓને જ આ સર્વોચ્ચ ઈલ્કાબ-પ્રાપ્તિનું સૌભાગ્ય સાંપડ્યું છે! આ પારિતોષિકથી પુરસ્કૃત અત્યાર સુધીની વ્યકિતઓની વિગતો આ મુજબ છે :

૧૯૫૪	ચક્રવર્તી રાજગોપાલાચારી	૧૯૬૩	ડૉ. ઝાકિરહુસેન
૧૯૫૪	ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્	૧૯૬૩	ડૉ. પાંડુરંગ વામન કાણે
૧૯૫૪	ડૉ. ચંદ્રશેખર વેન્કટરામન્	૧૯૬૬	લાલબહાદુર શાસ્ત્રી
૧૯૫૫	પંડિત જવાહરલાલ નેહરુ	૧૯૭૧	શ્રીમતિ ઈન્દિરા ગાંધી
૧૯૫૫	ડૉ. ભગવાનદાસ	૧૯૭૫	ડૉ. વરાહગિરિ વેંકટગિરિ
૧૯૫૫	ડૉ. સર એમ. વિશ્વેશ્વરૈયા	૧૯૭૬	કે. કામરાજ નાદર
૧૯૫૭	પંડિત ગોવિંદવલ્લભ પંત	૧૯૮૦	મધર એગ્નિસ ટેરેસા
૧૯૫૮	મહર્ષિ અણ્ણાસાહેબ કર્વે	૧૯૮૩	આચાર્ય વિનોબા ભાવે
૧૯૬૧	ડૉ. વિધાનચંદ્ર રોય	૧૯૮૭	ખાન અબ્દુલગફારખાન
૧૯૬૧	પુરુષોત્તમદાસ ટંડન	૧૯૮૮	એમ. જી. રામચંદ્રન્
૧૯૬૨	ડૉ. રાજેન્દ્રપ્રસાદ	૧૯૯૦	ડૉ. બી.આર. આંબેડકર
૧૯૬૨	મહાદેવ સહાય	૧૯૯૦	ડૉ. નેલ્સન મન્ડેલા

ચાલુ વર્ષનાં પારિતોષિકો

ચાલુ વર્ષના ઘોષિત 'ભારત-રત્ન'ના બંને ખિતાબો પરંપરાગત રીતે પ્રજાસત્તાક દિનને બદલે અન્ય સમયે જાહેર થયા છે.

તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૦ના રોજ વડાપ્રધાન શ્રી વિશ્વનાથ પ્રતાપસિંહ દ્વારા દલિતોદ્ધારક, ગરીબોના બેલી અને આપણાં બંધારણના ઘડવૈયાઓ પૈકીના એક ડૉ. ભીમરાવ રામજી આંબેડકર (ઉર્ફે બાબા સાહેબ)ને 'ભારત-રત્ન'નો મરણોત્તર એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવેલી અને તદનુસાર બાબાસાહેબની ૯૯મી જન્મજયંતીના દિવસ તારીખ ૧૪મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા એક સમારંભમાં રાષ્ટ્રપતિ આર. વેંકટરામન્ પાસેથી આ મરણોત્તર સન્માન ડૉ. બી. આર. આંબેડકર વતી એમનાં વિધવા પત્ની ડૉ. સવિતા આંબેડકરે સ્વીકાર્યું હતું. તો, બીજો એવોર્ડ ડૉ. નેલ્સન મન્ડેલાને અપાયો એ તો તાજેતરની જ ઘટના છે.

ચાલુ વર્ષના ('ભારત-રત્ન' સિવાયના બાકીનાં) ત્રણેય 'પદ્મ-પુરસ્કારો'ની જાહેરાત પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૦ના રોજ થઈ હતી અને તેનો અર્પણવિધિ એક શાનદાર સમારોહમાં તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૦ના રોજ યોજાયો હતો.

આમ, ૧૯૯૦ના ચાલુ વર્ષમાં ૨ ભારત-રત્ન ઉપરાંત ૬ પદ્મ-વિભૂષણ, ૨૪ પદ્મ-ભૂષણ અને ૬૮ પદ્મશ્રીના (એકંદરે પૂરાં ૧૦૦) નાગરિક અકરામો જુદાં જુદાં ક્ષેત્રોની અગ્રણી વ્યકિતઓને એનાયત કરવામાં આવ્યા છે. તે સાથે ઈલ્કાબોની તવારીખમાં આજ લગી ભારત-રત્ન ૨૪, પદ્મ-વિભૂષણ ૧૨૩, પદ્મ-ભૂષણ ૬૫૬ અને પદ્મશ્રી ૧૨૯૨ મળીને કુલ ૨૦૯૫ જેટલાં પુરસ્કારો આપવામાં આવ્યા છે!

તવારીખનાં તારણો

અત્યાર સુધી આપવામાં આવેલાં 'ભારત-રત્ન' અલંકારની સાલવારીની તવારીખ જોતાં જણાય છે કે 'ભારત-રત્ન' જ્યારે પણ અપાય છે ત્યારે બહુધા જે તે વર્ષે એક વ્યકિતને અપાયા છે. પરંતુ પાંચ જુદાં જુદાં વર્ષોમાં ભારત-રત્ન એક કરતાં વધુ વ્યકિતઓને આપવામાં આવ્યા છે. તેમાં ૧૯૬૧, ૧૯૬૨, ૧૯૬૩ અને ૧૯૯૦ની સાલોમાં એક સાથે બબ્બે વ્યકિતઓને તથા ૧૯૫૪ અને ૧૯૫૫ની સાલોમાં તો એક સાથે ત્રણત્રણ વ્યકિતઓને 'ભારત-રત્ન' અર્પણ થયા છે!

૧૯૫૪થી 'ભારત-રત્ન'નો માનપદક અપાવાનો શરૂ થયો તે ૧૯૯૦ સુધીનાં ૩૭ વર્ષોના સમયગાળામાં ૧૬ વર્ષ અને ૨૪ વ્યકિતઓને તે જાહેર થયા છે. (અર્થાત્ વચ્ચે-વચ્ચેનાં ૨૧ વર્ષ દરમિયાન 'ભારત-રત્ન' પદક કોઈને નથી અપાયો)

વળી, ૩૭ વર્ષોના લાંબા સમયગાળા દરમિયાન સતત ત્રણ વર્ષ ભારત-રત્નની નવાજેશ થઈ હોય એવું ફકત એક જ વાર બન્યું છે અને તે ૧૯૬૧, ૧૯૬૨ અને ૧૯૬૩ના ઉપરાઉપરી ત્રણ વર્ષોમાં! આવી 'હેટ્રિક' આ સિવાય ક્યારેય નથી નોંધાઈ!

'ભારત-રત્ન' અપાયા ન હોય તેવો સળંગ અને સૌથી લાંબો સમયગાળો ચાર વર્ષનો રહ્યો છે. ૧૯૬૭થી ૧૯૭૦ના એકધારાં ચાર વર્ષો દરમિયાન ભારત-રત્ન જાહેર થયા નહોતા.

'ભારત-રત્ન' - પ્રાપ્તિમાં વિશેષતા

'ભારત-રત્ન પુરસ્કારિત કુલ ૨૪ વ્યકિતઓમાં ૨૨ પુરુષો અને ૨ મહિલાઓનો સમાવેશ થાય છે.

વળી, આ ૨૪ વિભૂતિઓમાં સોળ રાજકીય ક્ષેત્રની, પાંચ સમાજસુધારક, એક વિજ્ઞાની, એક ઈજનેર અને એક શિક્ષણ-શાસ્ત્રી ને વિદ્વાનનો સમાવેશ થાય છે.

આ સર્વોત્તમ માન સૌથી પહેલું સન્માન ભારતના પહેલા અને છેલ્લા ગવર્નર - જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારીને આપવામાં આવ્યું હતું.

મરણોત્તર (મૃત્યુબાદ) ભારત-રત્નનો અલંકાર પાંચ વ્યકિતઓને અર્પણ થયો છે. જેમાં સૌપ્રથમ ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનો અને બાદમાં કે. કામરાજ, વિનોબા ભાવે, એમ. જી. રામચંદ્રન અને છેલ્લે ડૉ. બાબાસાહેબ આંબેડકરને મરણોપરાંત જાહેર થયા હતા.

મહિલાઓના ફાળે આ પારિતોષિક હજુ સુધી માત્ર બે સન્નારીને અપાયું છે, જેમાં સૌપ્રથમવાર શ્રીમતી ઈન્દિરા ગાંધીને અને પછી મધર ટેરેસાને તે મળેલ છે.

આ માનથી નવાજિત તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એમ. જી. રામચંદ્રન ચલચિત્ર-જગતની એકમાત્ર 'ભારત-રત્ન' પુરસ્કૃત વ્યકિત છે. ભારત-રત્ન વિભૂષિત વ્યકિતઓમાં આપણા ચાર રાષ્ટ્રપતિ અને ત્રણ વડાપ્રધાનોનો સમાવેશ થાય છે.

આ સર્વોચ્ચ સન્માન પ્રાપ્તકર્તા ૨૪ જણ પૈકી અત્યારે માત્ર બે વ્યકિતઓ જ હયાત છે : મધર ટેરેસા તથા નેલ્સન મન્ડેલા.

આ શ્રેષ્ઠ બહુમાન પ્રાપ્ત કરનાર 'સરહદના ગાંધી' ખાન અબ્દુલ ગફારખાન પ્રથમ વિદેશી નાગરિક હતા. જ્યારે 'દક્ષિણ આફ્રિકાના ગાંધી' ડૉ. નેલ્સન મન્ડેલા બીજા વિદેશી મહાનુભાવ છે! □

ઑક્તાવિઓ પાઝ

ઑકતાવિઓ પાઝને ૧૯૯૦નો સાહિત્ય માટેનો નોબેલ પુરસ્કાર એનાયત કરવાની જાહેરાતથી સાચી કવિતાના સુજ્ઞ ભાવકને અનેરો આનંદ થયો હશે. ૧૯૧૪માં ભારતીય અને સ્પેનિશ કુળમાં મેકિસકો નગરમાં જન્મેલા આ કવિએ પ્રથમ વિશ્વયુદ્ધ બાદ લેટિન અમેરિકામાં આલ્ફોન્ઝો રેઈઝ, ઝેવિયર વિલઉરુશિઆ, યોઝે ગોરોસ્તિઝા જેવા મેકિસકન નવ્ય કવિજૂથમાં પોતાની પ્રતિભાથી આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું. સત્તર વર્ષની ઉમરે મેકિસકોનાં સામયિકોમાં એમનાં કાવ્યો પ્રકટ થવા લાગ્યાં. પરંતુ એમની કવિતામાં પ્રૌઢિ આવી સ્પેનના આંતરવિગ્રહની અસરથી. આ આંતરવિગ્રહ દરમિયાન સરકારી અતિથિ તરીકે એમણે સ્પેનની મુલાકાત લીધેલી. યુદ્ધમોરચે એક યુવાન મિત્રને ખપી ગયેલો જોઈ 'એલિજિ ટુ અ યંગ ફ્રેન્ડ ડેડ એટ ધ ફ્રન્ટ' કાવ્યની રચના કરી અને એમની કાવ્યભાવના અને વિભાવનામાં પરિવર્તન આવ્યું. મૂળભૂત રીતે પ્રેમ, મૃત્યુ અને એકલતાના આ કવિની હવે પછીની રચનાઓમાં સ્વાતંત્ર્યનો રંગ ભળ્યો.

સ્પેનથી પાછા આવ્યા બાદ ૧૯૪૩ સુધી મેકિસકોમાં અને પછી ૧૯૪૫ સુધી ગગેનહેમ ફેલોશિપ પ્રાપ્ત કરી યુ.એસ.એ.માં અભ્યાસ કર્યો. પછી એમણે પેરિસની મુલાકાત લીધી. ત્યારપછી મેકિસકોની સરકારના રાજદૂત તરીકે ઘણાં વર્ષો પેરિસમાં ગાળ્યાં. એ પૂર્વે ફ્રાન્સમાં બ્રેતોંનો પરાવાસ્તવવાદનો ઢંઢેરો બહાર પડી ચૂક્યો હતો અને પરાવાસ્તવની સાહિત્યિક ચળવળે જોર પકડ્યું હતું. ઑકતાવિઓ આ ચળવળની અસર નીચે આવ્યા. એમને લાગ્યું કે આ સ્વપ્ન-કલ્પનાવલિમાં જ માનવ અને માનવ વચ્ચે જે દુર્ભેદ્ય દીવાલો ખડી થઈ છે તેને દૂર કરી શકાય. આમ , પરાવાસ્તવવાદ તરફ વળવાની એમની ભૂમિકા કેવળ સાહિત્યક નહિ, સામાજિક પણ હતી; કેવળ કળાલક્ષી નહિ, માનવતાલક્ષી પણ હતી.

મેકિસકોના રાજદૂત તરીકે એમણે લગભગ ૨૦ વર્ષમાં સાન ફ્રાન્સિસ્કો, ન્યૂ યૉર્ક, પેરિસ, તોકિયો, જીનિવા અને દિલ્હી આદિ સ્થળોએ વસવાટ કર્યો. ભારતમાં તેઓ મેકિસકોના રાજદૂત તરીકે ૧૯૬૨થી ૧૯૬૮ સુધી રહી ગયા હતા ત્યારે ભારતની લોકસંસ્કૃતિ અને ભારતીય દર્શનશાસ્ત્રો પ્રત્યે આકર્ષાયા હતા. ૧૯૬૪માં એમણે ફ્રેન્ચ મહિલા મારિ-યોઝે ત્રમિનિ સાથે લગ્ન કર્યું હતું. ૧૯૬૮માં ઑલિમ્પિક રમતોત્સવ ટાણે મેકિસકોની સરકારે વિદ્યાર્થીઓ પર દમન આચર્યું તેના વિરોધમાં તેમણે રાજદૂત તરીકે રાજીનામું ધરી દીધેલું. વળી, પોતે સ્થાપેલા સાહિત્યિક આલોચનાના સભ્યમંડળમાંથી પણ ત્યાંની સરકારે તેમાં દખલગીરી કરવા માંડી તેથી રાજીનામું આપી દીધું હતું. ૧૯૭૦માં એઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં લેટિન અમેરિકન સાહિત્યના અધ્યાપક તરીકે જોડાયા હતા. ૧૯૭૧માં ફરી મેકિસકો પાછા ફર્યા અને ૧૯૭૧થી ૭૨ હાર્વર્ડ યુનિવર્સિટીમાં કવિતા શિક્ષણના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. આ બધાં વર્ષો દરમિયાન એમની ગદ્ય અને પદ્યનાં ક્ષેત્રોમાં સર્જનપ્રવૃત્તિ સતત ચાલુ જ રહી હતી.



ઑક્તાવિઓ પાઝ

પરંતુ આંતરરાષ્ટ્રિય સ્તરે એક સત્ત્વશીલ અને મહત્ત્વના સર્જક તરીકે તેમના તરફ છેલ્લા એક દાયકા દરમિયાન લોકોનું ધ્યાન દોરાયું. અલબત્ત, એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'રસ્ટિક મુન' એમની ૧૯ વર્ષની વયે ૧૯૩૩માં પ્રકટ થયો હતો. આ સંગ્રહની કૃતિઓમાં કલાકીય ઘણી કચાશ હતી, તેવી પ્રતીતિને કારણે પછીના સંપાદનમાં એમણે એમાંના ઘણાં કાવ્યો પડતાં મૂક્યાં હતાં. ૧૯૩૭માં એમનો બીજો કાવ્યસંગ્રહ 'બિનીથ યૉર ક્લીઅર શેડોઝ', ૧૯૪૧માં ત્રીજો સંગ્રહ 'બિટ્વીન ધ સ્ટોન ઍન્ડ ધ ફ્લાવર' તથા ૧૯૪૨માં 'ઑન ધ શૉર ઑફ ધ વર્લ્ડ' પ્રકટ થયા. ૧૯૪૯-૫૦માં એમણે 'ઈગલ ઑર સન'ના શીર્ષકથી ગદ્યકાવ્યોનું સર્જન કર્યું, જેમાં ૧૯૫૦માં પ્રકટ થયેલા ગદ્યસંગ્રહ 'ધ લેબિરિન્થ ઑફ સોલિટ્યૂડ'થી તદ્દન જુદા પડ્યા. પરંતુ એમની પરિપક્વ સર્જકતાનો પ્રથમ એહસાસ તો ૧૯૫૭માં પ્રકટ થયેલા એમના દીર્ઘકાવ્ય 'સન સ્ટોન' ('સૂર્યપાષાણ')માં સહુને થયો. આ પૂર્વે એમણે ૧૯૫૩ અને ૧૯૫૪માં અનુક્રમે 'ધ રિવર' અને 'ધ બ્રોકન વૉટરજાર' નામક બે દીર્ઘકાવ્યોનું સર્જન કર્યું હતું. પરંતુ 'સૂર્યપાષાણ' કાવ્યમાં જે સ્વાપ્નિક વાસ્તવિકતા, પુરાકલ્પન-કથાઓ અને શૈશવી સ્મરણોનું કલારસાયણ સર્જ્યું છે તે અદ્ભુત છે !

ઉપનિષદો અને ઝેન બુદ્ધ ધર્મમાંની એમની શ્રદ્ધાએ એમને 'લિબર્ટી અન્ડર યૉર બ્રેથ' અને 'હિમ એમંગ ધ રુઈન્સ'જેવા સંગ્રહોની વૈશ્વિક સંવેદના તરફની રચનાઓ તરફ વાળ્યા હતા. ૧૯૫૮માં 'ધ વાયોલન્ટ સીઝન'શીર્ષકથી કેટલાંક દીર્ઘકાવ્યોનો જે સંગ્રહ એમણે પ્રકટ કર્યો (આમા જાણીતા 'સૂર્યપાષાણ') કાવ્યનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમનાં કાવ્યોમાં આધ્યાત્મિકતાના અંશો જોવા મળે છે. ૧૯૫૮ થી ૧૯૬૧ સુધીમાં લખાયેલાં કાવ્યોનો સંગ્રહ 'સેલેમેન્ડર' ૧૯૬૨માં પ્રકટ થયો, જેમાં મૃત્યુ અને પુર્નજન્મની રહસ્યમય છણાવટ કરતાં કાવ્યો છે. ભારતમાં મેકિસકોના રાજદૂત તરીકે રહ્યા તે દરમિયાન ભારતીય પુરાણોના પરિચયમાં આવ્યા તેમાંથી ભારતવાસ દરમિયાન સર્જાયેલાં કાવ્યોનો સંગ્રહ, 'ઈસ્ટર્ન સ્લોપ' પ્રકટ થયો. વળી, ૧૯૬૬માં એમણે પોતાની એક પ્રયોગાત્માક કાવ્યરચના 'બ્લેન્કો' પણ કરી.


૧૯૭૫માં એમણે 'અ ડ્રાફ્ટ ઑફ શેડોઝ' નામક આત્મકથનાત્મક દીર્ઘકાવ્ય પ્રકટ કર્યું.

એમનાં ગદ્ય અને પદ્ય બંનેમાં માનવાત્માના મૂળ પ્રશ્નોની અને માનવસમાજના પાયાનાં મૂલ્યોની કલાકક્ષાએ અભિવ્યકિત થયેલી છે. લગભગ પચીસેક ગદ્યપદ્ય સંગ્રહોના આ કવિને આ વર્ષે નોબેલ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. તે પહેલાં પણ એમની પ્રતિભાનું ગૌરવ થયેલું છે. ૧૯૮૧માં સ્પેનિસ સાહિત્યનું શ્રેષ્ઠ 'સર્વાન્ટીસ' પારિતોષિક પ્રાપ્ત થયું હતું. ૧૯૮૨માં અમેરિકાનું 'નેઉસ્ટાર' પારિતોષિક એનાયત થયેલું. આવા પ્રતિભાવંત અને પ્રાણવાન કવિને આપણાં અભિનંદન ! ધી.પ.

પેટ્રિક વ્હાઈટની વિદાય

આ વર્ષે ઑકતાવિઓ પાઝને નોબેલ પુરસ્કાર મળ્યાના સમાચારનો અપાર આનંદ છે તેની સાથે ૧૯૭૩માં નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ઑસ્ટ્રેલિયન સર્જક પેટ્રિક વ્હાઈટના તાજેતરમાં થયેલા નિધનથી અવસાદ પણ છવાયો છે. પેટ્રિક વ્હાઈટ દ્વારા ઑટ્રેલિયાને સાહિત્ય માટેનું પ્રથમ નોબેલ પારિતોષિક મળેલું. માતા રુથ વિથકોમ્બ. ૧૯૨૦માં એમનો જન્મ.

એમનું આખું નામ પેટ્રિક વિક્ટર માર્ટિનડેલ વ્હાઈટ. ઑટ્રેલિયામાં ન્યૂ સાઉથ વેલ્સમાં એમનો ઉછેર અને શરઆતનું શિક્ષણ. પછીથી એમણે ઈંગ્લેન્ડ જઈ ચેલ્ટનહામ અને કેમ્બ્રિજ યુનિવર્સિટીની 'કિંગ્ઝ કૉલેજ'માં અભ્યાસ કરી વિદ્યાર્થી-કારકિર્દી પૂરી કરેલી.



અભ્યાસ પૂરો કર્યા પછી બીજા વિશ્વયુદ્ધ દરમિયાન એમણે 'રૉયલ એર ફોર્સ'માં સેવાઓ આપી હતી. યુદ્ધ સમાપ્ત થતાં એઓ ઑટ્રેલિયા પાછા ફરેલા અને સિડનીની બહાર નાની એવી મિલકત પર જીવનગુજારો કરતા હતા. ૧૯૩૯માં એમની પહેલી નવલકથા 'હૅપિ વેલિ' ટૉમસ હાર્ડિ'ની અસર નીચે લખાયેલી. માનવના ભાગ્યમાં યાતના લખાયેલી જ છે એ પ્રધાન સૂર આ નવલકથામાંથી ઊઠે છે. ૧૯૪૧માં એમની બીજી નવલકથા 'ધ લિવિંગ એન્ડ ધ ડેડ' પ્રકટ થઈ, જેમાં એનાં પાત્રો પોતાના વ્યકિતત્વની શોધમાં લાગેલાં વર્ણવાયાં - નિરપાયાં છે. ૧૯૪૬માં 'ધી આન્ટ્સ સ્ટોરિ' નામક ત્રીજી નવલકથા પ્રકટ થઈ હતી, જેમાં એમણે પોતાના યુદ્ધવિષયક અનુભવોને વાચા આપી છે. પરંતુ ૧૯૫૫માં 'ધ ટ્રી ઑફ મૅન' નામક નવલકથા પ્રકટ થઈ ત્યારે આન્તરરાષ્ટ્રિય સ્તરે સહુ સાહિત્યરસિકોનું ધ્યાન એમના તરફ ખેંચાયું. આ નવલકથાના નાયક-નાયિકા સ્ટાન અને એમિ પાર્કર ગ્રામજીવન ગાળતાં હોય છે ત્યાં શહેરી સમાજનો સપાટો વાગે છે અને એમના નિવાસને ભરખી જાય છે, પરંતુ આથી નિરાશ થયાં વગર એ પતિપત્ની મન વાળીને હિંમતપૂર્વક પરિસ્થિતિને અનુકૂળ થઈ જીવનવિકાસ સાધે છે. ૧૯૫૭માં એમણે 'વોસ' નામની નવલકથા આપી તે 'મોબિ ડિક' અને 'રૉબિન્સન ક્રુઝો'ની પરંપરામાં આવે તેવી માનવીય સાહસ અને હિમ્મતની કથા છે. એવી એમની અન્ય નવલકથાઓ છેઃ 'રાઈડર્સ ઈન ધ ચેરિઅટ' (૧૯૬૧), 'ધ સોલિડ મેન્ડેલા' (૧૯૬૪), 'ધ વિવિસેક્ટર' (૧૯૭૦) અને 'આઈ ઑફ ધ સ્ટોર્મ' (૧૯૭૩).

આ ઉપરાંત એમણે 'ધ હામ ફ્યૂનરલ' (૧૯૪૭), 'ધ સીઝન એટ સરસાપરિલા' (૧૯૬૧), 'ધ ચીઅરિ સોલ' (૧૯૬૨) અને 'નાઈટ ઑન બાલ્ડ માઉન્ટન' (૧૯૬૨) નામક ચાર નાટ્યકૃતિઓ પણ આપી છે. ૧૯૬૪માં પ્રકટ થયેલી એમની ટૂંકી વાર્તા 'ધ બર્ન્ટ.વન્સ' પણ ત્યારે વખાણાયેલી.

નવલકથાકાર, નાટ્યકાર, અને વાર્તાકાર પેટ્રિક વ્હાઈટ પર જેમ્સ જોય્યસ, વર્જિનિયા વુલ્ફ અને ડી. એચ. લોરેન્સનો પ્રભાવ છે. યુરોપીય સંસ્કૃતિ અને સભ્યતાનાં મૂલ્યો અને મૂલ્યહ્રાસની સાથેસાથે મનુષ્યના વિશ્વ સાથેના સંબંધોની માવજત એમની કથાઓમાં જોવા મળે છે. ઑસ્ટ્રેલિયન સમાજનું એમણે મૌલિકપણે પોતાની કૃતિઓમાં સચોટ નિરૂપણ કર્યું છે. માનસશાસ્ત્રી નિરૂપણકળાએ ઑસ્ટ્રેલિયન સાહિત્યમાં જે નવો ખંડ ઊભો કર્યો છે તેની સ્વીકૃતિ સાથે સ્વિડિશ અકાદમીએ એમને માટે નોબેલ પુરસ્કારની ભલામણ કરેલી. આવા માતબર સાહિત્યસર્જકને હાર્દિક શોકાંજલિ !

- ધી.પ.

અવલોકનો

ટોળાં અવાજ ઘોંઘાટ

(લેખક : લાભશંકર ઠાકર, પ્રકાશક અને વિક્રેતા : આર. આર. શેઠની કું., પ્ર. આ. જૂન, ૧૯૯૦, ડિમાઈ પૃષ્ઠ સંખ્યા : ૧૧૬, મૂલ્ય : બત્રીસ રૂપિયા)

આધુનિક ગુજરાતી કવિતાનો એક નવો કાવ્યપ્રકાર તે મુકત દીર્ઘકવિતાનો. બદલાતી જતી યુગચેતનાને ઝીલતાં રૂઢ સ્વરૂપો અને વૃત્તો અનુકૂળ ન લાગતાં આપણા નવ્ય કવિઓએ આ અ-રૂઢ પ્રકાર અને અ-પદ્ય તરફ વળવાનું પસંદ કર્યું. આ નવ્ય કવિઓમાં એક બોલકો અવાજ તે લાભશંકર ઠાકરનો.

'બૂમ કાગળમાં કોરાં' પછીનાં અને 'લઘરો', 'પ્રવાહણ' અને 'કાલગ્રન્થિ' પૂર્વે રચાયેલાં અને વિવિધ સામયિકોમાં પ્રકટ થયેલાં લાભશંકર ઠાકરનાં ઓગણત્રીસ કાવ્યોનો આ સંગ્રહ મુખ્યત્વે એમની કાવ્યસર્જનપ્રક્રિયા અને ગૌણ ભાવે ભાષા, ઉપચાર, દંભ, કૃતકતા, કર્મકાણ્ડ, તર્કછલ જેવા વિષયો પરના એમના લાઉડ થિન્કિન્ગને વ્યકત કરે છે. મોટે ભાગે એમનો અવાજ દીર્ઘ એકોકિતનું સ્વરૂપ ગ્રહણ કરતો જણાય છે. આથી એમાં નાટ્યાત્મકતા, વાગ્મિતા અને પ્રત્યક્ષતાનાં લક્ષણો સીધાં ઊભરી આવે છે. અછાંદસના નાનાવિધ લય પણ અહીં મળે છે. સાથેસાથે કટાવ, દોહરા જેવા માત્રિક છેદોનાં

પરંપરિત રૂપ પણ મળે. પ્રયોગો અહીં મળે છે. એક ગરબાઢાળી રચનામાં એ કહે છે :

ઢાળથી ઊથલજી ઢળિશ રે જણ જીવો જી,
અધવચ પાથલજી મળિયા, રે જણ જીવો જી.

'કિંમત'ના પ્રાસમેળે બનતો 'ઈંચિંત' (૧૨) શબ્દ, 'નાબૂદ'ના સાદૃશ્યે સર્જાતો 'ના-બૂત' શબ્દ એમની સરપ્રાઈઝ સર્જતી સર્જકતાના દ્યોતક છે. આવાં સરપ્રાઈઝિઝ એ સહજતાથી સાધી શકે છે.

'ભાષા દ્વારા જ મારે ભાષાહીન બનવું છે' (૮૮)એ એમની ખોજ છે. 'મેં તો માત્ર ભાષાને ભાષા બનાવવાનો પ્રયાસ કર્યો છે' (૧૯) એ એમનો દાવોમાત્ર નથી, આ આત્મપ્રત્યય પણ છે. એમને લાગે છે કે એમની કાવ્યશોધ પૂરી થઈ નથી. 'હું અટકાવાનો નથી આ શોધમાં /હું છટકવાનો નથી આ શોધથી' (૨૨)માં પ્રકટ થતો એમનો સંકલ્પ એમની પાસે આગળ ઉપર 'પ્રવાહણ'જેવું વિલક્ષણ કાવ્ય સંપડાવે છે એ સૂચક છે.

લાભશંકર માટે કાવ્યરચના કોઈ રહસ્યગર્ભ ગૂઢગહન અમૂર્ત પદાર્થ નથી પણ એક ક્રીડન, 'કણ્ડુ ' કે 'વલૂર' છે. શબ્દ, વાક્ય અને પ્રાસની તીનપત્તીમાં એમને રસ પડે છે. એ કહે પણ છે કે, 'પ્રકટ થયા પછી પરખાય છે જ્યાં પંકિત/ત્યાં શેની ક્રાન્તદૃષ્ટિ?' (૪૨) જો કે આ રમતમાં લાભશંકરીય એકવિધતા હવે ઘણી દેખાય છે. પ્રાસમાંથી ફુટતા પ્રાસ, સાદૃશ્યજન્ય સાહચર્યો, વાગ્મિતાના ઢેર, ક્યારેક અનાવશ્યક લાગતી પ્રગલ્ભતા, વિશેષણબાજી - આ બધાનો અતિશય થાય છે ત્યારે ઓચાઈ જવાય છે. એ આનાથી સભાન છે. અને પ્રાસ-વાગ્મિતાને અવરોધરૂપ ગણે પણ છે. પણ આ માયા હજી એમને છોડતી નથી એ પણ એટલું જ સાચું છે.

'હું અટકવાનો નથી આ શોધમાં', 'બટકવું નથી આ ક્ષણે પણ', 'શોધત્રયી', 'ટોળાં અવાજ ઘોંઘાટ', 'પુત્તમતાય પુત્તાજી' રચનાઓ લાભશંકરીય વિત્ત પ્રકટ કરે છે તો 'લાગણી', 'જેમ કે', 'હેઈસો હેઈસો', ' ? ', 'ઢસડાય છે બધું' જેવી રચનાઓ ઢસડાતી કૃતકતાનો અનુભવ કરાવે છે. - સતીશ વ્યાસ

'કથાપ્રત્યક્ષ'

(લે. અને પ્ર.: વિજય શાસ્ત્રી, વિક્રેતા : રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. : ૧૯૯૦, ક્રાઉન પૃષ્ઠ સંખ્યા : ૧૮૪, મૂલ્ય : રૂ. ૩૬/-)

શાસ્ત્રીના કથાસાહિત્ય - વિષયક ચોવીસ લેખોના પ્રસ્તુત સંગ્રહમાં દસ લેખો નવલકથા વિશે અને ચૌદ લેખો વાર્તાઓ વિશેના છે. દોસ્તોએવ્સ્કી, સ્ટાઈનબેક જેવા વિદેશી; સુનીલ ગંગોપાધ્યાય, માસ્તિ વેંકટેશ આયંગર અને જયવન્ત દળવી જેવા પરપ્રાન્તીય અને કિશોર જાદવ, ચન્દ્રકાન્ત બક્ષી અને હરીન્દ્ર દવે જેવા ગુજરાતી સર્જકોની કૃતિઓને કેન્દ્રમાં રાખી એમણે પહેલા વિભાગમાં પ્રત્યક્ષ વિવેચના કરી છે. ગુજરાતી નવલકથાઓના અભ્યાસ દરમ્યાન એમનું વલણ સમીક્ષક તરીકેનું રહે છે જ્યારે વિદેશી અને પરપ્રાન્તીય નવલકથાઓના અભ્યાસમાં એ આસ્વાદક રહે છે.

બીજા વિભાગમાં જેમ્સ જોય્યસ, વ્લાદિમીર નૉબોકોવ, સૉલ બેલો, વિલિયમ પ્લોમર, મોપાસાં જેવા સર્જકોની વાર્તાઓની કૃતિલક્ષી તપાસ થઈ છે. મોપાસાંની 'બૉલ ઓફ હેટ' અને પ્લોમરની 'એવર સચ એ નાઈસ બૉય' વાર્તાઓની અનુક્રમે વસ્તુગત અને રચનાગત તપાસ ઝીણીઝીણી વિગતો સાથે થઈ છે. સુરેશ જોશીની 'વાતાયન', 'નળદમયંતી' અને 'એકદા નૈમિષારણ્યે' વિશે પણ શ્રદ્ધેય અને અભ્યાસપૂત વિવેચના મળે છે. પન્નાલાલ પટેલની 'વાત્રકને કાંઠે' અને ઈવા ડેવની 'આગંતુક' વિશેના શાસ્ત્રીના લેખો એમને તટસ્થ સમીક્ષક સિધ્ધ કરે એવા છે. આ ઉપરાંત સુમન શાહ, રાધેશ્યામ શર્મા, ઘનશ્યામ દેસાઈ અને ભગવતીકુમાર શર્માની પણ એકએક વાર્તા લઈને એમણે કૃતિલક્ષી તપાસ કરી છે.

પ્રસ્તુત સંગ્રહ વિજય શાસ્ત્રીને કથાસાહિત્યના એક અધિકારી સમીક્ષક સિધ્ધ કરી આપે છે. - સતીશ વ્યાસ

જળો (માધુકરી) અનુસંધાન પૃ. ૨૪૯ પરથી

સજજડ હોય છે કે એ જ્યાં વળગી હોય ત્યાંથી ખેંચવા છતાં એ છૂટી પડતી નથી. લોહી ચૂસવાની તેની ખાસિયતને કારણે આંધળાં ગડ કે ભારે સોજા ઉપર એકઠા થતા ખરાબ લોહીને ચૂસી લેવા ક્યારેક દાકતરો પણ તેનો ઉપયોગ કરે છે. જળોને જો પોતાની મેળે જ છૂટી પડવા દીધી હોય તો જ્યાં એ વળગી હોય ત્યાં લોહી પણ નીકળતું નથી. શહેરોમાં કેટલાક તેને કાદવમાં ઉછેર છે અને જ્યારે કોઈને વિકારી લોહી કાઢી નખાવવું હોય ત્યારે પૈસા લઈને તેઓ જળો મૂકી આપે છે.

આ લોહીચૂસ જળોનો એક વિશેષ ઉપયોગ શોધાયો છે. બાયૉફાર્મ લિમિટેડના બાયોટેક્નોલૉજિસ્ટોએ આ તુચ્છ જીવમાં એક નવું તત્ત્વ શોધ્યું છે. સાઉથ વેસ્ટમાં એક જળોફાર્મ સ્થાપીને ત્યાં તેઓ એમેઝોનના વરસાદી જંગલોમાં થતી જળોની એક જાતને પધ્ધતિસર ઉછેરે છે, અને તેનો ઉપયોગ વયસ્ક લોકોના અમુક પ્રકારના અંધાપાના ઉપચારમાં કરે છે. આ ઉપચારમાં એમેઝોન પ્રદેશની આ જળોના એક સ્રાવનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રૌઢોમાં સામાન્ય એવા 'ગ્લુકોમા'ના અંધત્વમાં એનો સફળતાપૂર્વક પ્રયોગ થયો છે. આ ઉપરાંત, આંખની પાછળ જામી જતા લોહીને દૂર કરવા હાલમાં શસ્ત્રક્રિયા કરવી પડે છે તેના બદલે આ જળોનું એક બીજું સિધ્ધ તત્ત્વ લઈને એક 'એન્ટિ કૉગ્યુલન્ટ' વિકસાવવાની પણ બાયૉફાર્મના નિષ્ણાતોની નેમ છે. આ રીતે જળોમાંથી ઔષધ તૈયાર કરવાનું સંશોધન તબીબીક્ષેત્રનું આધુનિક પ્રદાન છે.

'કુમાર'નાં નવાં પ્રકાશનો

૧૯૯૧થી 'કુમાર'ના જૂના અંકોમાંથી કાવ્ય, વાર્તા, ચરિત્ર વગેરેનું ચયન કરી ગ્રંથરૂપે તે પ્રકટ કરવાનું વિચારાયું છે. આ માટેની વિસ્તૃત યોજના આવતા અંકમાં પ્રકટ કરીશું. -તંત્રી

માધુકરી

સૂર્ય પણ અસ્પષ્ટ
એવું ધુમ્મસથી ધૂંધળું વાતાવરણ
હેમન્તના ઠંડા પવનથી કંપતું
વહેતી નદી, ઝૂલતું સરોવર
વૃક્ષ સૌ ઢંકાયેલાં
રસ્તા, મકાનો, વાહનો
આખીય તે નગરી
ખીચોખીચ જે ભરેલી
એકદમ એ ક્યાં ગઈ ?

-ઈન્દુકુમાર ત્રિવેદી ('ક્વચિત'માંથી)

પિંગળશી મેઘાણંદ ગઢવી

સંગીત-નાટ્ય અકાદમી દિલ્હીનો ઈ.સ.૧૯૯૦નો રાષ્ટ્રિય પુરસ્કાર ગુજરાતના લોકસાહિત્ય, ચારણી સાહિત્ય અને અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરાધક શ્રી પિંગળશી મેઘાણંદ ગઢવીને એનાયત થશે.

પિંગળશીભાઈએ માત્ર પાંચ ગુજરાતી સુધીનો જ અભ્યાસ કર્યો છે, છતાં એમની સર્જનાત્મક સૂઝ અને શકિત આશ્ચર્ય પમાડે એ કક્ષાની છે. આમાં, પિતાશ્રી મેઘાણંદભાઈ અને મોટાભાઈ મેરુભાઈનો ઘણો ફાળો છે, પરંતુ



હકીકતે પિંગળશીભાઈ જન્મજાત પ્રતિભાવંત કલાકાર છે. માત્ર સાહિત્ય સર્જન જ નહીં, પરંતુ એનું પ્રભાવી પ્રસ્તુતીકરણ એમની આગવી વિશેષતા છે. સાહિત્યમાં તો એમનું ઘણું યોગદાન છે. એમના પ્રદાનને આ પૂર્વે પુરસ્કાર તો અનેક પ્રાપ્ત થયેલ, પણ આ પુરસ્કારથી એમના પ્રદાનનું રાષ્ટ્રિય કક્ષાએ સન્માન થયું છે.

૨૭ જુલાઈ, ૧૯૧૪ને દિવસે પિંગળશીભાઈનો જન્મ સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારના છત્રાળા (તા. કુતીઆણા, જિ. જૂનાગઢ) ગામે થયેલો. બાલ્યાવસ્થાથી જ સાહિત્યિક વાતાવરણમાં ઉછેર થયો. એમની સ્મૃતિશકિત અને ગ્રહણશકિત ગજબની. છંદશિક્ષણ, કાવ્યશિક્ષણ માટેના અન્ય પાઠ બાલ્યાવસ્થા દરમ્યાન જ શીખી લીધેલા. એ બધું અને અન્ય સાહિત્ય પણ કંઠસ્થ. આનું સીધું પરિણામ જૂનાગઢના લોકસાહિત્યને મળ્યું. ઈ.સ. ૧૯૫૬થી ૧૯૬૬ના એક દાયકા સુધી અહીં રહીને એમણે અનેક કલાકારોનું ઘડતર કર્યું. કંઈ કેટલાક ખરા લોકઢાળ પિંગળશીભાઈને કંઠસ્થ છે. સાઠ જેટલા શિષ્યોને એ એમના તરફથી વારસામાં શિક્ષણ દરમ્યાન મળ્યા છે. ગુજરાત - સૌરાષ્ટ્રની કંઠસ્થ પરંપરાના અનેક લોકઢાળ આ નિમિત્તે આજ સુધી સચવાયા.

કાર્યક્રમ વખતે ગીતો પ્રસ્તુત કરવામાં શુદ્ધિનો એમનો આગ્રહ ખૂબ જ. આ કારણે તેઓ જ્યાં કાર્યક્રમ આપતા હોય ત્યાં ભાવિકો સસ્તા કે સ્થૂળ પ્રકારના મનોરંજનની અપેક્ષા જ ન રાખે. આ વ્યકિતમત્તા પિંગળશીભાઈએ આજ સુધી જાળવી રાખી છે. એમાંથી એમના કંઠસ્થ પરંપરા પરત્વેના સાચા અર્થપૂર્ણ અભિગમનો પરિચય મળી રહે છે.

ગુજરાત રાજ્યની અનેક સમિતિઓના સભ્યપદે રહીને પોતાના વિચારશીલ, અનુભવ-સંપન્ન, અને વસ્તુલક્ષી વ્યકિતત્વનો પરિચય કરાવેલો. 'લોકસાહિત્ય સલાહકાર સમિતિ' 'સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ', 'સંગીત નૃત્ય નાટ્ય અકાદમી' અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની 'મેઘાણી ચેર' જેવી સમિતિઓમાં સક્રિય રહીને અનેક નિર્ણયોમાં મહત્ત્વની ભૂમિકા પૂરી પાડેલી.

ઈ. સ. ૧૯૪૧માં 'પિંગલકાવ્ય' ગ્રંથથી એમની કાવ્યધારા વહેતી થયેલી, આજ સુધી એ અવિરતપણે વહી રહી છે, જેમાં 'ખેડૂત બાવની' (૧૯૫૭), 'સોરઠ સરવાણી', 'સરહદનો સંગ્રામ' (૧૯૬૨), 'આરાધ'(૧૯૭૩), 'વેણુનાદ' (૧૯૮૦), 'નિજાનંદ કાવ્યધારા' (૧૯૮૬), 'શિક્ષાપત્રી દોહાવલિ' (૧૯૮૮), 'છંદદર્શન' (૧૯૯૦) વગેરે સંગ્રહો ધ્યાનાર્હ છે. અહીંથી રાષ્ટ્રપ્રીતિ, ઉદાત્ત ભાવવિશ્વ અને માનવમાત્રના ઉત્કર્ષની ઝંખના કાર્યાન્વિત પદાવલિ તથા ઝડઝમકભર્યાં વર્ણનોને અનુષંગે પ્રકટે છે.

કાવ્યો ઉપરાંત ' દેપાળદે', 'ધૂંધલીમલ' અને 'યુગ અવતાર'જેવી પાંચેક ગીતિનાટિકાઓ, 'જશમા ઓડણ' (૧૯૬૮) અને 'ગાંધીકુળ' (૧૯૬૯) જેવી બેએક નવલકથાઓ પણ પિંગળશીભાઈએ સર્જી છે, અને પ્રકાશિત થઈ છે.

લોકવાર્તાના સંપાદનો તેમનું મહત્ત્વનું પ્રદાન છે. 'જીવનનાં જોખા' (૧૯૬૪), 'પ્રાગવડનાં પંખી' (૧૯૬૯), 'ખમીરવંતા માનવી ભાગ ૧,૨', (૧૯૭૨), અને 'નામ રહેતા ઠક્કરાં'(૧૯૮૦) એ એમના મહત્ત્વના ગણી શકાય એવા લોકવાર્તાના સંચયો છે. શૂરવીર, એકવચની, માનવતાવાદી અને રાષ્ટ્રિય અસ્મિતાના ઉદ્‌ગાતારૂપ પાત્રસૃષ્ટિ આ સંચયોની વાર્તાઓમાં દૃષ્ટિગોચર થાય છે.

ચારણી સાહિત્ય-લોકસાહિત્યના સન્નિષ્ઠ શિક્ષક, ગુજરાતમાં લોકસાહિત્યના વાતાવરણ નિર્માણમાં કલાકાર તરીકે તેમજ સમિતિઓનાં સભ્યપદેથી સક્રિય રહીને સેવાઓ આપનાર દૃષ્ટિપૂત સંયોજક, સાહિત્ય સર્જક અને કંઠસ્થ પરંપરાની ખરી કહેણીના કથનકલા જાણતા પિંગળશીભાઈ આપણી પ્રાચીન ઋષિ પરંપરાના અર્વાચીન ઋષિ છે. આવા ઋષિને પ્રાપ્ત થયેલું સન્માન આપણા સંસ્કાર જગતની એક ઘટના છે. એમને અભિનંદન. - બળવંત જાની

ઈટલીના નવલકથાકાર આલ્બર્તો મોરાવિઆનો વિલય

૧૯૦૭માં રોમના યહૂદી કુટુંબમાં જન્મ, સોળ વર્ષની વયે ક્ષયરોગનો ભોગ બનતા



ઉચ્ચશિક્ષણ ન લીધું. પણ બેથી ત્રણ વર્ષ જુદાં જુદાં સેનેટોરિયમમાં આરામ કરતાં એમણે સાહિત્ય પ્રત્યેની રુચિ કેળવી અને બોકાચિયો, એરિયોસ્તો અને શેક્સ્પિયરનો અભ્યાસ કર્યો, તબિયત સુધર્યા બાદ ટુરીન અને લંડનમાં એમણે પત્રકાર તરીકે કામ કર્યું. 'ધ ટાઈમ ઈન ડિફરન્સ'(૧૯૨૯) નામની પ્રથમ નવલકથામાં મધ્યમવર્ગને વાર્તાના કેન્દ્રમાં રાખી પ્રેમસંબંધ અને જીવનમૂલ્યોનો કેવો કરુણ અંજામ આવે છે, એ બતાવવા પ્રયત્ન કર્યો છે. ઈટલીના ફાસીવાદી રાક્ષસે સામાજિક વ્યવહારને ભરડો લીધો હતો તેથી લોકો તરફથી એ વખતે આવકાર ન મળ્યો. બીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગતા આલ્બર્તો અને તેમની પત્ની ઈલ્સ મોરાન્તીને ફાસીવાદથી બચવા માટે સતત સાબદા રહેવું પડ્યું.

અર્વાચીન જીવનની શૂન્યતામાંથી નીપજતી અનેક સમસ્યાઓની રજૂઆત ટૂંકી વાર્તા, નવલકથા અને નાટક દ્વારા કરી છે. આજની પરિસ્થિતિમાં લોકોનો પ્રેમસંબંધ છીછરો હોય છે, લોકમાનસના નીચલા પડમાં ઉદાસીનતા ઘર કરી ગઈ છે. પ્રેમશુદ્ધિ હોય તો માનવજીવનના વ્યવહારને એક નવો ઓપ આપી શકાય. લોકો સતત તનાવમાં રહીને જીવનશકિતને વ્યર્થ ખર્ચે છે. સાચા સર્જકે કોઈ પ્રસ્થાપિત હિતોની તરફેણમાં કે વિરુદ્ધમાં લખવાને બદલે તટસ્થપણે સમાજદર્શનનો વાસ્તવિક ચિતાર આપવો જોઈએ. મોરાવિઓ આવા સર્જક હતા. તેમની શ્રેષ્ઠ કૃતિઓ સર્વત્ર પ્રશંસાયેલી છે.

'ધ વુમન ઓફ રોમ' (૧૯૪૭) કૃતિમાં નવલકથાકારે એક નગરવધૂના પ્રેમસંબંધ અને અનેક પુરુષોના અમાનુષી વ્યવહારને ખૂબ જ હમદર્દીપૂર્વક રજૂ કર્યો છે. 'ધ કનફર્મિસ્ટ' (૧૯૫૧), 'રોમન ટેઈલ્સ' (૧૯૫૪), 'ધી એમ્પ્ટિ કેનવાસ' (૧૯૬૧) 'ધ લાઈ' (૧૯૬૬), 'ધ ટુ ઓફ અસ' (૧૯૭૧), 'મેન એઝ એન એન્ડ' (નિબંધસંગ્રહ) 'કલ્ચરલ રેવોલ્યૂશન ઈન ચાઈના' વગેરે એમની જાણીતી કૃતિઓ છે.

૧૯૬૧માં એમની સમગ્ર સાહિત્યિક સેવાને બિરદાવતા 'વિઓરેજિઓ' ઈનામ અર્પણ થયું હતું.

વાર્તા કહેવાની રીતમાં કોઈ નાવીન્ય હોય કે ચમત્કૃતિ હોય તો કોઈ પણ વિષય વાચક માટે રુચિકર બને એ મોરાવિઆની અપૂર્વ સિદ્ધિ છે. વિશ્વવ્યાપી વાર્તારસિકો એ વિરલ આત્માનું સ્મરણ કરશે.

- સુરેશ શુક્લ

ચાર પૈડાંના સંચાલનવાળી મોટરગાડી



વધતો જતો વાહનવ્યવહાર એ આધુનિક નગરનો ખૂબ જ મૂંઝવતો પ્રશ્ન છે. એમાંય વાહનોને પાર્ક કરવાની સમસ્યા તો માથાનો દુઃખાવો બની ગઈ છે. આવી સમસ્યાઓને હલ કરવાની દિશામાં જાપાને ચાર પૈડાંનું સંચાલન (Steering) કરતી મોટરગાડીની ક્રાન્તિકારી શોધ કરી છે. સામાન્ય ગાડીમાં સ્ટિઅરિંગ વીલ આગલાં બે પૈડાંનું જ સંચાલન કરે છે. સ્ટિઅરિંગ વીલ દ્વારા કેવળ આગલાં બે પૈડાંને જ ધાર્યો વળાંક આપી શકાય છે. પાછલાં બે પૈડાંને તો તેની પાછળ ઘસડાવું જ પડે છે.

જો આ પાછલાં બે પૈડાં આગલાં બે પૈડાંની સાથે ઘસડાવાને બદલે સમુચિત ગતિ કરતા હોય તો મોટરગાડીનું સંચાલન સરળ બની જાય છે. આવા ખ્યાલમાંથી આવી ચાર પૈડાંના સંચાલનવાળી ગાડીનું સર્જન થયું. સામાન્ય રીતે પૂરઝડપે જતી મોટરગાડીને સ્ટિઅરિંગ વીલ દ્વારા ડાબો કે જમણો વળાંક આપવામાં આવે ત્યારે પાછલાં બે પૈડાં તે રીતે સરળતાથી વળાંક લેવાને બદલે સ્થિતિસાતત્યના વૈજ્ઞાનિક સિદ્ધાંત અનુસાર તે સીધી ગતિમાં જ ઢસડાય છે. પરિણામે આગલાં અને પાછલાં પૈડાંની ગતિમાં સુમેળ રહેતો નથી. આથી ઝડપી ગતિએ વળાંક લેતી મોટરગાડીને લપસી જવાનો સતત ભય રહે છે. આવું ન થાય તે માટે જો મોટરગાડી પૂરઝડપે જતી હોય અને વળાંક લેવો હોય તો પ્રથમ વાહનચાલકે તેની ઝડપ ધીમી પાડી દેવી પડે છે, જેથી લપસી જવાના ભયમાંથી ગાડી ઊગરી જાય. પછી ધીમે ધીમે ઝડપ વધારી મૂળ ગતિ પ્રાપ્ત કરવામાં આવે છે. આમ વારંવાર કરવું પડતું હોવાથી પેટ્રોલ પણ વધુ વપરાઈ જાય છે. વળી, ચીલાચાલુ મોટરગાડી ટૂંકા માર્ગે તીવ્ર વળાંક લઈ શકતી નથી. સાંકડી જગ્યામાં મોટરગાડીને પાર્ક કરવાનું પણ આથી જ મુશ્કેલ બની જાય છે.

જ્યારે નવી શોધાયેલી ચાર પૈડાંના સંચાલનવાળી ગાડી ગમે તે ઝડપે ચાલતી હોય ત્યારે પણ તીવ્ર વળાંક લઈ શકે છે અને સાંકડી જગ્યામાં પાર્ક કરવાનું અને ખસેડવાનું અતિ સરળ બની જાય છે. આ ઉપરાંત આ પ્રકારની મોટર ધીમી ગતિએ ચાલતી હોય ત્યારે પાછલાં બે પૈડાં આગલાં બે પૈડાંની વિરુધ્ધ દિશામાં ફરતાં હોય છે, આથી મોટરગાડી વધુ તેજ



સાંકડી જગ્યામાં વળાંક લઈ શકતાં આગળ- પાછળનાં પૈડાં

સર્વધર્મસમભાવ

આપણાં વ્રતોમાં જે વ્રતને સહિષ્ણુતાને નામે ઓળખીએ છીએ તેને આ નવું નામ આપ્યું છે. સહિષ્ણુતા અંગ્રેજી શબ્દ 'ટૉલરેશન'નો અનુવાદ છે. એ મને ગમ્યો ન હતો, પણ બીજું નામ સૂઝતું ન હતું. કાકાસાહેબને પણ એ નહોતું ગમ્યું. તેમણે સર્વધર્મઆદર શબ્દ સૂચવ્યો. મને એ શબ્દ ન ગમ્યો. બીજા ધર્મોને સહન કરવામાં તેની ઊણપ માની લેવામાં આવે છે. આદરમાં મહેરબાનીનો ભાવ આવે છે. અહિંસા આપણને બીજા ધર્મો પ્રત્યે સમભાવ શીખવે છે. આદર અને સહિષ્ણુતા અહિંસા દૃષ્ટિએ પૂરતાં નથી. બીજા ધર્મો પ્રત્યે સમભાવ રાખવાના મૂળમાં પોતાના ધર્મની અપૂર્ણતાનો સ્વીકાર આવી જ જાય છે. અને સત્યની આરાધના, અહિંસાની કસોટી એ જ શીખવે. સંપૂર્ણ સત્ય જો આપણે જોયું હોત તો પછી સત્યનો આગ્રહ શો ? તો તો આપણે પરમેશ્વર થયા. કેમ કે સત્ય એ જ પરમેશ્વર છે એવી આપણી ભાવના છે. આપણે પૂર્ણ સત્યને ઓળખતા નથી તેથી તેનો આગ્રહ રાખીએ છીએ, જેથી જ પુરુષાર્થને' અવકાશ છે. આમાં આપણી અપૂર્ણતાનો સ્વીકાર આવ્યો. જો આપણે અપૂર્ણ, તો આપણે કલ્પેલો ધર્મ અપૂર્ણ. સ્વતંત્ર ધર્મ સંપૂર્ણ છે. તે આપણે જોયો નથી, જેમ ઈશ્વરને જોયો નથી. આપણે માનેલો ધર્મ અપૂર્ણ છે ને તેમાં નિત્ય ફેરફારો થયા કરે છે, થયા કરવાના. આમ થાય તો જ આપણે ઉત્તરોત્તર ચડી શકીએ, સત્ય પ્રતિ, ઈશ્વર પ્રતિ રોજને રોજ આગળ જતા જઈએ. અને જો મનુષ્યકલ્પિત બધા ધર્મ અપૂર્ણ માનીએ, તો પછી કોઈને ઊંચનીચ માનવપણું રહેતું નથી. બધા સાચા છે, પણ બધા અપૂર્ણ છે, તેથી દોષને પાત્ર છે. સમભાવ હોવા છતાં આપણે તેમાં દોષ જોઈ શકતા હોઈએ, પોતાનામાં પણ દોષ જોઈએ. એ દોષને લીધે તેનો ત્યાગ ન કરીએ, પણ દોષ ટાળીએ. આમ સમભાવ રાખીએ, એટલે બીજા ધર્મોમાં જે કંઈ ગ્રાહ્ય લાગે તેને પોતાના ધર્મમાં સ્થાન આપતાં સંકોચ ન થાય, એટલું જ નહીં પણ એમ કરવાનો ધર્મ પ્રાપ્ત થાય.

બધા ધર્મો ઈશ્વરદત્ત છે. પણ તે મનુષ્યકલ્પિત હોવાથી, મનુષ્ય તેનો પ્રચાર કરતો હોવાથી તે અપૂર્ણ છે. ઈશ્વરદત્ત ધર્મ અગમ્ય છે. તેને ભાષામાં મનુષ્ય મૂકે છે, તેનો અર્થ પણ મનુષ્ય કરે છે. કોનો અર્થ સાચો ? સહુ પોતપોતાની દૃષ્ટિએ, જ્યાં લગી એ દૃષ્ટિ વર્તે ત્યાં લગી, સાચા; પણ સહુ ખોટા પણ હોવાનો અસંભવ નથી. તેથી જ આપણે બધા ધર્મ પ્રત્યે સમભાવ રાખીએ. આમાં પોતાના ધર્મ પ્રત્યે ઉદાસીનતા નથી આવતી. પણ પોતાના ધર્મ પ્રત્યે પ્રેમ આંધળો મટી જ્ઞાનમય થાય છે, તેથી વધારે સાત્ત્વિક, નિર્મળ બને છે. બધા ધર્મ પ્રત્યે સમભાવ આવે તો જ આપણાં દિવ્યચક્ષુ ખૂલે. ધર્માંધતા ને દિવ્ય દર્શન વચ્ચે ઉત્તરદક્ષિણ જેટલું અંતર છે. ધર્મજ્ઞાન થતાં અંતરાયો ઊડી જાય છે અને સમભાવ પેદા થાય છે. આ સમભાવ કેળવતાં આપણે આપણા ધર્મને વધારે ઓળખવાના.

અહીં ધર્મઅધર્મનો ભેદ નથી ટળતો. અહીં જે અંકાયેલા ધર્મો તરીકે આપણે જાણીએ છીએ તેમની વાત છે. આ બધા ધર્મોમાં મૂળ સિદ્ધાંતો એક જ છે. તે બધામાં સંત સ્ત્રીપુરુષો થઈ ગયાં છે, આજે પણ મોજૂદ છે. એટલે ધર્મો પ્રત્યેના સમભાવમાં ને ધર્મીઓ - મનુષ્યો પ્રત્યેના સમભાવમાં કંઈક ભેદ છે. મનુષ્યમાત્ર-દુષ્ટ અને શ્રેષ્ઠ પ્રત્યે, ધર્મી અને અધર્મી - પ્રત્યે સમભાવની અપેક્ષા છે, પણ અધર્મ પ્રત્યે કદી નહીં.


ત્યારે પ્રશ્ન એ થાય છે કે ઘણા ધર્મો શાને સારું જોઈએ ? ઘણા ધર્મો છે એ આપણે જોઈએ છીએ. આત્મા એક છે, મનુષ્યદેહ અસંખ્ય છે. દેહની અસંખ્યતા ટાળી નહીં ટળે, છતાં આત્માના ઐક્યને આપણે ઓળખી શકીએ છીએ. ધર્મનું મૂળ એક છે, જેમ વૃક્ષનું; પણ તેને પાતરાં અસંખ્ય છે.

૨૩-૯-૩૦ — ગાંધીજી

વળાંક આસાનીથી લઈ શકે છે અને સાંકડી જગ્યામાં પણ ગાડીને 'યુ-ટર્ન' આપી શકાય છે. હવે તો વળી એમાં કૉમ્પ્યૂટરની મદદ ઉમેરાઈ છે. આ પ્રકારની કોમ્પ્યૂટરવાળી મોટરગાડીમાં પાછળનાં પૈડાને મોટરચાલકે ગતિની દિશા આપવાની રહેતી નથી. જેમ કે ગાડી ૨૫ માઈલથી ઓછી ગતિએ જતી હોય તો કૉમ્પ્યૂટર પાછલાં પૈડાંને આગલાં પૈડાંની ગતિથી વિરુદ્ધ દિશામાં ગતિ કરવાની સૂચના આપે છે અને તેજ વળાંક લઈ શકાય છે. જો ૨૫ માઈલથી વધુ ઝડપે ગાડી ચાલતી હોય તો વળાંક વખતે કૉમ્પ્યૂટર પાછલાં પૈડાંને આગલાં પૈડાંની ગતિની દિશામાં જ ધકેલે છે. અને આ વળાંક વધુમાં વધુ ૬° જેટલો હોય છે. આમ, ગાડીનું સંચાલન અને વહન સરળ અને કરકસરભર્યું બને છે. હેન્રી ફોર્ડે મોટરની શોધ કરી ત્યાર પછીથી આ ચાર પૈડાંના સંચાલનવાળી ગાડીની શોધ એ ક્ષેત્રનો નવો વિક્રમ વિકાસ સૂચવે છે. (સંકલિત)

જળોમાંથી નવી દવા

પાણી અને કાદવમાં થતા કાળા, પાતળા, ચપટા, લાંબા કૃમિ જેવા આ જીવ - જળોનું નામ જેટલાએ સાંભળ્યું હશે તેમાંના બહુ ઓછાએ એને જોયો હશે. તેનું પેટ મોટું હોય છે અને તે માંહેની કોથળી વિસ્તાર પામી શકે તેવી સ્થિતિસ્થાપક હોય છે. પોતાની ચૂસણીથી આંદોલિત ગતિ દ્વારા જળો પાણીમાં તરે છે. ગંદા પાણીનો મેલ, તેમાં થતા પોરા વગેરે ઉપર જળો નભે છે. આવા ગંદા પાણીમાંથી એ ઢોર કે માણસ વગેરે પ્રાણીને વળગે છે અને તેમનું લોહી ચૂસે છે. આ રીતે લોહી ચૂસીચૂસીને એ અત્યંત ફુલી જાય ત્યારે આપમેળે જ એ છૂટી પડી ખરી પડે છે. પણ એની પકડ એવી



વિવિધ પ્રકારની જળો

અનુસંધાન પૃષ્ઠ ૨૪૯ ઉપર

રાજાભી દુઃખીઆ, રંકભી દુઃખીઆ, મહિપત દુઃખીઆ વિકારમેં;
વિના વિવેક ભેખભી દુઃખીઆ, ઓધા એક સંત સુખી સંસાર મે.

ફરીદપુરના ન્યાયાધીશે એક નામી લુટારાને સજા કરી. આથી ઉશ્કેરાઈ લુટારાએ કહ્યું કે જેલમાંથી છૂટ્યા પછી એ તેનું ચોક્કસ વેર વાળશે. અને ખરેખર સજા પૂરી કરી આવ્યા બાદ તેણે એ ન્યાયાધીશના ઘરને આગ લગાડી, જેમાં તમામ સ્થાવર-જંગમ મિલકત ખાક થઈ ગઈ. ન્યાયાધીશ માત્ર પોતાના નાના પુત્ર સાથે પહેર્યે કપડે બચી શક્યા. લુટારો તરત ઝડપાઈ ગયો, પણ પશ્ચાત્તાપથી એ ગળગળો થઈ ગયો. કહે, 'મને કોઈ કામધંધો અપાવો તો આ ધંધો છોડી દઈશ.' ન્યાયાધીશે જ એને પોતાને ત્યાં નોકર તરીકે રાખી લઈ પોતાના પુત્રને નિશાળે લઈ જવા-લાવવાનું કામ તેને સોંપ્યું.

એ ન્યાયાધીશ તે ભગવાનચન્દ્ર બોઝ, અને તેનો પુત્ર તે વિખ્યાત વિજ્ઞાની જગદીશચન્દ્ર બોઝ.

—

કહેવત

મૃગશર ન વાયા વાયરા,
આદરા ન વુઠા મેહ;
જોબન ન જાયો બેટડો,
ત્રણે હાર્યાં તેહ.

સમય વીતી ગયા પછી જે થાય તે નિરર્થક હોવા વિષેનો આ એક દોહરો છે. આ જ અર્થની બીજી કહેવતો :

જુવાનીનું રળ્યું અને પાછલી રાતનું દળ્યું
શિયાળાની ખેડ અને જુવાનીમાં દીકરો.
ગયો મેહ આવે, પણ ગઈ ખેડ આવે નહિ.
રાંડ્યા પછી રળે, ને રાંધ્યા પછી બળતું બળે.
ઘડપણનો દીકરો, તે કારજમાં ગોળ માગે.

—

દાઢી કરવા માટેના બ્રશના વાળ લાંબે ગાળે ઘસાઈને ટૂંકા થઈ જાય ત્યારે એ બ્રશ હજામત માટે નકામું લાગે છે. પણ તેને ફેંકી ન દેતા. બીજા ઘણા કામમાં એ આવી શકે. દા.ત. : કોઈ મશીન પરની ધૂળ સાફ કરવામાં કે કેનવાસના સફેદ બૂટ ઉપર બ્લેન્કો (ચોક) લગાડવામાં એ સરસ કામ આપશે.

ડામરના ડાઘ ઉપર જરા પેટ્રોલ નાખીને ઘસવાથી તે તુરત જતા રહેશે.

—

મોસંબીનું ઝાડ બરાબર સચવાય તો ૩૦૦ વર્ષ જીવે છે અને લગભગ ૧૦૦ વર્ષ સુધી ફળ આપે છે.

—

અરેબિયન નાઈટ્સની અલાદીન અને તેના જાદુઈ ચિરાગની વાર્તા દુનિયાના એકેએક સાહિત્યમાં અનુવાદ પામી છે.

—

ઍંગ્લો-સૅક્સન કાયદામાં બધા માણસની કિંમત નાણામાં ગણાતી. ખેડૂતની જિંદગીની કિંમત ૨૦૦ શિલિંગ, ઉમરાવની જિંદગીની કિંમત ૧૨૦૦ શિલિંગ અને રાજાની જિંદગીની કિંમત ૭૨૦૦ શિલિંગ લેખાતી.

—

નુરેનબર્ગના પીટર હેનલિને પહેલવહેલું 'ટાઈમપીસ' ઘડિયાળ બનાવેલું. હાલ તે ફિલાડેલ્ફિયાના ફેરમાઉન્ટ પાર્કના મ્યૂઝીઅમમાં છે. ફાધર ફ્રેડરિક પિસ્ટોરિયસે એ ઘડિયાળ માર્ટિન લ્યૂથરને ભેટ આપેલું. તેનો સ્વીકાર કરતાં લ્યૂથરે લખેલું : સમય સાચવનારી આ ઉત્તમ વસ્તુની રચના સમજવા માટે આપણા વિજ્ઞાનીઓના શિષ્ય બનવાની મને ઇચ્છા થાય છે.

—

આકાશમાંથી પડતો બરફ ધોળો દેખાય છે ખરો, પણ ખરી રીતે પાણીની માફક તેને કોઈ રંગ હોતો નથી.

—

ગણિતગમ્મત : ૧૪૨૮૫૭ એ એવી રકમ છે કે જેને ૧ થી ૬ સુધીના કોઈપણ અંકથી ગુણતાં એના એ જ આંકડાઓ ગમે ત્યાંથી શરૂ થઈને એ જ ક્રમમાં આવ્યા કરશે. જુઓ :

૧૪૨૮૫૭ X ૨ = ૨૮૫૭૧૪
૧૪૨૮૫૭ X ૩ = ૪૨૮૫૭૧
૧૪૨૮૫૭ X ૪ = ૫૭૧૪૨૮
૧૪૨૮૫૭ X ૫ = ૭૧૪૨૮૫
૧૪૨૮૫૭ X ૬ = ૮૫૭૧૪૨

પણ જ્યારે ૧૪૨૮૫૭ ને ૭ વડે ગુણશો તો જવાબમાં ૯૯૯૯૯૯ આવશે !

—

વિપ્લવકાળમાં ફ્રાંસની ક્રાંતિકારી અદાલતે ઑગસ્ટ દ'ઓયરન નામના એક શ્રીમંતને મોતની સજા ફટકારી. એની આંખે પાટો બાંધી ચાર સૈનિકો રાતે એનો શિરચ્છેદ કરવા લઈ ગયા. મોતની ઘડીએ જ્યારે એને નીચો નમાવવામાં આવ્યો ત્યારે એકાએક પોતાની આંખ પરનો પાટો દૂર કરી એણે પોતાના ખિસ્સામાં હતી તેટલી - પચીસ જેટલી - સોનાની ગીનીઓ ઉછાળીને ફેંકી. પેલા સૈનિકો એ વીણવા દોડ્યા એ તકનો લાભ લઈ દ'ઓયરન રાતના અંધારામાં નાઠો. એ પછી તો એ બીજાં ૪૨ વર્ષ સુધી જીવ્યો હતો.

—

તલના તેલમાં લસણની થોડી કળીઓ કકડાવીને તેલને ઠંડું પડવા દઈ બાટલીમાં ભરી રાખવું. રાત્રે સૂતી વખતે બંને કાનમાં તેના ચારપાંચ ટીપાં નાખતા રહેવાથી ઠંડીની ઋતુમાં કાનનું જતન થશે. કાન દુખતો હોય ત્યારે પણ આ ઉપાય કારગત નીવડે છે.

—

નાના બાળકને નવા જોડા પહેરાવતાં પહેલાં તેમાં શંખજીરાની ભૂકી છાંટીને વાપરવાથી જોડા સુંવાળા રહેશે.



કલાકણિકા : તક્ષશિલામાંથી મળી આવેલા ૩-૪થી સદીના આ ટચૂકડા પેન્ડન્ટમાં મધ્યમાં હારિતીની આકૃતિ ઉપસાવીને તેની ફરતે મોતી તથા માણેકના જડતરવાળી કિનારનું શોભન કરેલું છે.